Thursday 27, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૯૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## દમણ કોસ્ટગાર્ડમાં વૈદિક રક્ષાબંધન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૬ :** કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ સ્થિત તટરક્ષક એર સ્ટેશન ખાતે વૈદિક રક્ષાબંધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી આશારામ બાપુ ની પ્રેરણા અને આશીર્વાદથી મહિલા ઉત્થાન મંડળ, દમણ-વાપી-સેલવાસ મહિલા ઉત્થાન મંડળની બહેનોએ તટરક્ષક દળના અધિકારીઓ અને જવાનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.

કાર્યક્રમમાં તટરક્ષક દળના ડીઆઈજી આલોક નેગી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે તટરક્ષક દળનો સ્થાનિક સમુદાય સાથે ગાઢ આત્મીય સંબંધ છે. દરિયામાં જીવન બચાવવું, માછીમારોનું રેસ્ક્યુ કરવું તેમજ આપત્તિના સમયે રાહત અને બચાવ કામગીરીમાં તટરક્ષક દળ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

મહિલા મંડળની બહેનોએ જવાનોને રાખડી બાંધી, આરતી ઉતારી અને મીઠાઈ ખવડાવી હતી. આ પ્રસંગે મહિલા ઉત્થાન મંડળની સેજલ બહેને જણાવ્યું હતું કે દેશની દરિયાઈ સરહદોની સુરક્ષામાં તટરક્ષક દળના જવાનો મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. જવાનો પોતાના પરિવારથી દૂર રહીને દેશની સેવા અને સુરક્ષા માટે સતત ફરજ બજાવે છે. આવા સમયે રક્ષાબંધનના પર્વે જવાનો સાથે ઉજવણી કરવી તેમના પ્રત્યે સન્માન અને આત્મીયતાનું પ્રતીક છે. કાર્યક્રમ દરમિયાન જવાનો અને બહેનો વચ્ચે ભાઈ-બહેનના સ્નેહ સાથે રાષ્ટ્રસેવા અને દેશભક્તિની ભાવનાનો ભાવપૂર્ણ સંગમ જોવા મળ્યો હતો.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશભરના યુવાનોને વર્ચ્યુઅલી સંબોધિત કરશે

## આજે ધરમપુરમાં બે સ્થળોએ 'ખેલ કી બાત પીએમ કે સાથ' યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** રાષ્ટ્રીય રમતગમત દિવસ નિમિત્તે યુવા બાબતો અને રમતગમત મંત્રાલય, ભારત સરકારના માય ભારત દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સહયોગથી તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે દેશવ્યાપી કાર્યક્રમ 'ખેલો ઈન્ડિયા સંવાદ' ખેલ કી બાત ભ્પ્ કે સાથ' નું આયોજન કરવામાં આવ્યું છે. વલસાડ જિલ્લામાં આ કાર્યક્રમનું આયોજન ધરમપુર ખાતે બે સ્થળે શ્રીમદ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર અને વનરાજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર ખાતે થશે. આ કાર્યક્રમ દેશવ્યાપી 'વિકસિત ભારત યુવા કનેક્ટ' પહેલનો ભાગ છે, જે અંતર્ગત દેશભરના ૧,૬૦૦થી વધુ સ્થળોએ ૮ લાખથી વધુ યુવાનો ભાગ લેશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દેશભરના વિવિધ સ્થળોએ ઉપસ્થિત યુવાનોને વર્ચ્યુઅલી સંબોધિત કરશે. આ સંવાદમાં રમતગમત, ફિટનેસ, શિસ્ત, નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા પર ભાર મૂકવામાં આવશે. આ કાર્યક્રમના મહત્વ અંગે આયુષ ચૌધરી, જિલ્લા યુવા અધિકારી, માય ભારત વલસાડએ જણાવ્યું કે, દેશના રમતગમત ક્ષેત્રના વિકાસમાં યુવાનોની સક્રિય ભાગીદારી ખૂબ મહત્વપૂર્ણ છે. તેમણે વલસાડ જિલ્લાના યુવાનોને કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક જોડાવા તથા ગ્રાસરૂટ સ્તરે રમતગમતના વિકાસ અને પ્રોત્સાહન માટે નવીન અને વ્યવહારુ વિચારો રજૂ કરવા આહ્વાન કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન યુવાનોને જાણીતા રમતવીરો સાથે સંવાદ કરવાની તેમજ ભારતના રમતગમત ક્ષેત્રના વિકાસ અને વિવિધ પહેલો અંગે જાણવાની તક મળશે. સાથે જ 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ક્વિઝ' નું પણ આયોજન કરવામાં આવ્યુ છે.

માય ભારત વલસાડ દ્વારા જિલ્લાના વધુમાં વધુ યુવાનોને રમતગમત, યુવા નેતૃત્વ અને રાષ્ટ્રનિર્માણના આ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લેવા અપીલ કરવામાં આવે છે.







## વાપીમાં રક્ષાબંધને બહેનો માટે સીટીબસમાં મફત મુસાફરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** સ્નેહના બંધનના પાવન તહેવાર રક્ષાબંધન નિમિત્તે વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરની મહિલાઓ અને દીકરીઓ માટે ખાસ ભેટની જાહેરાત કરવામાં આવી છે.

વાપી મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮/૦૮/૨૦૨૬, શુક્રવાર ના રોજ રક્ષાબંધનના શુભ અવસર પર મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના (સીટીબસ ) અંતર્ગત વાપી સીટી બસ સર્વિસમાં બધી જ દીકરીઓ , મહિલાઓ માટે મફત મુસાફરીની જાહેરાત કરવામાં આવી છે. મહાનગરપાલિકાએ જણાવ્યું હતું કે, રક્ષાબંધનના દિવસે બહેનો પોતાના ભાઈને રાખડી બાંધવા સરળતાથી અને સુરક્ષિત રીતે પહોંચી શકે તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ દિવસે શહેરમાં દોડતી તમામ સીટી બસોમાં મહિલાઓ અને બાળકીઓ કોઈપણ ટિકિટ વિના મુસાફરી કરી શકશે.

## વલસાડમાં પશુ સ્મશાનગૃહનો કોઈ જ ઉપયોગ નહીં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ નગરપાલિકા દ્વારા પારડી સાંઢપોર ગામે ઔરંગા નદી કિનારે આવેલી ડમ્પિંગ સાઈટ પર રૂપિયા ૭૫ લાખના ખર્ચે પશુ સ્મશાનગૃહ મંજૂર કરી તેનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. જોકે, એક વર્ષ વીતવા છતાં આ સ્મશાનગૃહ આજ દિન સુધી કાર્યરત કરવામાં આવ્યું નથી.

વલસાડ શહેર અને આસપાસના વિસ્તારોમાં મૃત્યુ પામતી ગાયો અને અન્ય પશુઓના સન્માનજનક અંતિમ સંસ્કાર માટે ગૌરક્ષકો દ્વારા લાંબા સમયથી પશુ સ્મશાનગૃહની માંગ કરવામાં આવી રહી હતી. આ માંગણીને ધ્યાને લઈને વલસાડ નગરપાલિકા દ્વારા રૂપિયા ૭૫ લાખના ખર્ચે સ્મશાનગૃહનું નિર્માણ પારડી સાંઢપોર ગામ, ઔરંગા નદી કિનારે ડમ્પિંગ સાઈટ પાસે બાંધકામ સંપૂર્ણ પૂર્ણ થઈ ગયું હોવા છતાં લોકાર્પણ કે સંચાલન વિના ધૂળ ખાઈ રહ્યું છે.

આ સુવિધા તૈયાર થઈ ગઈ હોવા અંગે સ્થાનિક ગૌરક્ષકો કે સામાજિક સંસ્થાઓને પાલિકા તંત્ર દ્વારા કોઈ સત્તાવાર જાણ પણ કરવામાં આવી નથી. લાખો રૂપિયાના જાહેર નાણાંનો ખર્ચ કર્યા બાદ પણ સુવિધા શરૂ ન થતાં સ્થાનિક જીવદયા પ્રેમીઓ અને ગૌરક્ષકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ગૌવંશના સન્માનજનક અંતિમ સંસ્કાર માટે આ સ્મશાનગૃહને વહેલી તકે કાર્યરત કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

## આજે વાપીમાં ૭૭મો વન મહોત્સવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપી મહાનગરપાલિકા કક્ષાનો સામાજિક વનીકરણ વિભાગ વલસાડ દ્વારા ૭૭ માં વન મહોત્સવની ઉજવણી એક પેડ મા કે નામ અંતર્ગત વન મહોત્સવ તારીખ ૨૭-૮-૨૦૨૬ને ગુરૂવારના રોજ નામધા રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કેમ્પસ ખાતે સવારે ૧૦:૩૦ કલાકે વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષ સ્થાને યોજાશે આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ધારાસભ્ય રમણલાલ પાટકર, જીતુભાઈ ચૌધરી, અરવિંદભાઈ પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, કમિશનર એન.એસ. ચૌધરી તથા દક્ષિણ વન વિભાગના ડી.એન. રબારી તથા નાયક વન વિભાગ ના આર.આર ચૌધરી સહિતના ઉપસ્થિત રહેશે

## રૂમલામાં દવા પી વૃદ્ધે જીવન ટુકાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૨૬ :** ચીખલી તાલુકાના રૂમલા ગામના ચીરપાડા ફળિયા ખાતે રહેતા મણિલાલ ઢેડુ ભાઈ ભોયા ઉ.વ. ૫૮ જેણે તારીખ ૧૦. ૮. ૨૬ ના રોજ સાંજના સમયે કોઈ અગમ્ય કારણોસર કચરું મારવાની દવા પી લીધી હતી જેને ૧૦૮ ની સુવિધા મારફતે ધરમપુર સાંઈનાથ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેની સારવાર ચાલી રહી હતી. દરમિયાન આજરોજ બપોરના સમયે સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાની જાણ સાઈનાથ હોસ્પિટલના ડોક્ટરે ચીખલી પોલીસને જણાવ્યું હતું.



## દુધનીમાં બોટ સ્પર્ધા યોજાઈ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૬ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ પટેલના નેતૃત્વ હેઠળ, દાદરા અને નગર હવેલીના જિલ્લા વહીવટીતંત્રે વિકાસ યાત્રાના ૧૦ ગૌરવપૂર્ણ વર્ષો પૂર્ણ થયાની ઉજવણી માટે આજે વાઘચોરા-દુધની રોડ પર પેનોરેમિક વ્યૂ ખાતે એક ભવ્ય બોટ રેસ સ્પર્ધાનું આયોજન કર્યું હતું.

સ્પર્ધાનું ઉદ્ઘાટન લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ, સેલવાસ મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખ અને ઉપપ્રમુખ, મ્યુનિસિપલ કાઉન્સિલરો અને અન્ય ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. દાદરા અને નગર હવેલીના વિવિધ ગ્રામ પંચાયત વિસ્તારોના સૈનિકો અને બોટમેનોએ બોટ રેસ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સહભાગીઓએ ખૂબ જ ઉત્સાહ અને ઉત્સાહ સાથે ભાગ લીધો હતો, અને કૌંચા અને દૂધનીના કુદરતી અને મનોહર વાતાવરણમાં યોજાયેલા આ કાર્યક્રમે સ્થાનિક લોકો અને હાજર દર્શકોમાં વિશેષ ઉત્સાહ જગાવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત જન-તિનિધિઓ અને અધિકારીઓએ ભાગ લેનારાઓને પ્રોત્સાહિત કર્યા અને છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં થયેલી વિકાસ સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો.

સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનારા વિજેતાઓને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિકાસ સિદ્ધિઓ તેમજ સ્થાનિક સંસ્કૃતિ, રમતગમત અને સમુદાય ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો. દૂધનીમાં યોજાયેલી આ બોટ રેસ સ્પર્ધાએ પ્રદેશની કુદરતી સુંદરતા અને સ્થાનિક પ્રતિભા દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડ્યું, અને વિકાસની સાથે સાથે જનભાગીદારી અને સમુદાય ભાવનાના સંદેશને મજબૂત બનાવ્યો હતો.



દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# સ્થાનિક સમાચારો

●આહવા ● સાપુતારા ● વાંસદા ● ચીખલી ● ખેરગામ ● ગણદેવી ● બીલીમોરા



# રંગપુર પ્રા. શાળાને આચાર્ય અને ટીમ એ 'ધ નેક્સ્ટ જનરેશન ગવર્મેન્ટ સ્કુલ'માં ફેરવી

## શાળાના આચાર્યએ તૈયાર કરેલા ૩૬૫ દિવસના ગણિત-વિજ્ઞાન કેલેન્ડર અને ક્યુઆર કોડ આધારિત શિક્ષણ પદ્ધતિના કારણે છેલ્લા ૩ વર્ષમાં શાળાના ૮૯ વિદ્યાર્થીઓએ સરકારી મેરિટ પરીક્ષાઓમાં શ્રેષ્ઠ સ્થાન મેળવ્યું છે





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના એક દુર્ગમ ગામ રંગપુરમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાને 'ધ નેક્સ્ટ જનરેશન ગવર્મેન્ટ સ્કૂલ' માં ફેરવવાનું અશક્ય લાગતું કામ આચાર્ય નિતિનકુમાર મહેન્દ્રકુમાર પાઠક અને તેમની ટીમે શક્ય કરી બતાવ્યું છે. વર્ષ ૨૦૧૫ માં પોતાના ઘરથી ૭૨ કિ.મી. દૂર આ શાળામાં બદલી કરાવીને આવેલા નિતિનકુમારે ગામના લોકોના સહયોગ અને લોકભાગીદારીથી આશરે રૂા.૧.૪૮ કરોડનું દાન એકઠું કરીને શાળાનું આખું ચિત્ર બદલી નાખ્યું.

અહીં અભ્યાસ કરતી દીકરીઓ હિન્દી ભાષામાં પોતાની શાળાના ન્યૂઝ બુલેટિન એન્કર કરે છે, વિદ્યાર્થીઓ ૧૦૮ વર્કિંગ મોડલ્સવાળા સાયન્સ સેન્ટરમાં -યોગો કરે છે અને વર્ગખંડમાં જ ટેબ્લેટ તેમજ ટચ સ્ક્રીન વડે ટેકનોલોજી આધારિત શિક્ષણ મેળવે છે. નિતિનભાઈએ જ તૈયાર કરેલા ૩૬૫ દિવસના ગણિત-વિજ્ઞાન કેલેન્ડર અને QR કોડ આધારિત શિક્ષણ પદ્ધતિના કારણે છેલ્લા ૩ વર્ષમાં શાળાના ૮૯ વિદ્યાર્થીઓએ સરકારી મેરિટ પરીક્ષાઓમાં શ્રેષ્ઠ સ્થાન મેળવ્યું છે. ખાનગી શાળાઓ છોડીને બાળકો હવે આ સરકારી શાળામાં પ્રવેશ લઈ રહ્યા છે.

શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવનારા અને સેંકડો આદિવાસી બાળકોના ભવિષ્યને ઉજ્જવળ બનાવનારા આ નિષ્ઠાવાન શિક્ષક નીતિનકુમાર પાઠકની National Teachers' Award 2026 માટે પસંદગી થઈ છે. ૫ સપ્ટેમ્બર શિક્ષક દિન પર સમગ્ર ગુજરાતનું નામ રોશન કરનાર દેશના આ એકમાત્ર ગુજરાતી પ્રાથમિક શિક્ષકને રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે.

# અમલસાડ અને ગણદેવી પોલીસ સ્ટેશનમાં રાખડી બંધન કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૨૬ :** રક્ષાબંધન પર્વ નિમિત્તે અમલસાડ અને ગણદેવી પોલીસ સ્ટેશન ખાતે નવસારી જિલ્લા ભાજપ મહિલા મોરચા તથા ગણદેવી તાલુકા મહિલા મોરચા દ્વારા રાખડી બંધન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મહિલા મોરચાની બહેનોએ ફરજનિષ્ઠ પોલીસ જવાનોને રાખડી બાંધી તેમની સેવા, સમર્પણ અને સુરક્ષા ભાવનાને બિરદાવી હતી.

આ પ્રસંગે બહેનોએ પોલીસ જવાનોના દીર્ઘાયુ, સુખાકારી અને સલામતી માટે પ્રાર્થના કરી હતી. પોલીસ જવાનોએ પણ બહેનો દ્વારા કરવામાં આવેલા સ્નેહભર્યા સન્માન બદલ આભાર વ્યક્ત કરી રક્ષાબંધનના પવિત્ર પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન ભાઈ-બહેનના સ્નેહ અને લાગણીસભર વાતાવરણ જોવા મળ્યું હતું.

# વાંસદાની કોલેજમાં કવિ વીર નર્મદની ૧૯૩મી જન્મ જયંતિ ઉજવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**વાંસદા, તા. ૨૬ :** સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ વાંસદા કૉલેજના આચાર્ય ડૉ.વાય.જે. મિસ્ત્રી અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ એસો. પ્રો. બી.ડી. ગામિતના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિભાગ અને જ્ઞાનધારાના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી સાહિત્યના અર્વાચીન યુગના પ્રણેતા, સ્વદેશાભિમાનના પ્રખર પ્રચારક નર્મદાશંકર લાલશંકર દવેની ૧૯૩મી જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત દીપ-ગટ્ય અને પુષ્પાંજલિ અર્પણથી કરવામાં આવી. એફ.વાય.બી.એ.ની વિદ્યાર્થીનીઓએ જીવન અંજલિ થાજો. પ્રાર્થના પ્રસ્તુત કરી હતી.

આ ઉજવણી કાર્યક્રમનો મુખ્ય ભાગ પ્રશ્નોત્તરી સ્પર્ધાનો રહ્યો હતો.ગુજરાતી વિભાગના આસિ.પ્રો. ડૉ.કિરણ જી. ગામિત દ્વારા કવિ વીર નર્મદના જીવન તથા તેમની કવિતા, નિબંધ, આત્મકથા, સંવાદ - નાટક, ઈતિહાસ, ધર્મ વિષયક વિચારો, વિવેચન, પત્રકારત્વ-ડાંડીયો વગેરે વિષયો સાંકળીને પ્રશ્નોત્તરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં F.Y.B.A. / S.Y.B.A. અને T.Y.B.A. એમ ત્રણે ટીમને ત્રણ ત્રણ રાઉન્ડ મળીને કુલ ૫૪ પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતાં. છેલ્લા રાઉન્ડમાં શ્રોતાઓને પણ સાંકળવામાં આવ્યાં હતાં. T.Y.B.A.ની ટીમે સૌથી વધુ સાચા જવાબો આપીને સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. છેલ્લે પ્રા. ગૌરવભાઈ એન. બિરારીએ સર્વનો આભાર માન્યો હતો. રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમના સંચાલનની ભૂમિકા ડૉ.સંદિપ એન. પટેલે નિભાવી હતી.

આ પ્રસંગે વિશ્વગુજરાતી ભાષા દિવસના સંદર્ભમાં ગુજરાતી વિભાગ અને કૉલેજ ગ્રંથાલયના સંયુક્ત ઉપક્રમે ગ્રંથપાલ રાકેશ મકવાણાના સહયોગથી પુસ્તક પ્રદર્શનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## દિવ્યાંગજનો અને વયોવૃદ્ધજનોને સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા આયોજિત

# નવસારીના એસેસમેન્ટ કેમ્પની કેન્દ્રીય મંત્રીએ મુલાકાત લીધી






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૨૬ :** સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ તથા ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO), ભારત સરકારના ઉપક્રમે દિવ્યાંગજનો અને વયોવૃદ્ધજનોને સહાયક સાધનો ઉપલબ્ધ કરાવવા માટે નવસારી મહાનગર પાલિકાના ટાઉન હોલ ખાતે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પની આજે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. મુલાકાત દરમિયાન નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા મંત્રીને કેમ્પની સમગ્ર રૂપરેખા, લાભાર્થીઓના રજીસ્ટ્રેશન તથા એસેસમેન્ટની પ્રક્રિયા અને ચાલી રહેલી કામગીરી અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે નવસારી મહા નગરપાલિકાના મેયર અશોકભાઈ ધોરાજીયા, નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, નવસારી પ્રાંત અધિકારી તૃપ્તિ એમ પટેલ, નાયબ મ્યુનિસિપલ કમિશનરઓ તેમજ સંબંધિત વહીવટી તંત્રના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

# વઘઈના ગીરાધોધ પાસે સુરક્ષાને લઈ સવાલો!

## ગીરાધોધ વઘઈ ખાતે ફરજ પર તૈનાત ગ્જ્ઞ અને હોમગાર્ડ જવાનો લારી-ગલ્લે બેસી સમય પસાર કરતા હોવાના આક્ષેપો,

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**સાપુતારા, તા. ૨૬ :** ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર ગણાતા વઘઈ નજીક આવેલો ગીરાધોધ ચોમાસાની ઋતુ દરમિયાન કુદરતી સૌંદર્યથી સોળે કળાએ ખીલી ઊઠે છે. ધોધના મનમોહક નજારાની મજા માણવા માટે હાલ મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. જોકે, પ્રવાસીઓની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવેલા ગ્જ્ઞ તથા હોમગાર્ડના જવાનોની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. પ્રવાસીઓની સુરક્ષા માટે સુરક્ષા કર્મચારીઓને ફરજ પર તૈનાત કરવામાં આવ્યા હોવા છતાં તેઓ પોતાની ફરજ બજાવવાના બદલે લારી-ગલ્લાઓ પર બેસીને સમય પસાર કરતા હોવાના આક્ષેપો પ્રવાસીઓ અને સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે. જો પ્રવાસીઓની ભીડ વચ્ચે કોઈ અનિચ્છનીય બનાવ કે મોટી દુર્ઘટના સર્જાય અને તે સમયે સુરક્ષા કર્મચારીઓ પોતાની ફરજ પર સક્રિય ન હોય તો તેની જવાબદારી કોની રહેશે? તેવો સવાલ હવે ઉઠી રહ્યો છે.ચોમાસાની ઋતુમાં ગીરાધોધ ખાતે પ્રવાસીઓની સંખ્યા સતત વધી રહી છે.

ગીરાધોધ ખાતે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. ત્યારે કોઈ ગંભીર દુર્ઘટના સર્જાય તેની રાહ જોવાને બદલે તંત્ર દ્વારા અત્યારથી જ સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવામાં આવે અને ફરજ પર તૈનાત કર્મચારીઓ પોતાની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવે તે માટે કડક સૂચનાઓ આપવામાં આવે તેવી માંગ ઉઠી છે. હાલમાં પ્રવાસીઓની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનાં ચેડા ન થાય તથા ગીરાધોધ ખાતે તૈનાત સુરક્ષા કર્મચારીઓ ખરા અર્થમાં ફરજ બજાવે તે સુનિશ્ચિત કરવું હવે તંત્ર માટે અગત્યનું બન્યુ છે. ત્યારે આવનાર દિવસોમાં તંત્ર સાબદુ બને છે કે કેમ તે જોવુ જ રહ્યુ.

# ધૂળચોંડ સરસ્વતી વિદ્યામંદિરમાં રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા, તા. ૨૬ :** ડાંગ જિલ્લાના ધૂળચોંડ સ્થિત સરસ્વતી વિદ્યામંદિર ખાતે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને સ્નેહના પ્રતિક સમાન રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીની શરૂઆતમાં શાળાના બોર્ડ પર રંગબેરંગી ચોક વડે રક્ષાબંધનની સુંદર અને આકર્ષક કૃતિઓ તથા શુભેચ્છાઓ કંડારવામાં આવી હતી. આ



કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓ પરંપરાગત ઉત્સાહ સાથે જોડાયા હતા. વિદ્યાર્થીઓ, કન્યા અને કુમારોએ સામસામે હરોળમાં બેસીને પૂજાની થાળીઓ સાથે રક્ષાબંધનની વિધિમાં ભાગ લીધો હતો. પૂજાની થાળીમાં દીવો, અક્ષત, કંકુ અને રાખડીઓ સજાવીને બહેનોએ ભાઈઓના કપાળે તિલક કરી, આરતી ઉતારીને તેમના લાંબા આયુષ્ય અને સુખ-સમૃદ્ધિની પ્રભુ પાસે પ્રાર્થના કરી હતી તેમજ ભાઈઓએ બહેનની રક્ષાનું વચન આપ્યું હતું. શાળાના શિક્ષકો અને સંચાલકોએ બાળકોને રક્ષાબંધનના તહેવારનું સાંસ્કૃતિક મહત્વ સમજાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમથી શાળાનું વાતાવરણ ભક્તિમય અને ઉત્સવમય બની ગયું હતું.

# નવસારીની મહાફરીન દેસાઈને મેથેમેટિક્સની પદવી સાથે ત્રણ ગોલ્ડ મેડલ એનાયત

## બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ- નવસારીની વિદ્યાર્થિનીએ ૯.૭૭ સી.જી.પી.એ. સાથે યુનિવર્સિટીમાં સર્વોચ્ચ સ્થાન હાંસલ કર્યું



**નવસારી, તા. ૨૬ :** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૯મા પદવીદાન સમારોહમાં નવસારી જિલ્લાની પ્રતિભાશાળી વિદ્યાર્થિની મહાફરીન શાહરૂખ દેસાઈએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા છે. નવસારીના તરોટા બજાર વિસ્તારમાં રહેતી અને બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ-નવસારીમાં અભ્યાસ કરનાર મહાફરીને બી.એસસી. (મેથેમેટિક્સ)માં ૧૦માંથી ૯.૭૭ સી.જી.પી.એ. મેળવી યુનિવર્સિટીમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

પદવીદાન સમારોહ દરમિયાન મહાફરીનને પરમહંસ યોગાનંદ મેડલ સહિત કુલ ત્રણ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતાં. આ સિદ્ધિ બદલ પરિવારજનો, શિક્ષકોએ આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા.મહાફરીનના પિતા શાહરૂખભાઈ દેસાઈ ડાયમંડ ફેક્ટરીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. સામાન્ય પરિવારમાંથી આવતી મહાફરીને પોતાની મહેનત, લગન અને સતત અભ્યાસના બળે આ અસાધારણ સફળતા -ાપ્ત કરી છે. અભ્યાસ દરમિયાન તેણે ગણિત વિષયમાં વિશેષ રસ દાખવી સતત શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. મહાફરીને જણાવ્યું હતું કે, તેનું સ્વપ્ન ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરીને રિસર્ચર બનવાનું છે. ગણિત અને સંશોધન ક્ષેત્રમાં નવી શોધખોળ કરીને સમાજ અને દેશના વિકાસમાં યોગદાન આપવાની તેની ઈચ્છા છે. તેણે પોતાની આ સફળતાનો શ્રેય માતા-પિતા, શિક્ષકો અને સંસ્થાના માર્ગદર્શનને આપ્યો હતો. મહાફરીનની આ સિદ્ધિ યુવા વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની છે.

# ખેરગામમાં ઈદ-એ-મિલાદની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૨૬ :** મિલાદની ધાર્મિક ભાવનાથી ઉજવણી કરી 'ઈદ-એ-મિલાદ' ઈસ્લામિક ધર્મના અનુયાયીઓ માટે મહમ્મદ નબીના - પયગમ્બર સાહેબના જન્મદિવસની યાદગીરીનો મોટો ઉત્સવ છે. આ તહેવાર નિમિત્તેના ઈતિહાસને સંબંધિત ઈસ્લામિક પુસ્તકો, હદીસો, અને સંસ્કૃતિઓથી લઈને સાંભળવામાં આવે છે. ખેરગામ તાલુકાના મુસ્લિમ બિરાદરોએ સમૂહમાં ભેગા થઈને પયગમ્બર સાહેબના જન્મદિનની ધાર્મિક ભાવનાથી જુલુશ કાઢી ભવ્ય રીતે ઉજવણી કરી હતી.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૨૭-૦૮-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** શ્રાવણ, પૂનમ, **સૂર્યોદય :** ૦૬ : ૨૪ **સૂર્યાસ્ત** ૦૬ :૫૮, **ચંદ્રોદય** - ૦૬:૩૫ **ચંદ્રાસ્ત** - ૦૬:૧૬ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - ઘનિષ્ઠા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ ઉત્સાહ અને નવી ઉર્જાથી ભરેલો રહેશે. કાર્યસ્થળે તમારી વિચારશક્તિનું મૂલ્ય વધશે અને મહત્વપૂર્ણ નિર્ણયોમાં તમે આગેવાની લેશો.

**વૃષભ(બ.વ.ઉ) :** દિવસ સ્થિર રહેશે. પરિવાર સાથે સમય પસાર કરવાથી મનમાં શાંતિ આવશે.

**મિથુન(ક.છ.ઘ) :** નવા લોકો સાથે મુલાકાત ફાયદાકારક રહેશે. અટકેલા કામમાં ગતિ મળશે. કોઈ મિત્ર અથવા સહકર્મચારી તરફથી સહયોગ મળશે.

**કર્ક(ડ.હ) :** ભાવનાત્મક રીતે થોડી નબળાઈ અનુભવાઈ શકે. પરિવારની જવાબદારીઓ વધશે.

**સિંહ(મ.ટ.) :** પ્રતિષ્ઠા વધવાની સંભાવના. કામમાં પ્રશંસા મળશે અને નવા અવસર હાથમાં આવશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે કાર્યભાર વધશે, પણ તમારી પ્લાનિંગ ક્ષમતા તમને સફળતા અપાવશે. રોકાણ અથવા વ્યવસાયના ક્ષેત્રે સારા સંકેત.

**તુલા (ર.ત.) :** દિવસ મિશ્ર સ્વરૂપનો રહેશે. ભાગીદારી અથવા સંબંધોમાં ધ્યાન રાખવાની જરૂર. નોકરીમાં સુધારો થશે.

**વૃશ્ચિક(ન.ય.) :** લાભદાયી દિવસ. અચાનક પ્રાપ્ત થયેલા અવસરથી લાભ થશે. ગૂઢ વિષય, વ્યવસાય અથવા રોકાણમાં સફળતા.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** શક્ષણ, નોકરી અથવા પ્રોફેશનમાં સારા સમાચાર. જૂના કામમાં પ્રગતિ થશે. મિત્રો સાથે મલકાત થશે. ઉતાવળ ન કરો, શાંતિથી કામ કરો.

**મકર(જ.ખ) :** જવાબદારીઓ વધી શકે, પરંતુ તમે યોગ્ય રીતે સંભાળી શકશો. નાણાંકીય મામલાઓમાં સ્થિરતા. નવી જવાબદારી અથવા ઓફર મળશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

**કુંભ(ગ.શ.સ.) :** નવી તક, નવા સંપર્ક અને નવો અનુભવ—ત્રણેય ફાયદાકારક. અટકેલા પૈસા મળવાની શક્યતા. પરિવાર અને મિત્રો તરફથી સપોર્ટ મળશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** મન ચંચળ રહેશે, પરંતુ અંતે સંતોષકારક પરિણામ મળશે. સર્જનાત્મક ક્ષેત્રમાં સફળતા. આધ્યાત્મિક ઝુકાવ વધશે. સંભળાવા અથવા વિચારવા કરતા વધારે કરો.

# દમણ રેડિયો

102.3 FM

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | | 2 | | | | 3 |
| | | | 1 | | | 4 | 7 | |
| 8 | | | 4 | | | 1 | | 2 |
| | 2 | | | 6 | 3 | | | |
| | | 9 | | | | 5 | | |
| | | | 2 | 7 | | | 8 | |
| 3 | | 7 | | | 1 | | | 8 |
| | 1 | 5 | | | 7 | | | |
| 6 | | | | 5 | | | | 7 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૬૧ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 5 | 6 | 3 | 8 | 9 | 2 | 1 |
| 2 | 8 | 9 | 4 | 7 | 1 | 3 | 6 | 5 |
| 3 | 1 | 6 | 2 | 9 | 5 | 8 | 4 | 7 |
| 6 | 9 | 7 | 3 | 2 | 4 | 1 | 5 | 8 |
| 8 | 3 | 1 | 5 | 6 | 7 | 4 | 9 | 2 |
| 5 | 4 | 2 | 1 | 8 | 9 | 7 | 3 | 6 |
| 1 | 2 | 3 | 7 | 4 | 6 | 5 | 8 | 9 |
| 7 | 6 | 8 | 9 | 5 | 3 | 2 | 1 | 4 |
| 9 | 5 | 4 | 8 | 1 | 2 | 6 | 7 | 3 |

## વલસાડની વિદ્યાલયમાં ૧૮મી 'સ્વ. પૂ. મણિબા સ્મૃતિ પારિતોષિક' સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** શ્રી વલસાડ સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત મણિબા સાર્વજનિક વિદ્યાલય વલસાડમાં મંડળના પ્રમુખ વિનોદચંદ્ર મગનલાલ દેસાઈના અધ્યક્ષપણા હેઠળ અને મંત્રી દોલતભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ૧૮ મી સ્વ. પૂજ્ય મણિબા સ્મૃતિ પારિતોષિક સ્પર્ધા અંતર્ગત માધ્યમિક વિભાગ માટે કાવ્યલેખન-કાવ્યપઠન અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે દેશભક્તિ ગીત ડાન્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય બાદ ઈ.આચાર્ય રાજેશભાઈ આહીરે મહેમાનોનું શાબ્દિક તેમજ પુષ્પથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સ્વ. પૂજ્ય મણિબાનાâ આત્માની શાંતિ માટે બે મિનિટનું મૌન પાડી સૌએ શ્રદ્ધાંજલિ આપી હતી. સાથે જ મણિબા વિદ્યાલયના માધ્યમિક વિભાગના શિક્ષિકા ગીતાબેન પરમારે મણિબાની જીવન ઝરમર રજૂ કરી હતી. માધ્યમિક વિભાગના શિક્ષિકા ગાયત્રીબેને નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ માધ્યમિક વિભાગની કાવ્યપઠન સ્પર્ધા શરૂ કરવામાં આવી હતી. જેનો વિષય હતો માતૃવંદના. મંડળ સંચાલિત પાંચ શાળાઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે મિસબાહ હાસ્મી (આર. એમ. વી.એમ. વિદ્યાધામ) અને બીજા ક્રમે પ્રિયાંશી બર્નવાલ (જમનાબાઈ સાર્વજનિક કન્યા વિદ્યાલય) વિજેતા બન્યા હતા.

ત્યારબાદ ઉચ્ચતર માધ્યમિક વિભાગની દેશભક્તિ ગીત ડાન્સ સ્પર્ધામાં મંડળ સંચાલિત પાંચ શાળાઓમાંથી પ્રથમ ક્રમે મણિબા સાર્વજનિક વિદ્યાલય અને દ્વિતીય ક્રમે જી.વી.ડી હાઈસ્કુલ નું ગ્રુપ વિજેતા બન્યું હતું. આ સ્પર્ધામાં જ્યોતિબેન ભાવસાર, સપનાબેન શર્મા અને દર્શનાબેન કનાડાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. તમામ વિજેતા સ્પર્ધકોને શિ લ્ડ અને પ્રમાણપત્ર દ્વારા મંડળના પ્રમુખ, મંત્રી અને કમિટી સભ્ય દ્વારા આપવામાં આવ્યા હતા.

શાળાના ઈ.આચાર્ય રાજેશભાઈએ વિદ્યાર્થીનીઓની સિદ્ધિ ને બિરદાવી તેમને સૌને અભિનંદન પાઠવી ભવિષ્યમાં ઉત્તરોઉત્તર પ્રગતિ સાધે તેવી શુભકામના વ્યક્ત કરી હતી સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલન માટે શાળા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

અંતે કાર્યક્રમની આભારવિધિ શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક હર્ષદભાઈ પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષિકા શ્રીમતી નયનાબેન દેસાઈ અને બીનાબેન મહેતાએ કર્યું હતું.

## ઉમરગામમાં સંસ્કૃત સપ્તાહની રેલી યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૬ :** સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર અને વિદ્યાર્થીઓમાં સંસ્કૃત વિષય પ્રત્યે રુચિ વધે તે હેતુથી ઉમરગામ તાલુકાના એમ.એમ. હાઈસ્કૂલ ખાતે સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય રમણભાઈ પાટકરની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી રેલીમાં સંસ્કૃત ભાષાને લોકભોગ્ય અને જનજન સુધી પહોંચાડવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૦માં શિક્ષણ વિભાગ દ્વારા સંસ્કૃત વિષયને લઈને લેવાયેલા વિવિધ નીતિગત નિર્ણયોની પૃષ્ઠભૂમિમાં સંસ્કૃત ભાષાના શિક્ષણ અને પ્રચાર-પ્રસારને વધુ પ્રોત્સાહન મળે તથા નવી પેઢીમાં સંસ્કૃત પ્રત્યે રસ જળવાઈ રહે તે માટે આવી શૈક્ષણિક અને જાગૃતિપ્રેરક પ્રવૃત્તિઓનું મહત્વ વધી જાય છે. સંસ્કૃત માત્ર શાસ્ત્રીય ભાષા ન રહે પરંતુ વિદ્યાર્થીઓ અને સામાન્ય લોકો સુધી સરળતાથી પહોંચે તે માટે શિક્ષકો, શાળાઓ અને સમાજની ભૂમિકા મહત્વપૂર્ણ છે. આ પ્રસંગે ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, ઉમરગામ શહેર ભાજપ પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા, એમ.એમ. હાઈસ્કૂલ સંચાલક મંડળના પ્રમુખ ઈશ્વરભાઈ બારી સહિત હોદ્દેદારો, તાલુકાની વિવિધ શાળાઓના સંસ્કૃત શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. એમ.એમ. હાઈસ્કૂલથી શરૂ થયેલી રેલી ઉમરગામ નગરપાલિકા કચેરી થઈ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી. વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષાના મહત્વ અંગે સૂત્રોચ્ચાર કરી લોકોમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. રેલીમાં વિદ્યાર્થીઓએ ઋષિ-મુનિઓની વેશભૂષા ધારણ કરી હોવાથી સમગ્ર રેલી આકર્ષણનું કેન્દ્ર બની હતી. ધારાસભ્ય રમણભાઈ પાટકરે સંસ્કૃત વિષયના શિક્ષકો સાથે સંવાદ કરી સંસ્કૃત વિષયના પરિણામો તેમજ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત પ્રત્યેની રુચિ અંગે માહિતી મેળવી હતી. તેમણે સંસ્કૃત ભાષાના જતન, સંવર્ધન અને પ્રચાર-પ્રસાર માટે શિક્ષકો તથા શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા અંગે પણ ચર્ચા કરી હતી.સંસ્કૃત સપ્તાહ નિમિત્તે યોજાયેલી આ રેલી દ્વારા સંસ્કૃત ભાષા માત્ર ભૂતકાળની ધરોહર નહીં, પરંતુ નવી પેઢી સુધી પહોંચાડવાની જીવંત ભાષા છે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.

## ધરમપુરના પૂ. વ્યાસ દાદાનું અમેરિકાની હાર્વર્ડ યુનિ.માં પ્રવચન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૬ :** ધરમપુરના સુ-સિદ્ધ ભાગવતાચાર્ય પૂજ્ય શરદભાઈ વ્યાસ 'દાદાએ અમેરિકાના બોસ્ટન સ્થિત વિશ્વવિખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટીના સેન્ડર્સ થિયેટર ખાતે પૂજ્ય મોરારી બાપુની રામકથા અંતર્ગત યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં મનનીય પ્રવચન આપ્યું હતું. વિશ્વની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાના મંચ પરથી ધરમપુરના સંતની વાણી ગુંજવી સમગ્ર ધરમપુર માટે ગૌરવની ક્ષણ બની છે.પૂજ્ય મોરારી બાપુના સંકલ્પથી યોજાયેલી રામકથા દરમિયાન ગોસ્વામી તુલસીદાસજીની જયંતિની પણ ભવ્ય ઉજવણી કરાઈ હતી. ભારતમાંથી પધારેલા સંતો, વિદ્વાનો અને કથાકારોની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાના વિવિધ પાસાઓ પર વિચાર રજૂ કરાયા હતા. પ્રારંભિક સત્રમાં પૂજ્ય શરદભાઈ વ્યાસ દાદાએ 'સાધુ સંગ'ના મહિમા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે જીવનમાં આસક્તિ છોડવાની સાથે સંતોનો સંગ આધ્યાત્મિક પ્રગતિ માટે અત્યંત મહત્વનો છે. ભાગવતના પ્રસંગોના માધ્યમથી તેમણે સમજાવ્યું હતું કે સદ્સંગ જીવનની દિશા બદલી શકે છે અને ભગવાનની પ્રાપ્તિનો માર્ગ સરળ બનાવી શકે છે.

દાદાએ પૂજ્ય મોરારી બાપુની વિશ્વવ્યાપી રામકથા યાત્રાની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે વિવિધ દેશોમાં રામકથા પહોંચાડવી એ અદભુત આધ્યાત્મિક સેવા છે. બાપુના સમકાલીન બની તેમની કથા અને કાર્યના સાક્ષી બનવું પણ સૌભાગ્યની વાત હોવાનું તેમણે જણાવ્યું હતું.

એપ્રિલ ૧૯૭૭માં કથાયાત્રાનો પ્રારંભ કરનાર પૂજ્ય દાદાએ અત્યાર સુધીમાં દેશ-વિદેશમાં ૮૫૦થી વધુ શ્રીમદ્ ભાગવત અને રામાયણ કથાઓ કરી છે. અમેરિકા, બ્રિટન, કેનેડા અને આફ્રિકા સહિતના અનેક દેશોમાં તેમણે સનાતન સંસ્કૃતિનો સંદેશ પહોંચાડ્યો છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રતિષ્ઠિત મંચ પરથી ધરમપુરના વ્યાસ દાદાનું -વચન યોજાવું એ માત્ર વ્યક્તિગત સન્માન નહીં, પરંતુ ધરમપુરની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક પરંપરા માટે પણ ગૌરવની ઐતિહાસિક ક્ષણ બની છે.

## ખેરલાવમાં ચેસ્ટ એક્સ-રે કેમ્પ યોજાયો



**૬૫ લોકોને સુગર, બ્લડ પ્રેશર સહિતની વિવિધ આરોગ્ય તપાસથી ગ્રામજનોને ઘરઆંગણે આરોગ્ય સેવા મળી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકાની ખેરલાવ ગ્રામ પંચાયત તથા આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે ખેરલાવ ગ્રામ પંચાયત કચેરી ખાતે નિ:શુલ્ક ચેસ્ટ એક્સ-રે સહિતના આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનોને ઘરઆંગણે જ જરૂરી આરોગ્યસેવા ઉપલબ્ધ થાય અને ગંભીર બીમારીઓનું સમયસર નિદાન થઈ શકે તે હેતુથી યોજાયેલા આ કેમ્પને ગ્રામજનોનો સારો પ્રતિસાદ મળ્યો હતો.

કેમ્પ દરમિયાન ચેસ્ટ એક્સ-રે ઉપરાંત બ્લડ પ્રેશર, સુગર સહિતની વિવિધ આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. આ સેવાકીય કેમ્પમાં ખેરલાવના ૬૫ જેટલા ગ્રામજનોએ નિ:શુલ્ક આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. લોકો સુધી જરૂરી આરોગ્ય સુવિધા સરળતાથી પહોંચે તે માટે આવા સેવાકીય કાર્યક્રમોનું આયોજન સતત કરવામાં આવશે.

કેમ્પના સફળ આયોજન બદલ આરોગ્ય વિભાગના તબીબો અને કર્મચારીઓ, ગ્રામ પંચાયતના સભ્યો તથા આયોજનમાં સહયોગ આપનાર સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

<u>નારિયાળી પૂર્ણિમા ઉત્સવ ૨૦૨૬ અંતર્ગત</u>

## દમણમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૬ :** દમણમાં નારિયાળી પૂર્ણિમા ઉત્સવ ૨૦૨૬ અંતર્ગત બાલ ભવનમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

દમણના બાલ ભવન બોર્ડ દ્વારા આજે નારીયેરી પૂર્ણિમા ઉત્સવ ૨૦૨૬ ના ભાગ રૂપે પૂજા થાળી શણગાર અને રાખડી બનાવવા માટેની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દમણની વિવિધ શાળાઓના લગભગ ૧૦૦ બાળકોએ આ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પોતાની પ્રતિભા દર્શાવી હતી. પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનારાઓને પ્રમાણપત્રો અને ભેટો એનાયત કરવામાં આવી હતી.

## પારડી પાલિકાના કર્મીઓ સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે રક્ષાબંધન ઉજવી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૬ :** રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સેવા સપ્તાહ અંતર્ગત પારડી નગરપાલિકા કર્મચારીઓને અભિવાદન કરવામાં આવ્યું અને એમની સાથે રક્ષાબંધન ઉત્સવ પણ ઉજવવામાં આવ્યો એમના થકી થતા કાર્યોની પ્રોત્સાહન કરી તેમને પ્રેરણાદાયક ઉદબોદન સંચાલક જી જયસુખભાઈ પટેલ તથા તાલુકા સેવા પ્રમુખ મિતેશભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા વક્તવ્ય કરવામાં આવ્યું હતુ અને એમની સાથે હળવાના સ્થાનો પણ આયોજન કર્યું એમની સાથે બેસી નાસ્તો કરી ખૂબ જ આનંદ અનુભવ્યો હતો.

<u>ભારતની લુપ્તપ્રાય હસ્તકલા અને કારીગરી</u>

<u>વારસાના જતન માટે</u>

## વલસાડ હાઈ.ની વિદ્યાર્થીનીએ 'શિવાકારી' સાહસ શરુ કર્યું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૬ :** આજના આધુનિક અને મોટા પાયે ઔદ્યોગિક ઉત્પાદનના યુગમાં પરંપરાગત ભારતીય હસ્તકલા જ્યારે લુપ્ત થવાના આરે છે, ત્યારે હાઈસ્કૂલની એક યુવા વિદ્યાર્થિની નીરજાએ ભારતીય કલા વારસાને જીવંત રાખવા માટે શિવાકારી નામના સામાજિક સાહસની સ્થાપના કરી છે. વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત આ પહેલ નૈતિક વાર્તા કહેવા (સ્ટોરીટેલિંગ) અને હસ્તકળાના ઉત્પાદનોના માધ્યમથી દેશની પરંપરાગત કળાઓનું રક્ષણ કરવા માટે સમર્પિત છે.

આગામી સમયમાં શિવાકારી વિવિધ રાજ્યોના કારીગરો સાથે જોડાણ વધારવા, વિદ્યાર્થીઓ માટે પરંપરાગત હસ્તકલા વર્કશોપ યોજવા અને કલા સંરક્ષણ ક્ષેત્રે કામ કરતી બિન-સરકારી સંસ્થાઓ સાથે ભાગીદારી કરવાનું લક્ષ્ય ધરાવે છે. સંસ્થાપક નીરજાના મતે આ પહેલ માત્ર એક વ્યાવસાયિક સાહસ નથી, પરંતુ યુવાનો ઉદ્યોગસાહસિકતા અને શિક્ષણના સમન્વયથી દેશના સાંસ્કૃતિક સંરક્ષણમાં કેવી રીતે સક્રિય યોગદાન આપી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ છે.

## પારડીમાં સ્વચ્છ વોર્ડ રેકિંગ સ્પર્ધામાં સહકાર આપનારને સર્ટીફિકેટ અપાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૬ :** રાજ્ય સરકારના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પારડી નગરપાલિકા દ્વારા દર મહિને સ્વચ્છ વોર્ડ રેંકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે જેમાં તમામ વોર્ડમાં આવેલ હોટેલ, હોસ્પિટલ, શાળા, માર્કેટ, સોસાયટી, રસ્તાઓ વિગેરેનું ચેકિંગ હાથ ધરવામાં આવે છે, જેમાં ઉપર દર્શાવેલ કેટેગરીમાંથી જેઓ પોતાના એરિયામાં સારી સ્વચ્છતા રાખતા હોય તેમજ સ્વચ્છતા અંગે સહકાર આપતા હોય એમને સ્વચ્છ વોર્ડ રેંકિંગ સર્ટિફિકેટ આપી સન્માનીત કરવામાં આવે છે પ્રમુખ ચેતનભાઈ નાયકા ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી આરોગ્ય ચેરમેન કિરણ પટેલ દરેક સભ્યના સથવારે તથા ચીફ ઓફિસર કોમલબેન ધિમ્રેયા, સેનેટરી ઈસ્પેક્ટર મેહુલભાઈ પરમાર ,સિટી મેનેજર ભૂમિબહેન પટેલ, એમ.આઈ.એસ વિજલબેન લાડ, સુપરવાઈઝર પંકજકુમાર ગરણીયા તમામ જગ્યાએ વોર્ડમાં જઈને સર્ટીફીકેટ વિતરણ કર્યા હતા. જેમાં એજલ હોસ્પિટલ નૂતનનગર સુલભનગર ચાંદવેરી પોણિયા પારડી પોલીસ સ્ટેશન બિલિયા વિસ્તાર વિશ્રામ હોટલ શિવનગર હરિયાવાડ પારડી હોસ્પિટલ, સ્મશાન ગૃહ પારડી ડી સી ઓ સ્કૂલમાં વિતરણ કરવામાં આવ્યા હતા. જનતાનો સુંદર સહકાર પાલિકાના આરોગ્ય વિભાગને મળી રહ્યો છે અને સ્વચ્છતા અભિયાન હેઠળ દરેક વિસ્તારોમાં દરરોજ સફાઈ કરવામાં આવી રહી છે.

## વાપીની આર. કે. દેસાઈ કોલેજનું ગૌરવ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વલસાડ જિલ્લાના યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ વાપી ખાતે યોગાસનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત યોગાસન સ્પર્ધામાં વિવિધ ક્ષમતાઓ ધરાવતા વિવિધ કોલેજોના સ્પર્ધકોએ ભાગ લઈ પોતાની ક્ષમતાઓ પ્રદર્શિત કરી હતી.જેમાં આર. કે. દેસાઈ કોલેજ ના બીબીએ વિભાગના વિદ્યાર્થી પટેલ સિદ્ધ રાજેન્દ્ર ભાઈ (S.Y. BBA ) એ પ્રથમ ક્રમાંક (ગોલ્ડ મેડલ ) પ્રાપ્ત કર્યો હતો. વિદ્યાર્થીએ આ સિદ્ધિ મેળવવા બદલ માર્ગદર્શકની મહેનત માટે સંસ્થાના ચેરમેન મીલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ, કોમર્સ અને મેનેજમેન્ટ વિભાગના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. શીતલ ગાંધી સર , બી. બી. એ. વિભાગના હેડ ડો પ્રિન્સી ઠાકુર તેમજ આર. કે. દેસાઈ પરિવારના વિવિધ વિભાગના સર્વ આચાર્ય અને અધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતા.

## દમણમાં ઈદે મિલાદ નિમિત્તે જુલુસ નિકળ્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૬ :** રબી-ઉલ-અવ્વલ શરીફની ૧૨મી તારીખે દમણમાં અહેલે સુન્નત વાલ જમાત દ્વારા ઈદે મિલાદ નિમિત્તે વિવિધ વિસ્તારોમાં ભવ્ય જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. ખાનદેશ સુન્નત જમાત સહિત વિવિધ જમાતો અને મસ્જિદોના જુલુસ ઘાંચવાડ, નાની દમણ, બસ સ્ટેન્ડ, મેઈન રોડ, જપાબાર, ખટકીવાડ અને જેટી સહિતના વિસ્તારોમાંથી પસાર થયા હતા. રાણા સ્ટ્રીટ ખાતે કાઉન્સિલર રવિ નરેન્દ્ર રાણાએ જુલુસનું સ્વાગત કરી શરબત-પાણીની વ્યવસ્થા કરી હિન્દુ-મુસ્લિમ એકતાનો સંદેશ આપ્યો હતો. દેવકા, તડવાડ અને ખારવાડમાં પણ મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિમાં જુલુસ યોજાયા હતા. જુલુસ બાદ નાત શરીફ, સલાત-ઓ-સલામ અને નિયાઝ-લંગરનું આયોજન કરવામાં આવ્યું હતું.

દમણ મુસ્લિમ એસોસિએશનના પ્રમુખ ઝાકીર હુસૈન પીરવાલા સહિત આગેવાનો અને ધાર્મિક વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો અને દેશની શાંતિ, ભાઈચારો તથા સમૃદ્ધિ માટે દુઆ કરવામાં આવી હતી.

## વાપીમાં ઈદ-એ મિલાદની ઉજવણી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપીમાં આજે પયગંબર હઝરત મહંમદ સાહેબના જન્મદિવસ નિમિત્તે ઈદે મિલાદના પવિત્ર તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વાપી ઈસ્ટ અને વેસ્ટ વિસ્તારમાં બે અલગ-અલગ સ્થળેથી મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય જુલુસ કાઢવામાં આવ્યું હતું.

વાપી ટાઉન વિસ્તારમાં મુખ્ય બજારમાં આવેલી મદીના મસ્જિદ દ્વારા કસ્ટમ રોડ પર આવેલી આદિત હોસ્પિટલ પાસેથી જુલુસનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જુલુસ નવા બનેલા બલીઠા અંડરબ્રિજ સુધી પહોંચ્યા બાદ કબ્રસ્તાન રોડ થઈ ઝંડા ચોક અને મુખ્ય બજાર માર્ગે મદીના મસ્જિદ ખાતે પરત ફર્યું હતું.

તેવી જ રીતે વાપી-સેલવાસ રોડ પર આવેલી ગરીબ નવાજ મસ્જિદના બિરાદરો દ્વારા પણ રેલી સ્વરૂપે જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈમરાનનગર સ્થિત ગરીબ નવાજ મસ્જિદથી શરૂ થયેલું જુલુસ મહેસાણા નગર સોસાયટી માર્ગ થઈ ગોદાલનગરના મુખ્ય માર્ગ પરથી પસાર થયું હતું.

ઈદે મિલાદના પર્વને લઈ બંને જુલુસમાં મોટી સંખ્યામાં બિરાદરો જોડાયા હતા. રંગબેરંગી ઝંડાઓ, પયગંબર સાહેબના સંદેશા લખેલા બોર્ડ અને બેનરો તેમજ શણગારેલા વાહનો જુલુસમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. બંને જુલુસમાં મળીને અંદાજે ૪,૦૦૦થી વધુ મુસ્લિમ બિરાદરો ઉપસ્થિત રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

ઈદે મિલાદ નિમિત્તે યોજાયેલા આ જુલુસ દરમિયાન વાપીમાં કોમી એકતા અને ભાઈચારાના દર્શન પણ જોવા મળ્યા હતા. શાંતિપૂર્ણ માહોલમાં યોજાયેલી ઉજવણી દરમિયાન વિવિધ સમાજના લોકો દ્વારા પણ જુલુસનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

## દમણ મેમણ જમાતની જનરલ મિટિંગ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૬ :** દમણ મેમણ જમાતની નવી કમિટીની રચનાને એક વર્ષ પૂર્ણ થવાના અવસરે ગતરોજ રાત્રે દમણના માંજરા પાર્કિંગ હોલ ખાતે જમાતની જનરલ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક જમાતના પ્રમુખ હાજી શિરાઝભાઈ શરીફની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

આ પ્રસંગે ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશનના ઝોનલ સેક્રેટરી મજીદભાઈ લધાણીએ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. જમાતના પ્રમુખ હાજી શિરાઝભાઈ શરીફ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. પોતાના સ્વાગત સંબોધનમાં તેમણે તમામ ઉપસ્થિત સભ્યોનો આભાર વ્યક્ત કરી જમાતની કામગીરીમાં સૌના સહયોગની પ્રશંસા કરી હતી.

બેઠક દરમિયાન દમણ મેમણ જમાતના ટ્રેઝરર ઈમરાન રાજેકોટિયાએ સમગ્ર વર્ષ દરમિયાન થયેલા આવક-જાવકના હિસાબ-કિતાબની વિગત જનરલ મિટિંગ સમક્ષ રજૂ કરી હતી. જ્યારે જમાતના ઉપપ્રમુખ હાજી ફૈસલ કાપડિયાએ આગામી વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવનારા વિવિધ સમાજલક્ષી કાર્યક્રમો અને આયોજનો અંગે વિસ્તૃત માહિતી રજૂ કરી હતી.

જનરલ મિટિંગ દરમિયાન સમાજના હિત અને વિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ સમાજ ઉપયોગી કાર્યો અંગે ચર્ચા કરવામાં આવી હતી તથા કેટલાક મહત્વપૂર્ણ ઠરાવો સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યા હતા. સાથે જ સમાજના ભવિષ્યના વિકાસ, એકતા અને કલ્યાણ માટે અનેક સંકલ્પો પણ લેવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે દમણ મેમણ જમાતના જનરલ સેક્રેટરી હાજી મંસૂરભાઈ ચણાએ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

## નાનાપોંઢા એન.આર.રાઉત હાઈ.માં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૨૬ :** નાનાપોંઢા એન આર રાઉત હાઈસ્કૂલ ખાતે સંસ્કૃત ભાષાનું ગૌરવ, મહત્વ અને જનમાનસમાં સંસ્કૃત પ્રત્યે જાગૃતિ વધારવાના હેતુથી સંસ્કૃત સપ્તાહનું પાવન આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કૃત સપ્તાહ અંતર્ગત સંસ્કૃત ગૌરવ યાત્રા, સંસ્કૃત સંભાષણ, સંસ્કૃત સાહિત્ય પ્રદર્શન તેમજ વિવિધ સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરી સાહેબે સંસ્કૃત ભાષા આપણી પ્રાચીન સંસ્કૃતિ, જ્ઞાન અને પરંપરાનું અમૂલ્ય વારસો હોવાનું જણાવ્યું હતું. નવી પેઢી સંસ્કૃત ભાષા સાથે જોડાય અને તેના જ્ઞાન તથા મહત્વને સમજે તે માટે આવા કાર્યક્રમો સતત યોજાય તે જરૂરી છે તેમ તેમણે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં કપરાડા વિધાનસભાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરી સાહેબે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમમાં નાનાપોંઢા તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન પટેલ સહિત શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌએ સંસ્કૃત ભાષાના જતન, સંવર્ધન અને પ્રચાર-પ્રસાર માટે સંકલ્પબદ્ધ થવાનો સંદેશ આપ્યો હતો. નાનાપોંઢા એન આર રાઉત હાઈસ્કૂલ ખાતે સંસ્કૃત ભાષાનું ગૌરવ, મહત્વ અને જનમાનસમાં સંસ્કૃત પ્રત્યે જાગૃતિ વધારવાના હેતુથી સંસ્કૃત સપ્તાહનું પાવન આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાન તથા મહત્વને સમજે તે માટે આવા કાર્યક્રમો સતત યોજાય તે જરૂરી છે તેમ તેમણે જણાવ્યું હતું. કાર્યક્રમમાં નાનાપોંઢા તાલુકા પંચાયત પ્રમુખ મનીષાબેન પટેલ સહિત શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સૌએ સંસ્કૃત ભાષાના જતન, સંવર્ધન અને પ્રચાર-પ્રસાર માટે સંકલ્પબદ્ધ થવાનો સંદેશ આપ્યો હતો.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -**સંપાદક**

## આખી દુનિયા 'દુ:ખાલય' છે

**કિંજલ પંડયા**
**પારડી**



માણસ તરીકે આપણી સહજ ટેવ કે લાચારી જુઓ! આપણે બસ સતત ફરિયાદ જ કર્યા કરીએ છીએ. કંઈ કેટલીય ફરિયાદોને હૃદયમાં સંઘરીને આપણે આખુંય જીવન જીવી નાંખીએ છીએ. જીવનના અંત સુધી ફરિયાદ જ આપણી સાથે રહે છે. ખબર નહીં, જીવનમાં બીજું કંઈ યાદ રહે કે ન રહે, પણ ફરી ફરીને ફરિયાદો આપણી સમક્ષ અને આપણી સાથે અડીખમ ઊભી જ હોય છે! ?આપણને આપણાં જીવનથી, શરીરથી, પરિવારથી, સ્વજનોથી, મિત્રોથી, સમાજથી, આખી દુનિયાથી અને પરિસ્થિતિઓથી ફરિયાદ છે...અને અરે, હજુય બાકી હોય તેમ સાક્ષાત ઈશ્વર સામે પણ આપણને ફરિયાદ જ છે! આપણે દરેક નાની-નાની બાબતની ફરિયાદ કરીએ છીએ. કુદરતે જે આપ્યું છે એને ક્યારેય મન ભરીને માણ્યું નથી, અને જે નથી મળ્યું એને -ાપ્ત કરવા માટે આખી જિંદગી વલખાં મારતા રહીએ છીએ ? જો માત્ર આપણી દ્રષ્ટિ બદલાય, તો વિચારોમાં સ્વયં પરિવર્તન આવવા માંડે છે. પોતાના અહંકાર અને સ્વાર્થના કેન્દ્રમાંથી 'હું'ને કાઢીને જ્યારે અન્યોને મૂકીએ, ત્યારે જ જીવનનું સાચું ગૂઢ રહસ્ય સમજાય છે. શરૂઆતમાં કદાચ આ સત્ય અસ્પષ્ટ કે કડવું લાગે, પણ જેમ જેમ એની નજીક જઈએ તેમ એ જ પરમ સત્ય સાબિત થાય છે. સંસ્કૃત સાહિત્યમાં કહેવાયું છે તેમ આ આખી દુનિયા 'દુ:ખાલય' (દુ:ખોનું ઘર) છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૮મા અધ્યાયના ૧૫મા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ પણ આ જ શાશ્વત સત્ય દર્શાવતા કહે છે.

મામુપેત્ય પુનર્જન્મ દુ:ખાલયમશાશ્વતમ્ ।
નાપ્નુવન્તિ મહાત્માનઃ સંસિદ્ધિં પરમાં ગતાઃ
(અર્થાત્ આ સંસાર દુ:ખોનું સ્થાન (દુ:ખાલય) અને ક્ષણભંગુર (અશાશ્વત) છે.)

અંગ્રેજ લેખક અને તત્વજ્ઞાની આલ્ડસ હક્સલીએ (Aldous Huxley) ૧૯૨૮માં પ્રકાશિત થયેલી એમની પ્રખ્યાત નવલકથા પોઈન્ટ કાઉન્ટર પોઈન્ટમાં બહુ માર્મિક વાત લખી છે.

કદાચ આ દુનિયા બીજા કોઈ ગ્રહનું નરક છે.

અહીં દરેક માનવીને કોઈ ને કોઈ દુ:ખ કે પીડા છે જ, કોઈ સંપૂર્ણ સુખી નથી. ત્યાં સુધી કે જ્યારે પરમાત્મા સ્વયં આ પૃથ્વી પર મનુષ્ય રૂપે જન્મ લે છે, ત્યારે એમણે પણ દુ:ખોના ડુંગરો પસાર કરવા જ પડે છે. અગ્નિપરીક્ષા આપવી પડે છે અને -િયજનનો વિરહ પણ સહન કરવો પડે છે! જો ઈશ્વર પણ દુ:ખમાંથી મુક્ત નથી રહ્યા, તો પછી આપણે તો સામાન્ય માનવી છીએ.

હમણાં થોડા દિવસો પહેલાં જ કોન બનેગા કરોડપતિ (KBC) કાર્યક્રમમાં મુંબઈના ધારાવીની ૧૦ થી ૧૦ની નાનકડી ખોલીમાં રહેતી રુચિતા અડલરાવ નામની એક દીકરી આવી હતી, જેણે ૫૦ લાખ રૂપિયા જીત્યા. પરંતુ આખા કાર્યક્રમ દરમિયાન એ દીકરીના ચહેરા પર એક અદ્ભુત આનંદ, શાંતિ અને સંતોષ જોઈ શકાતા હતા. બીજી તરફ, અગાધ સંપત્તિના માલિક અને મહાનાયક અમિતાભ બચ્ચન પણ એની આ ખુમારી જોઈને અંદરથી અસ્વસ્થ થઈ ગયા હતાં. એનું મુખ્ય કારણ એ જ હતું કે એ દીકરીની વાતોમાં ગરીબી હતી પરંતુ એના મુખ પર ક્યાંય ગરીબીની ફરિયાદ કે અસંતોષ નહોતો! અમિતાભ જેવા મહાન વ્યક્તિત્વને પણ એના સંયમ અને સંતોષે હચમચાવી મૂક્યા. આ દીકરી માટે પૈસા એ જીવનજરૂરિયાતની વસ્તુ હતી, આનંદનું સાધન નહીં. ગરીબી એના જીવનમાં અનુકૂળ પરિસ્થિતિઓ ઊભી થવામાં ભલે બાધક બની હોય, પણ એના મનના સંતોષને રોકવા માટે અસમર્થ હતી. આ તો માત્ર એક ઉદાહરણ છે. આ દુનિયામાં એવા તો કેટલાય પરિવારો છે જેમને આપણે ક્યારેય જોયા કે જાણ્યા નથી, પરંતુ તેમણે કોઈ પણ ફરિયાદ વિના આખેઆખું જીવન વિતાવી દીધું છે. અભાવ વચ્ચે પણ ફરિયાદ વગર કેમ જીવવું, એ ઘણીવાર એક ગરીબ માણસની ખુમારી પાસે શીખવા જેવું હોય છે. માત્ર ધનથી શ્રીમંત હોવું પૂરતું નથી, હૃદયથી અમીર હોવું અત્યંત આવશ્યક છે.

આ આખીય પરિસ્થિતિ પર વિચાર કરીએ ત્યારે એટલું સ્પષ્ટ સમજાય છે કે, એક તરફ જીવનનિર્વાહ માટે પૈસા ખૂબ મહત્વના છે અને પૈસા હોવા જ જોઈએ; પરંતુ બીજી તરફ જોઈએ તો, સાચું સુખ અને પ્રસન્નતા મેળવવા માટે પૈસાની કોઈ શરત હોતી નથી. આજના ભૌતિકવાદી યુગમાં પૈસો જ મારો પરમેશ્વર એ વાક્ય કોઈના માટે અહંકાર કે દંભ સાબિત થાય છે, તો કોઈના માટે જીવનની અનિવાર્ય વાસ્તવિકતા બની રહે છે. પરંતુ આખરે, ફરિયાદમુક્ત જીવાયેલું એક ક્ષણનું જીવન પણ ફરિયાદોથી ભરેલા સો વર્ષના જીવન કરતાં ક્યાંય વધુ સમૃદ્ધ અને સુંદર છે!

## ભારતમાં ભાષાવાદ, જ્ઞાતિવાદ અને ધર્મવાદ

**અંજલિ પ્રજાપતિ**
**પારડી**



ભારત વિવિધતાઓથી ભરેલો દેશ છે, જ્યાંની સંસ્કૃતિ, પરંપરાઓ અને બહુલતા આખી દુનિયામાં અતુલ્ય માનવામાં આવે છે. પરંતુ આ જ વિવિધતા વચ્ચે ભાષાવાદ, જ્ઞાતિવાદ અને ધાર્મિક કટ્ટરતા જેવી સંકીર્ણ વિચારધારાઓ આપણા સામાજિક માળખાને સતત નુકસાન પહોંચાડી રહી છે. ભાષાવાદની વાત કરીએ તો પોતાની માતૃભાષા પ્રત્યે પ્રેમ હોવો સ્વાભાવિક છે, પરંતુ જ્યારે આ પ્રેમ અન્ય ભાષાઓ પ્રત્યે દ્વેષ, અપમાન કે પ્રાદેશિક વર્ચસ્વની લડાઈમાં બદલાઈ જાય છે, ત્યારે તે દેશની અખંડિતતા માટે ખતરો બની જાય છે. ભારતના અલગ-અલગ રાજ્યોમાં ભાષાને લઈને ઊભા થતા વિવાદો અને નીતિઓ અવારનવાર નાગરિકો વચ્ચે અંતર ઊભું કરે છે, જ્યારે ભાષા તો વિચારોના આદાન-પ્રદાન અને લોકોને જોડવાનું માધ્યમ હોવી જોઈએ, વહેંચવાનું નહીં. બીજી તરફ, જ્ઞાતિપ્રથા ભારતીય સમાજનું એક એવું ઊંડું મનદુ:ખ છે જે આધુનિકતા છતાં સંપૂર્ણપણે રૂઝાઈ શક્યું નથી. જન્મના આધારે મનુષ્યો વચ્ચે ભેદભાવ કરવો, સમાજને ઉંચ-નીચના ખાંચામાં વહેંચવો અને તકોને સીમિત કરી દેવી એ જ્ઞાતિવાદનું સૌથી કદરૂપું રૂપ છે. આજે પણ રાજકારણથી લઈને સામાજિક સંબંધો સુધી, જ્ઞાતિના સમીકરણો વ્યક્તિની ક્ષમતા અને માનવતા કરતાં ઉપર દેખાય છે. ચૂંટણી સમયે જ્ઞાતિના આધારે વોટ બેંકની રમત રમવી એ લોકશાહી મૂલ્યોનું હનન છે. જ્યાં સુધી દરેક વ્યક્તિને તેની જ્ઞાતિના આધારે નહીં, પરંતુ તેના ગુણો અને માનવતાના આધારે ઓળખવામાં નહીં આવે, ત્યાં સુધી સમાન સમાજનું નિર્માણ અશક્ય છે.

એ જ રીતે, ધર્મનો સાચો અર્થ તો નૈતિક મૂલ્યો, કરુણા, શાંતિ અને પ્રેમનો માર્ગ બતાવવાનો છે, પરંતુ જ્યારે ધર્મને કટ્ટરતા, રાજકારણ અને નફરતનું હથિયાર બનાવવામાં આવે છે, ત્યારે તે સમાજ માટે વિનાશક સાબિત થાય છે. ધાર્મિક ઉન્માદને કારણે અવિશ્વાસ, વૈમનસ્ય અને હિંસાનું વાતાવરણ પનપે છે. સત્તા અને સ્વાર્થ માટે જ્યારે ધર્મ અને જ્ઞાતિને ભાષા સાથે ભેળવીને એક વિસ્ફોટક મિશ્રણ તૈયાર કરવામાં આવે છે, ત્યારે દેશનો વિકાસ અટકી જાય છે અને યુવા પેઢીનું ભવિષ્ય અંધકારમય બની જાય છે.એક સશક્ત અને સમૃદ્ધ ભારતના નિર્માણ માટે આપણે આ સંકીર્ણ સીમાઓથી ઉપર ઊઠવું પડશે. શિક્ષણ, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને તર્કસંગત વિચારસરણી જ આ સંકીર્ણતાનો એકમાત્ર ઈલાજ છે. જ્યારે દેશનો દરેક નાગરિક ભાષા, જ્ઞાતિ અને ધર્મના ભેદભાવોને ભૂલીને એકબીજાની ઓળખનો આદર કરશે અને માત્ર ભારતીયતાના સૂત્રમાં બંધાશે, ત્યારે જ આપણે સાચા અર્થમાં એક સ્વતંત્ર, પ્રગતિશીલ અને અખંડ રાષ્ટ્રની સ્થાપના કરી શકીશું.

## બદલાતા સમય વચ્ચે અખંડ રહેતો સ્નેહનો દોરો

**-રક્ષક પટેલ,**
**નાની તંબાડી**



રાખડીનો દોરો કાંડે બંધાય છે, પરંતુ તેનો અહેસાસ હૃદયમાં બંધાય છે; સમય બદલાય, રીતરિવાજ બદલાય, છતાં ભાઈ-બહેનનો સ્નેહ કદી જૂનો થતો નથી.

રક્ષાબંધન ભારતીય સંસ્કૃતિનું એવું પવિત્ર પર્વ છે, જેમાં ભાઈ-બહેનના નિર્મળ પ્રેમ, વિશ્વાસ અને લાગણીનું સુંદર પ્રતિબિંબ જોવા મળે છે. શ્રાવણ સુદ પૂર્ણિમાના દિવસે ઉજવાતો આ તહેવાર માત્ર રાખડી બાંધવાની પરંપરા નથી, પરંતુ એકબીજાની સુખાકારી અને સુરક્ષા માટેની ભાવનાત્મક પ્રતિજ્ઞા છે.

વર્ષ ૨૦૨૬માં રક્ષાબંધનનું સ્વરૂપ બદલાતી જીવનશૈલી સાથે થોડું આધુનિક બન્યું છે. આજના ડિજિટલ યુગમાં ઘણા ભાઈ-બહેન અભ્યાસ, નોકરી કે વ્યવસાયને કારણે એકબીજાથી દૂર રહે છે. આવા સમયે વીડિયો કોલ, ઓનલાઈન શુભેચ્છા અને કુરિયર દ્વારા મોકલાયેલી રાખડી અંતરને ઘટાડવાનું માધ્યમ બની છે. છતાં, હાથેથી રાખડી બાંધવાની ક્ષણમાં જે લાગણી છે, તેનું સ્થાન કોઈ ડિજિટલ માધ્યમ લઈ શકતું નથી.

આજના સમયમાં બજારમાં પર્યાવરણમિત્ર રાખડીઓ, હસ્તકલા દ્વારા બનાવેલી રાખડીઓ અને વિવિધ સર્જનાત્મક ડિઝાઇનની રાખડીઓ પણ જોવા મળે છે. અનેક પરિવારો તહેવારને માત્ર દેખાવ કે મોંઘી ભેટો સુધી મર્યાદિત રાખવાને બદલે વૃક્ષારોપણ, જરૂરિયાતમંદોને મદદ અને સમાજસેવા જેવા સંકલ્પો સાથે ઉજવવા લાગ્યા છે. આ બદલાવ આવકારદાયક છે.

રક્ષાબંધનનો સાચો અર્થ માત્ર ભાઈ બહેનની રક્ષા કરશે એટલો સીમિત નથી. આજના યુગમાં ભાઈ-બહેન બંને એકબીજાના સુખ-દુ:ખમાં સાથ આપે, એકબીના સપનાઓને પ્રોત્સાહન આપે અને મુશ્કેલીમાં ખભેખભો મિલાવી ઊભા રહે—એ જ આ પર્વની આધુનિક વ્યાખ્યા છે. અંતે એટલું જ કહી શકાય કે રાખડીનો દોરો ભલે નાજુક હોય, પરંતુ તેમાં બંધાયેલો પ્રેમ અતૂટ હોય છે. ૨૦૨૬નું રક્ષાબંધન આપણને પરંપરા સાથે આધુનિકતાનો સમન્વય કરી સંબંધોને વધુ પ્રેમાળ, સંવેદનશીલ અને મજબૂત બનાવવાનો સંદેશ આપે છે.

## સરી જતો સમય ગુમાવી દઈએ ત્યારે !!

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**



લડકપન ખેલ મે ખોયા ...જવાની નિંદ મે સોયા ... બુઢાપા દેખ કે રોયા ... જિંદગીનો આ સમય ક્યારે સરી જાય ખ્યાલ રહેતો નથી. કુદરતનો ક્રમ છે કે, બાલ્યવસ્થા પછી કુમારવસ્થા ત્યારબાદ યૌવન બાદ પૌઢાવસ્થા પછી વૃદ્ધાવસ્થા એ ક્રમ નિશ્રીત છે. માણસ જન્મે છે. યુવાન બને છે અને વૃદ્ધાવસ્થા પછી મુત્યુ પામે છે ત્યાં સુધીના કાર્યકાળને ક્રમમાં જીવન જીવાય જતું હોય છે. સમયનું કાળચક્ર લયમાં બસ અવિરત ગતિએ ફર્યા કરે છે. સમય હાથમાંથી અમસ્થો સરી ન જાય એ રીતે એનો ઉપયોગ કરી લેવો જોઈએ પરંતુ ઉમંગ અને આનંદમાં આપણે સહુને ક્યાં હાશ છે કે કોઈ નિરાંત છે. તક ફરી ફરી મળતી નથી અને સદ્દપયોગ કાળજી અને દિલ ચશ્પીથી કરવો જોઈએ પુથ્વી પર પ્રકૃતિના એક એક અંગોમાં ગજબનો રહસ્યો અને વિરમ્યો ભર્યા છે પરંતુ આપણી કમનશીબી છે કે એને નિહારવાનું, રસપાન કરવાનું, અવલોકન કરી આનંદ લેવાનું આપણને સૂઝતું નથી સમય એનું કામ કર્યે જાય છે. કસા નફા - નુકશાન વગર એ અતીત બનીને રહે અને આપણે હાથ ઘસતા રહીએ છીએ.

સમય ક્યારે કોઈની રાહ નથી જોતો. આજે જેની પાસે યુવાનીની તાકાત છે અને તક છે એ સમય રખડપટીમા વેડફી નાખીશને તો આખી જીંદગી પસ્તાવાનો પાર નહી રહે, પૈસા ખોવાઈ જશે તો પાછા મળી જશે પણ ગયેલો સમય દુનિયાની બધી જ દોલત આપશે તો પાછી નહી મળશે. સમયની કિંમત સમજો તો જ દુનિયા તારી કિંમત કરશે. જીવનમાં સૌથી કિંમતી વસ્તુ પૈસા નથી સમય છે. પૈસા ફરી કમાઈ શકાય છે. વહી ગયેલો સમય ક્યારે પાછો આવતો નથી. જે સમયની કદર કરે છે. સમય પણ એક દિવસ તેમની કદર કરે છે. આળસ સપનાઓને અધૂરા રાખી દે છે. નાની શરૂઆતથી ડરશો નહી મોટું વૃક્ષ પણ એક નાનકડા બીજથી ઊગે છે. બીજાની સફળતા જોઈને ઈર્ષા નહી કરો તેમની મહેનતમાંથી પ્રેરણા લો નશીબ દરવાજો ખખડાવે કે નહી મહેનત પોતાનો રસ્તો જરૂર બનાવી લેશે. આજથી નિર્ણય લો સમયનો સદ્દપયોગ કરો માતા પિતાનું માન સન્માન જાળવો અને પોતાના સપનાઓ માટે રોજ એક પગલું આગળ વધો. યાદ રાખજો સમય બદલાય ત્યારે તક મળે છે પરંતુ માણસ બદલાય ત્યારે આખુ જીવન બદલાય છે. સમય, સંબંધ અને લાગણી આ ત્રણે પર કિંમતનું કોઈ લેબલ નથી હોતું પણ જયારે એને ગુમાવી દઈએ છીએ ત્યારે તેની સાચી કિંમત સમજાય છે.

## દરજી મરે ત્યાં સુધી કપડાં સીવવાની જ મરજી

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**



કોઈને પણ આપણે પ્રશ્ન પૂછીએ છીએ કે તારી મહેચ્છા શું છે? બધા પાસેથી આ જ જવાબ મળે છે કે, મારે રાતોરાત ધનવાન થવું છે. કોઈને ખાનદાન થવામાં રસ નથી. ધનવાન અને ખાનદાન એ હંમેશા એકમેકનો છેદ ઉડાડે એવા શબ્દો નથી, પણ રાતોરાત ધનવાન થવા માટે માણસે ઘણું બધું અભરાઈએ ચઢાવવું પડે. મૂલ્યો પર ચોકડી મૂકવી પડે. ને એની વહેલી મોડી કિંમત ચૂકવવી પડે. કોઈને પસીનો પાડવો નથી, પુરુષાર્થ કરવો નથી, ટૂંકા અને સગવડિયા રસ્તાની શોધમાં બધા જ નીકળી પડ્યા છે. અભ્યાસ કર્યા વિના કોઈકને નિષ્ણાત થવું છે. સૌને કંઈક થવું છે પણ સાધના કર્યા વિના. રાતોરાત લાઈમલાઈટમાં આવવું છે. કેટલીયે રિયાજ યાદ કર્યા પછી લતા, લતા મંગેશકર થઈ શકે છે. તમે આપોઆપ આખાને આખા ધરબાઈ જાઓ પછી જ છાંયો અને ફળ આપતું વૃક્ષ પ્રકટે. માબાપને પણ એમ હોય છે કે, એમનો દીકરો નામ કાઢે, કુળ ઉજાળે. કોઈકને ધન જોઈએ છે કોઈકને કીર્તિ. વાસ્તવિકતાથી કોઈને સંતોષ નથી. બધાજ ખ્વાબી થઈ ગયા છે. દરેકની નજર સામે અત્તરના ફુવારા ઉડતા હોય છે. સાંભળેલી એક કથા છે કે, બે મિત્રો વર્ષો પછી એકમેકને મળે છે. મૈત્રી સાચી છે એટલે સમયનું અંતર કોઈને નડતું નથી. વાતમાંથી વાત નીકળતી જાય છે. સુખ દુ:ખની, સંસારની, કઠિનાઈની.... તરેહ તરેહની વાત ચાલે છે.

એકમિત્ર બીજા મિત્રને પૂછે છે, તારે કેટલા દીકરા? ત્રણ, શું કરે છે ? અરે, મારા મોટા દીકરાની તો વાત જ જવા દે! બહુ મોટો વૈજ્ઞાનિક છે. કોઈપણ ક્ષણે નોબલ પ્રાઈઝ મળે એવું એનું કામ છે. ચારેબાજુ એની વાહ વાહ થાય છે. લોકો મને પણ મારા દીકરાને નામે ઓળખે છે. હું કોણ? તો કહે કે પ્રસિદ્ધ વૈજ્ઞાનિકનો પિતા. બીજો દીકરો રાજકારણમાં... એને દેશ જ બહુ વહાલો. કોઈ દિવાલ એવી નહીં હોય જ્યાં એનાં પોસ્ટરો લાગ્યા ન હોય. છાપાઓમાં ઠેર ઠેર એની મુલાકાતો, ફોટાઓ.ચૂંટણીમાં જીતે તો અમારા એકોતેર કુળ તરી જાય. દુ:ખ માત્ર ત્રીજા દીકરાનું છે. એનું કશું જ ઠેકાણું નથી. એને નથી કોઈ ઝંખના, નથી કોઈ મનોરથ. એ ભલો ને એનું કામ ભલું. જે છે એનાથી જ રાજી. લોકોના મોંઘાદાટ કપડાં સીવ્યા કરે. દરજીનું કામ કર્યા કરે છે. મરે ત્યાં લગી દરજી જ રહેવાની મરજી. જોકે અત્યારે તો કુટુંબનો ખર્ચ નિભાવે છે એ.

જે માણસ કુટુંબનો બોજો ઉપાડી શકે છે, લોકોના શરીર ઢાંકે છે અને કુટુંબની આબરૂ ચીંથરેહાલ કરતો નથી અને પોતાની પરિસ્થિતિથી જેને સંતોષ છે એનું પિતાને ગૌરવ નથી. જે યુવાનો પાસે વર્તમાન નહીં પણ ખ્વાબી શેખચલ્લીમાં આવતીકાલ સંકળાઈ છે એનાં અછો વાના થયા કરે છે.


પ્રખંડ જૈન મુનિ રત્નસુંદરવિજયજીની એક બે સરસ વાતો યાદ આવે છે. કહે છે કે, વાસ્તવમાં ઓછું હોતું નથી પણ માણસને ઓછું લાગ્યા કરે છે. પછી, એમણે સતયુગ અને કળિયુગ ની વ્યાખ્યા આપી.

'સતયુગ' એટલે એમાં સજ્જનો વધારે દુર્જન ઓછા; અને એ પણ એવાં કે સજ્જન થઈ શકે. કળિયુગમાં દુર્જન ચિક્કાર. સજ્જન અત્યંત ઓછા; પણ એવાં સજ્જનો કે કોઈપણ ક્ષણે દુર્જન થઈ શકે. સાહેબ, વીસમી સદીનો અંત આવો છે તો એકવીસમી સદીનો ઉઘાડ કેવો હશે? કેવળ સપનાથી જિવાય નહીં. કેવળ સપનામાં રાચીએ તો શું ને શુંય થઈ જાય ! ગુજરાતી કવિ વેણીભાઈ પુરોહિતની આ પંક્તિ અતિ યાદ આવે છે

'ગુલછડીનાં ખ્યાલમાં બાવળ બની ગઈ જિંદગી.' બધાને જ કહું છું, શ્રીમંત બનવા માટે ટૂંકા અને સગવડિયા રસ્તાઓ શોધવાનું હવે બંધ કરીએ.

## તક સામેથી નથી આવતી શોધવી પડે છે

**રાયસીંગ ડી. વળવી**
**ધરમપુર**



આ ધરતી ઉપર મનુષ્ય રૂપે જન્મ્યા એ જ મોટુ સદ્દભાગ્ય છે. પુરાણોમાં તત્વચિંતકો અને ઋષિ મુનિઓએ અદ્દભુત લખ્યું છે. માણસે કેવું જીવન જીવવું અને મળેલી તક સમય અવસરનો ઉપયોગ કેવી રીતે તેની રીત રસમ બતાવી છે. પરંતુ તેનો ઉપયોગ આપણે કરી શકતા નથી. કેટલાય જન સમુદાય માંથી આવેલ આ વાત હશે પ્રયત્નો બધા કામો માટે કરીએ છીએ. બધા જ સફળ નથી થતાં આજે સમાજના ફલક પર ભૌતિક સમૃદ્ધિઓને ખડકો થઈ ગયો છે. જીવન જીવવા કેટલીય અનાવશ્યક ચીજો તો સગ્રણ કરીએ છીએ. સાધના, સામગ્રી, ચીજ વસ્તુઓ પુરવઠો જેમાંથી બધી ચીજોની ઉપયોગ થતો નથી. છતાં આપણ મન અને અર્પણ ઈચ્છા ઓનો અંત આવતો નથી. બીનજરુરી ઘર - મકાનનું પણ એવું જ છી. મોટી મોટી બીલ્ડીંગો વિજશાળ જગ્યમાઓથી સભર ઘર ઈચ્છા શકિતનો અંત આવતો નથી. નબળા માણસો તકને મોજ્ઞી રાહ જોઈને બેસી રહે છે. ત્યારે મજબુત માણસો તક મેળવે છે. તક ઉભી કરે છે. તક કયારેય નથી મળતી આપણે ઉભી કરવી પડે છે. અને તે તક મળેલ સમયનો ઉપયોગ કરી લેવો પડે છે. સાગરના પાણીના મોજા કિનારે અથડાય છે. બધા જ જોરદાર નથી હોતાં. કોઈ ધ્રુવતા પ્રચંડ હોય છે. તો દુનિયામાં હોય એનો સમય કંઈ હોતો નથી. મનુષ્યને પોતાની તક મેળવવા માટેનું વિદેશી લેખક તક માટે સુંદશ શીખ આપી છે. એમના અનુભવની વાત કરી છે. તક મળતી નથી એ તો નબળા મનના મનુષ્યોનું જ હંમેશનું બહાનું છે. દરેક મનુષ્યને જીવનમાં અનકે તક મળે છે. શાળા અને પાઠશાળાઓનો દરેક પાઠ એ એક તક છે. દરેક પરીક્ષા જીવનની એક તકી છે. તમારામાં અન્યનો વિશ્વાસ છે. એનુ દરેક પ્રમાણ તે પણ એક તક છે. પ્રયત્નશીલ મનુષ્યોને જ જીવનનો અધિકાર છે. અને આ અધિકાર મર્દની માફક ભોગવવામાં આવે તો તમારી યોગ્યતાને અનુસરતી ફતેહ માટે તેમ ઉપયોગ કરી શકે તેના કરતા પણ વધારે તક મળશે. તકને આપણે ધ્યેય બનાવીએ મનુષ્ય પ્રત્યે ઈશ્વર કૃપા જારી રાખવા પડે.

## ઓન પેપર એન્ટી રેગિંગ કમિટી


**ડો. જે. એમ. નાયક**
**નવસારી**



યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના નિયમો અનુસાર દરેક ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં એન્ટી રેગિંગ કમિટી બનાવવી ફરજીયાત છે. આ કમિટી દ્વારા કોલેજોમાં રેગિંગ નહીં થાય તે માટે પોલીસી બનાવવામાં આવે છે એટલું જ નહીં વિદ્યાર્થીઓમાં એ સંદર્ભે જાગૃતિના કાર્યક્રમો પણ કરવામાં આવે છે. એન્ટી રેગિંગના કેસોની તપાસ પણ આ સમિતિ દ્વારા કરવામાં આવે છે. તાજેતરમાં સુરતની સિવિલ હોસ્પિટલના ડો. હર્ષ પંડ્યાએ સિનિયર્સ દ્વારા થતાં રેગિંગને કારણે ફાંસો ખાઈ લીધો હતો એટલું જ નહીં ભૂતકાળમાં પણ અનેક વિદ્યાર્થીઓએ રેગિંગને કારણે આત્મહત્યા કરી લીધી હોય એવા દુ:ખદ બનાવો બન્યા છે. શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાર્થીઓને અભ્યાસ કરીને શૈક્ષણિક કારકિર્દી બનાવવા માટે હોય છે. પરંતુ કોલેજોમાં રેગિંગ થકી સિનિયર્સ દ્વારા ડરનો માહોલ ઊભો કરવામાં આવે છે. રેગિંગ એ ગુનો હોવા છતાં સિનિયર વિદ્યાર્થીઓ ફક્ત ફન માટે રેગિંગ કરે છે અને જુનિયર વિદ્યાર્થીને આત્મહત્યા કરવા સુધી મજબૂર કરી દે છે. સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયર વિદ્યાર્થીઓને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવે છે. ડો. હર્ષ આપઘાતના કેસમાં સુરત સિવિલના ચાર સિનિયર્સ ડોક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આશ્ચર્યની વાત તો એ છે કે સસ્પેન્ડેડ ચારમાંથી ત્રણ તો ડોક્ટર છોકરીઓ છે. સરકાર દ્વારા રેગિંગના સંદર્ભે ખૂબ જ કડક નિયમો બનાવવામાં આવ્યા છે છતાં સિનિયર્સને એનો બિલકુલ ડર નથી. સરકારશ્રીના ઠરાવ છતાં પણ અવરનવર રેગિંગની ઘટનાઓ બનતી રહે છે કારણ કે સરકારના ઠરાવનું પાલન થતું નથી. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ સંદર્ભે પ્રથમ ત્રણ મહિના સુધી દર ૧૫ દિવસે રેગિંગ સંદર્ભે સર્વેની કામગીરી કરવાની હોય છે. પરંતુ વાસ્તવમાં એનું પાલન થતું નહીં હોય પરિણામે આવા દુ:ખદ બનતા રહે છે. તમામ કોલેજોમાં એન્ટી રેગિંગ કમિટી હોવા છતાં આવી ઘટનાઓ બનતી રહે છે એટલે આ કમિટી ઓન પેપર જ હોય છે એવું કહેવામાં અતિશયોક્તિ નથી. વાસ્તવમાં નિયમ અનુસાર એ કમિટીના સભ્યો એક્ટિવ રહેતા નથી. આપઘાત નહીં કર્યો હોય પરંતુ માનસિક રીતે અસંતુલન ખોય બેઠા હોય અને રેગિંગને કારણે અધવચ્ચે અભ્યાસ છોડી દીધો હોય તેનો પણ સર્વે હાથ ધરાવો જોઈએ. રેગિંગ દ્વારા જ્યારે કોઈ વિદ્યાર્થીનો ભોગ લેવામાં આવે છે ત્યારે રેગિંગ કરનારાઓને કડકમાં કડક સજાની જોગવાઈ થવી જોઈએ.

## ચરિત્ર નિર્માણ

**હર્ષદ દેસાઈ**
**વટાર**



ચરિત્ર આપણા વ્યકિતત્વનો સાર છે. તે માણસના વિચાર, વ્યવહાર અને સંસકારોના માધ્યમથી અભિવ્યકત થાય છે. ચરિત્ર જ એ માણસને બીજા માણસથી જુદો પાડે છે. ચરિત્ર આપણી સાચી ઓળખાણ છે.

માણસના ચરિત્રને જોઈને એના ભવિષ્ય અને ભાગ્યે ભાખી શકાય છે. ચરિત્ર નિર્માણ દ્વારા આપણા જીવ અને ઈચ્છિત દિશામા વાળી શકાય છે. જો માણસનું ચરિત્ર ઉજવળ હોય તો તેનું વ્યકિતત્વ પ્રભાવશાળી અને ગૌરવપૂર્ણ બને છે. તથા જીવનમાં તેને સુખ, શાંતિ, સહકાર તથા બીજા સુખદ પરિણામો આપે છે. માણસ પોતાના ભાગ્ય પુરુષાર્થ તથા પરિસ્થિતિમા આધ્ધારે સફળતા મેળવે છે. અને એ ત્રણેયના સંયોગના આધારે ઉન્નતિ કે અવનતિ પામે છે. જો તે ઉન્નતિના શિખરે પહોચ્યો હોય તો પોતાના ચરિત્રના બળે ત્યા ટકી રહે છે. જો ચરિત્ર સારુ ન હોય તો પતનની ખાઈમાં પડતા વાર લાગતી નથી. આમ ચરિત્ર માણસના જીવનું મહત્વનું પાસુ અને અગત્યનો આધાર છે. ચરિત્રને શ્રેષ્ઠ બનાવવા માટે માણસે સયમિત અને સદાચાર યુકત જીવન જીવવું પડે છે. ઉચ્ચ ચરિત્રવાળા મનુષ્ય પર બીજા બધા લોકો વિશ્વાસ રાખે છે અને તેને સન્માન આપે છે. પરિવારમાં શાંતિ અને સદ્દભાવપૂર્ણ વાતાવરણનું નિર્માણ થાય છે. જો માણસના ચરિત્રમાં દુર્બળતા આવી જાય તો તેના પ્રત્યેનો વિશ્વાસ અને સન્માન તથા આદર ઘટી જાય છે. ચરિત્ર વગરનોમનુષ્ય કલગી વગરાન મોર જેવો તુચ્છ થઈ જાય છે. જેનુ ચરિત્ર ઉચ્ચ અને નિષ્કલંક હોય તેના નૈતિકબળ, મનોબળ અને આત્મબળમાં વૃદ્ધિ સહલાઈથી થાય છે. એવા લોકો પ્રતિકૂળ પરિસ્થિતિમાં તથા ગમે તેવા અવરોધોનો સામનો ખુબ સહેલાઈથી કરી શકે છે. છત્રપતિ શિવાજીનું ચરિત્ર ઉજ્જવળ હતુ. તેઓ પર સ્ત્રીને માતા સમાન માનતા હતાં. હિન્દુ સંસ્કૃતિ અને ધર્મની રક્ષા માટે સ્વામી સમર્થ રામદાસે તેમને પસંદ કર્યા હતાં. અને દેવાની ભવાની પાસેથી તલવાર અપાવી હતી. ચરિત્ર નિર્માણના કારણે માણસની વિશ્વસનીયતા અને પ્રામાણિકતામાં વધારો થાય છે. આ ઉપરાંત તે માણસને તેજસ્વી, જ્ઞાની અને પ્રાણશકિતથી ભરપુર બનાવે છે. સ્વામી વિજવેકાનંદની તેજસ્વીતા ચતથા પ્રખરતા તેમના ઉજ્જવળ ચરિત્રનું જ પરિણામ હતું.

ચરિત્રવાન વ્યકિતને લોક સન્માન તથા પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે ચરિત્ર નિર્માણ થાય તો જ માણસ અધ્યાત્મ ક્ષેત્રમાં પ્રગતિ કરી શકે છે.

જે આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉન્નતિ કરવા માંગતો હોય તેણે ચિંતન ચરિત્ર અને પોતાના વ્યવહારને પવિત્ર રાખવા પડે છે. ચરિત્રવાન અને પવિત્ર સાધકો જ દેવી અનુગ્રહના અધિકારી બને છે. ચરિત્રનું નિર્માણ કરવા માટે ઉચ્ચ બનોમળની જરુર પડે છે. નિરંતર પોતાના મન સાથે સંઘર્ષ કરવો પડે છે. મનને પતન તરફ જતો અટકાવીને ઉન્નતિના માર્ગે વાળવા સતત પુરુષાર્થ કરવો પડે છે. મનનો સ્વભાવ તો પાણીની જેમ નીચેની તરફ જવાનો જ છે. પરંતુ સતત સાધના દ્વારા તેને ઉપ ર ઉઠવતા રહેવું પડે છે. જો આટલું ધ્યાન રાખવામાં આવે તો જ ચરિત્ર નિર્માણ થઈ શકે છે અને મનુષ્ય પ્રભાવશાળી બને છે.

## આઝાદીની ઉજવણી અને આવતી કાલ...!

**લાયન કિરીટ શાહ**
**વાપી**



સ્વતંત્રતા દિવસની ઉજવણીનો માહોલ જન ગણ મન અને વંદે માતરમના નારા સાથે હજીય અનુભવાય રહ્યો છે ત્યારે પ્રશ્ન એ પણ થાય છે કે આ તે કેવી આઝાદી અને આ તે કેવા વારસો મળેલી આઝાદીના કે જ્યારે સ્વાતંત્ર્ય દિવસની ધ્વજ વંદના વખતે જ દેશના જનપ્રતિનિધિઓ વંદેમાતરમ્ ને વિવાદ બનાવી રહ્યા છે..!

આઝાદીની સ્વતંત્રતા અને સ્વતંત્રતા થકી મળેલ આઝાદીનું શું આ પ્રમાણ છે..! કેટલાય વિકટ -ો મોં ફાડીને ઊભા છે ત્યારે સમગ્ર દેશના જવાબદાર એવા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ એક એવા મુદ્દા પર બાખડી રાજકારણ કરે એ કેટલું યોગ્ય છે.? આજે યુવા પેઢીને દિશા સૂચવવાનો, માર્ગદર્શન આપવાનો અને સજ્જ કરવાનો છે ત્યારે થોડીક વ્યાપી રહેલ ગુલામી વિષે ધ્યાન દોરવું પણ જરુરી છે.

ખેલાઈ રહેલું રાજકારણ પંચવર્ષીય યોજના બની ચૂક્યું છે એ પણ એક પ્રકારની ગુલામી જ છે. એકબીજાનો વિરોધ કરો અને બસ રાજકારણ રમતા રહેવું એ ગુલામીનો એક અજાણ પ્રકારની કહી શકાય..?

શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલ ઘોર અરાજકતા એ પણ ભ્રષ્ટાચાર અને બેદરકારી જેવી ગુલામીનું પરિણામ કહી શકાય.

ચારે તરફથી પકડાતા ગુટકા, ગાંજો, ડ્રગ્સ જેવા છૂટથી મળતા પદાર્થો નિષ્ફળ ગયેલ કાનૂની વ્યવસ્થાનો પુરાવો નથી.? અને ભોગ કોણ બને છે.? આપણી યુવા પેઢી. આપણાં સંતાનો. આપણું અને રાષ્ટ્રનું ભવિષ્ય.!યુવાપેઢીને પ્રેરણા અને પ્રોત્સાહન એવી કોઈ વ્યવસ્થા દેખાતી જણાતી નથી. શિક્ષણ રોજગારી આપે એટલું સક્ષમ પૂરવાર ન થતાં યુવાઓમાં ફેલાતું હતાશા, નિરાશાનું પ્રમાણ માનસિક રીતે યુવા પેઢીને ગેરમાર્ગે દોરે છે, આત્મહત્યા તરફ દોરે છે, એ શિક્ષણ વ્યવસ્થાની નિષ્ફળતાનો દાખલો નથી તો શું છે.? મેડીકલ કોલેજમાં લાખો કરોડોના સરકારી ખર્ચે તૈયાર થયેલા ડોક્ટર જુનીયર ડોક્ટરોને હેરાન કરી આત્મહત્યા કરવા સુધી દોરે કે મજબૂર કરે એ બાબત કેટલી ગંભીર છે.! આ બધું વર્ષોથી ચાલે છે ને એનો નીકાલ જો કાયદા હોવા છતાં ન થતો હોય, કાયદા હોવા છતાં દરેક મુખય પરિક્ષાના પેપરો ફૂટતા રહેતા હોય ને લાખો વિદ્યાર્થીઓ પોતાના અંધકારભર્યા ભવિષ્યમાં અટવાતા હોયને કાયદો એને અટકાવી ન શકે તો એવી નોકરશાહીનો આ દેશ ગુલામ નથી લાગતો..? ખાનગી સંસ્થા કે કારખાનામાં કામ કરતો પરસેવો પાડતો ને દેશના જીડીપી માં મહત્વનું યોગદાન આપતો કામદાર કેટલો સુરક્ષિત છે? નિવૃતી કાળમાં એને શું મળે છે.? તો બીજી તરફ થોડા દિવસો કે મહિના માત્ર ચૂટાયેલા જનપ્રતિનિધિઓ હજારો લાખો રૂપિયાનું પેન્શન મેળવવા પાત્ર બની જાય આ વાત કેટલી ન્યાયી લાગે છે.?

બંધારણમાં થયેલ ઉલ્લેખ પ્રમાણે મળવા નિર્ધારીત મફત શિક્ષણ બધાને મળે છે ખરું..? જ્યાં વિદ્યાર્થીઓ નથી ત્યાં શિક્ષકોને પગાર ચૂકવાય અને વિદ્યાર્થીઓ છે ત્યાં શિક્ષકો ન હોય એ હકીકત જ આપણી ગુલામીની નિશાની નથી.?

યુવા પેઢીની સમયસર કાળજી નહીં લેવાય, એમની વાતો ધ્યાનમાં નહીં લેવાય, અને એમને જો યોગ્ય દિશા પુરી નહીં પાડવામાં આવે તો એ રાષ્ટ્રહિત ની વાત નહીં હોય, આ સ્થિતીનો લાભ નિ?ત પણ રાષ્ટ્ર વિરોધી તત્વો અને દેશના દુશ્મનો ઉઠાવવાનો -યત્ન કરી દેશને અરાજકતા તરફ દોરી શકે. યુવાઓને સમાજ અને રાષ્ટ્ર સાથે જોડી જગાડવાનો અને પ્રોત્સાહિત કરવાનો આ સમય છે. રાજકારણનો નહીં.

શિક્ષણ અને સ્વાસ્થ્ય ઉપચારો જનસામાન્ય માટે કમરતોડ સાબિત થાય, બનાવટી દૂધ, ઘી, તેલ, પનીર અને દવાઓ સુધ્ધાંની ફેક્ટરીઓ ખુલ્લેઆમ ચાલ્યા કરે ને સતત અનેકવિધ સમસ્યાઓનો એકધારો ભોગ જો પ્રજા બન્યા કરે તો આ શું આઝાદીની નિશાની છે..? આ ગુલામી નથી તો શું છે.? કોઈ કહેશે કે ખરેખર આપણે આઝાદ છીએ..?ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન.

સ્થાનિક સમાચારો
Thursday 27, August 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# દાનહમાં ઈદે મિલાદ નિમિત્તે નિકળેલા જુલુસમાં સેંકડો લોકો જોડાયા



**સેલવાસ, તા.૨૬ :** સેલવાસમાં પયગંબર મુહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લ આ જુલુસ જામા મસ્જિદ અને બાવીસા ફળિયાથી શરૂ થયો હતો. બંને જુલુસ કિલવાણી નાકા ખાતે ભેગા થયા હતા. ત્યારબાદ આ જુલુસ શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થયો હતો, જેમાં કલેક્ટર ઓફિસ રોડ અને ટોકરખેડાનો સમાવેશ થાય છે, અને અંતે જામા મસ્જિદ ખાતે સમાપ્ત થયો હતો.

જુલુસ દરમિયાન મુસ્લિમ સમુદાયે ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. જુલુસ વિવિધ માર્ગો પરથી પસાર થતાં લોકોએ પરસ્પર ભાઈચારો અને સંવાદિતાનો સંદેશ ફેલાવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન જરૂરી સુરક્ષા અને ટ્રાફિક વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

# ધરમપુરમાં ઈદે મીલાદ નિમિત્તે જુલુસ યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**ધરમપુર, તા.૨૬ :** ઈદે મીલાદ પર્વ નિમિત્તે ધરમપુરના દશેરા પાર્ટી ખાતે મુસ્લિમ સમાજ દ્વારા ધાર્મિક શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દશેરા પાર્ટીથી ભવ્ય જુલૂસનું આયોજન કરવામાં આવ્યું હતું.



યુસુફભાઈ મકસુદભાઈ શેખ ઉર્ફે પપ્પુભાઈ, કમર આલમ પઠાણ, અસલમ શેખ અને મુફીદ પઠાણની આગેવાની હેઠળ યોજાયેલા જુલૂસમાં મોટી સંખ્યામાં મુસ્લિમ સમાજના યુવાનો જોડાયા હતા. જુલૂસ દશેરા પાર્ટીથી હાથીખાના, સમડીચોક સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ ફરી દશેરા પાર્ટી ખાતે પહોંચ્યો હતો.

જુલૂસ દરમિયાન ડીજેના તાલે યુવાનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ઈદે મીલાદ પર્વ નિમિત્તે મોડી સાંજે મુસ્લિમ બિરાદરો દ્વારા નિયાઝનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પીઆઈ નિખિલ ભોયા તથા પીએસઆઈ વસાવાના માર્ગદર્શન હેઠળ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ગોયમા જલારામ મંદિર પાસે અકસ્માતમાં યુવકનું મોત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૬ :** પારડી તાલુકાના ગોયમા ગામે જલારામ મંદિર નજીક પરીયાથી નાનાપોંઢા તરફ જતા રોડ પર આઈસર ટેન્કર અને યામાહા FZ મોટરસાઈકલ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મોટરસાઈકલ ચાલક ૨૦ વર્ષીય મનોજ ધવળુભાઈ કડાળીનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું હતું મળતી માહિતી મુજબ તા. ૨૬ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે આશરે ૮:૪૫ વાગ્યાના અરસામાં મનોજ ધવળુભાઈ કડાળી યામાહા FZ મોટરસાઈકલનં.GJ-15-EK-8433 લઈને પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન આઈસર ટેન્કર નં. GJ-21-Y-3364ના ચાલકે વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી મોટરસાઈકલ સાથે અકસ્માત કર્યો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે અકસ્મતમાં મનોજને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે રોહીણા સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે ફરજ પરના તબીબે તપાસ બાદ સવારે ૯:૩૦ વાગ્યે મનોજને મૃત જાહેર કર્યો હતો અકસ્મતાની જાણ થતાં પરિવારજનો અને ગામના લોકો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઘટનાસ્થળેથી આઈસર ટેન્કર તથા મનોજની મોટરસાઈકલ મળી આવી હતી. આઈસર ટેન્કર ચાલક તરીકે દિવ્યેશકુમાર રામુભાઈ પટેલ (ઉ.વ. ૩૦), રહે. નારણપોર ગામ, ઝઘડીયા ફળિયું, તા. ખેરગામ, જી. નવસારીનું નામ સામે આવ્યું છે.

મૃતકના પિતા ધવળુભાઈ દેવરાભાઈ કડાળીએ પારડી પોલીસ સ્ટેશનમાં આઈસર ટેન્કરના ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

# વાપીમાં પીકઅપે બાઈકને ટક્કર મારતાં કિશોરનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૬ :** વાપી ટાઉન વિસ્તારમાં જૈન દેરાસર પાસે ૨૧ ઓગસ્ટની રાત્રે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક સગીરનું મોત નીપજ્યું છે. અકસ્માત સર્જી પીકઅપ ચાલક નાસી જતા પોલીસે હિટ એન્ડ રનનો ગુનો નોંધ્યો છે.

મળતી માહિતી મુજબ ૧૬ વર્ષીય હર્ષિતકુમાર મુકેશકુમાર હરિ પોતાના મિત્ર કરણ ઠાકોર સાથે મોટરસાઈકલ (નં. GJ-15-DN-6313) પર મિત્રના ઘરેથી પરત ફરી રહ્યો હતો. ત્યારે સામેથી પૂરઝડપે આવી રહેલી એક અજાણી પીકઅપ ગાડીએ તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક ચલાવી રહેલો કરણ દૂર ફેંકાઈ જતા બચી ગયો હતો, જ્યારે પાછળ બેઠેલા હર્ષિતને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિકો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને તાત્કાલિક ચલા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે મૃતકના પિતા મુકેશકુમારની ફરિયાદના આધારે વાપી ટ્રાફિક પોલીસે અજાણ્યા પીકઅપ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તેની શોધખોળ હાથ ધરી છે.

# ચીખલીના એક ગામમાં સગીરાએ ફાંસો ખાધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૬ :** ચીખલી તાલુકાના પ્રધાનપાડા વડ ફળિયા ખાતે રહેતા પ્રવીણભાઈ ગનુભાઈ પટેલ ની દીકરી ઉર્વિશા બેન પ્રવીણભાઈ પટેલ ઉ.વ. ૧૫ જે કુકેરી ગામે આવેલ શાંતાબા વિદ્યાલયમાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરી રહી હતી અને શાંતાબા વિદ્યાલયના હોસ્ટેલમાં જ રહેતી હતી જે રક્ષાબંધન નું વેકેશન હોય જેને લઈ તારીખ ૨૩. ૮. ૨૬ ના રોજ કુકેરી હોસ્ટેલ ખાતેથી પોતાના ઘરે રહેવા આવી હતી જે મંગળવારે સાંજે ઓટલા ઉપર બેસીને લેસન કરી રહી હતી અને ચોપડાનું દફતર પણ ખાટલા ઉપર મુકેલ હોય અને ઉર્વિશા નજરે ન પડતા જેને આજુબાજુના ઘરોમાં શોધવા છતાં પણ ન મળતા જે પોતાના ઘરના રસોડાના ભાગે ભીતની દીવાલમાં આવેલ વાંસના લાકડા ઉપર એક નાયલોન નો દુપટ્ટો બાંધી પોતાની જાતે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લીધેલ હાલતમાં જોવા મળી હતી બનાવની જાણ ચીખલી પોલીસને કરવામાં આવી હતી. વધુ તપાસ રાનકુવા પોલીસ ચોકીના હે.કો અલ્પેશભાઈ દિનુભાઈ કરી રહ્યા છે.

# ચીખલી રાનકુવા માર્ગ પર ટ્રક અડફેટે મહિલાનું મોત

**ચીખલી, તા.૨૬ :** ચીખલી કોલેજથી રાનકુવા જતા માર્ગ ઉપર આવેલ માણેકપોર ગામની હદમાં ગાંધી રોડ બિલ્ડર્સની સામે સાંજના સમયે એક એક્ટિવા ગાડી નંબર જીજે ૨૧ બીએમ ૯૮૩૪ ઉપર સવાર અંજનાબેન વિરેન્દ્રભાઈ પટેલ અને ધ્રુવીકાબેન આશિષભાઈ નાયકા પટેલ ઉ.વ. ૨૬ બંને રહે. રાનવેરીકલ્લા નહેર ફળિયા તા. ચીખલી જેઓ કપડા ખરીદી કરીને ઘરે પરત જઈ રહ્યા હતા દરમિયાન એક હાઈવા ટ્રક નંબર gj 01 gd 7317 ના ચાલકે પોતાનું વાહન પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી આગળ ચાલતી એકટીવા મોપેડ સાથે ધડાકાભેર અથડાવી દેતા એકટીવા મોપેડ ઉપર સવાર અંજનાબેન પટેલ રોડ ઉપર પટકાયા હતા જ્યારે પાછળ બેઠેલ ધ્રુવીકા આશિષ નાયકા પટેલ રોડ ઉપર પટકાતા જેને માથામાં ગંભીર ઈજા પહોંચતા જેનું સ્થળ ઉપર જ કરુણ મોત નીપજવા પામ્યું હતું જ્યારે અંજનાબેન પટેલને ડાબા હાથમાં અને ડાબા પગમાં ઈજા પહોંચતા જેને સારવાર લેવાની નોબત આવી છે બનાવ અંગેની ફરિયાદ મરનાર ધ્રુવીકાબેન પટેલના પતિ આશિષ અરવિંદ નાયકા પટેલે ચીખલી પોલીસ મથકે કરતા આગળની વધુ તપાસ ચીખલી ના પીએસઆઈ આર. એન. વાડલે કરી રહ્યા છે.

# વાપી બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે રક્ષાબંધન પર્વ ઉજવાયું









(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપીના બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે રક્ષાબંધન પર્વ નિમિત્તે વિશેષ રક્ષાબંધન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાપી કોપરલી સ્થિત ઈસ્કોન મંદિરના પૂ. સુંદર ગોપાલ પ્રભુજી, બેંક ઓફ ઈન્ડીયા જીઆઈડીસી બ્રાન્ચના ચીફ મેનેજર પ્રભાકર ગુપ્તા, સંપૂર્ણ સ્થાનિક દૈનિક દમણગંગા ટાઈમ્સના એમડી શીતલ ઉપાધ્યાય વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

આ સમારોહ દરમિયાન દમણગંગા ટાઈમ્સના એમડી શીતલ ઉપાધ્યાયએ ડીજીટલ યુગમાં સબંધોની સુરક્ષા વિષયે પોતાના ઉદ્દબોધનમાં એપલના સ્ટીવ જોબ્સનું ઉદાહરણ ટાંકી મોબાઈલ જેવા ગેજેટોના ઉપયોગમાં વિવેક રાખવા અનુરોધ કર્યો હતો. જ્યારે ઈસ્કોનના પૂ. સુંદર ગોપાલ પ્રભુજીએ તેમના વિસ્તૃત વક્તવ્યમાં સ્ક્રીન ટાઈમની સબંધો પર થતી માઠી અસરો અંગે જણાવ્યું હતું. બીઓબીના અધિકારીએ બ્રહ્માકુમારીઝ સાથેના તેમનો જુનો નાતો યાદ કર્યો હતો. જ્યારે બ્રહ્માકુમારીઝ વાપી કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. રશ્મિબેને વક્તવ્ય આપ્યું હતું. તેમણે વ્યસનોમાંથી મુક્તિ માટેના વિશ્વવ્યાપી અભિયાનમાં બ્રહ્માકુમારીઝની ભાગીદારી અંગે જણાવી વ્યસનમાંથી મુક્ત થવા માટેનો સંકલ્પ લેવડાવી રક્ષાબંધનની સાર્થક કરવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે બ્રહ્માકુમારી કેન્દ્રની બહેનોએ ઉપસ્થિત મહેમાનોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ભાવપૂર્વક ઉજવણી કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન બ્રહ્માકુમારીઝના વાપી કેન્દ્રના મુખ્ય સંચાલિકા રશ્મિબેન તેમજ કેન્દ્રની અન્ય બ્રહ્માકુમારીઝ બહેનો અને સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો અને સભ્યોએ રક્ષાબંધન પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે દમણગંગા ટાઈમ્સના તંત્રી, મુદ્રક, પ્રકાશક શ્રીમતી મંજુલાબેન ઉકાણી તેમજ વાપીના અગ્રણી આગેવાનો સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

# ધરમપુર તા.પં.ની સામાજિક ન્યાય સમિતિની રચના રદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૬ :** ધરમપુર તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિની રચનાને લઈને થયેલી રજૂઆતના પગલે વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતે અગાઉની સમિતિની રચના રદ કરવાનો હુકમ કર્યો છે. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૨૪૯(૪) હેઠળ ખાસ સામાન્ય સભાના કામ નં. ૦૪ના ઠરાવ ક્રમાંક ૦૫ને પ્રતિષેધ કરી રદ કરવામાં આવ્યો છે. સાથે જ નિયમો મુજબ ૩૦ દિવસમાં નવી સમિતિ રચવા આદેશ અપાયો છે.

ધરમપુર તાલુકા પંચાયતના કોંગ્રેસ પક્ષના પાંચ સભ્યોએ તા. ૨૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ ડીડીઓને રજૂઆત કરી હતી. જેમાં સામાજિક ન્યાય સમિતિમાં વાલ્મીકી (સફાઈ કામદાર) વર્ગના એક સભ્યનો સમાવેશ ન કરાયો હોવાનો મુખ્ય મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. સંબંધિત નિયમો મુજબ સમિતિમાં વાલ્મીકી વર્ગના સભ્ય સહિત અનુસૂચિત જાતિ-જનજાતિના સભ્યો તથા એક મહિલા સભ્યનો સમાવેશ કરવાની જોગવાઈ છે. ડીડીઓના હુકમ મુજબ અનુસૂચિત આદિજાતિની મહિલા સભ્યની નિમણૂક યોગ્ય હતી, પરંતુ વાલ્મીકી વર્ગના સભ્યનો સમાવેશ ન થવાની બાબત પ્રથમ દૃષ્ટિએ નિયમવિરુદ્ધ જણાઈ હતી.

આ અંગે વિરોધ પક્ષના નેતા દેવું મોકાસીએ જણાવ્યું હતું કે સમિતિની રચના સમયે વિરોધ પક્ષે પણ પોતાના સભ્યોનો સમાવેશ કરવાની રજૂઆત કરી હતી, પરંતુ તેને માન્ય રાખવામાં આવી નહોતી. આ અંગે ડીડીઓને લેખિત રજૂઆત કરાતા હવે સમિતિ રદ કરવાનો હુકમ થયો છે. આગામી સમિતિમાં નિયમ મુજબ યોગ્ય સભ્યોનો સમાવેશ કરવાની માંગ તેમણે કરી છે તે ઉપરાંત તાલુકા કોંગ્રેસ મહામંત્રી મુફીદ પઠાણે જણાવ્યું હતું કે અગાઉની સમિતિમાં એસસી સમાજના સભ્યનો સમાવેશ ન થતાં કોંગ્રેસ દ્વારા વિરોધ કરી ડીડીઓને રજૂઆત કરવામાં આવી હતી. હવે સમિતિ રદ કરવાનો હુકમ થયો છે. આગામી રચનામાં નિયમ મુજબ એસસી સમાજને પ્રતિનિધિત્વ નહીં મળે તો ફરી ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની ચીમકી તેમણે આપી હતી. તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશ પટેલે આક્ષેપ કર્યો હતો કે અગાઉની સમિતિમાં એસસી સમાજના સભ્યને નિયમ મુજબ સ્થાન આપવામાં આવ્યું નહોતું. આ અંગે ડીડીઓને રજૂઆત બાદ સમિતિ રદ કરી નવી સમિતિ રચવાનો હુકમ થતાં ધરમપુર કોંગ્રેસે ડીડીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. હવે ડીડીઓના હુકમ મુજબ ૩૦ દિવસમાં નિયમોનુસાર નવી સામાજિક ન્યાય સમિતિની રચના કરવાની રહેશે, ત્યારે નવી સમિતિમાં કયા સભ્યોને સ્થાન મળે છે તેના પર સૌની નજર રહેશે.

# વલસાડ, ડાંગ અને નવસારીના અંતરિયાળ વિસ્તારોમાં બ્લડ સ્ટોરેજ સેન્ટરો જીવન સંજીવની કેન્દ્રો બન્યા

## વલસાડ રક્તદાન કેન્દ્રએ ૭ મહિનામાં ૧૭૩૯૪ યુનિટ રક્ત એકત્રિત કરી ૪૩૭૨ યુનિટ અંતરિયાળ વિસ્તારના હજારો દર્દીઓ સુધી પહોંચાડી ''રક્ત કવચ'' આપ્યું

**વિશેષ અહેવાલ: જિજ્ઞેશ સોલંકી**

**વલસાડ, તા.૨૬ :** વલસાડ રક્તદાન કેન્દ્ર દ્વારા ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લામાં ખાસ કરીને અંતરિયાળ અને આદિજાતિ વિસ્તારો એવા વાંસદા, ચીખલી, ધરમપુર, નાનાપોંઢા, કપરાડા, ઉમરગામ અને મહારાષ્ટ્રના સરહદી ગામડાઓની આદિવાસી વસ્તી માટે કાર્યરત કરાયેલા બ્લડ સ્ટોરેજ સેન્ટરો જીવન સંજીવની બન્યા છે. પહેલા લોકોએ રક્ત મેળવવા માટે ૧૦૦ થી ૧૬૦ કિમી દૂર સુધી રઝળવુ પડતું હતું. પરંતુ હવે નવા બ્લડ સ્ટોરેજ સેન્ટરો શરૂ થતા લોકોને નવુ જીવન મળી રહ્યુ છે. કટોકટીના સમયમાં ઘર આંગણે જ સારવાર પૂરી પાડવામાં આ સેન્ટરો મદદરૂપ બન્યા છે.

વલસાડ રક્તદાન કેન્દ્રના કુલ ૧૪ બ્લડ સ્ટોરેજ સેન્ટર પૈકી છેલ્લા ૭ મહિનામાં નવાં ખુલેલા ૦૫ બ્લડ સ્ટોરેજ સેન્ટર ખોલવામાં આવે છે જેમાં (૧) નવસારી જિલ્લામાં શ્રી હોસ્પિટલ, તથા (૨) કોટેજ હોસ્પિટલ, વાંસદા અને (૩) સ્પંદન હોસ્પિટલ, ચીખલી તેમજ વલસાડ જિલ્લામાં (૪) શ્રેયસ મેડિકેર જનસેવા હોસ્પિટલ, વાપી અને (૫) ચિરંજીવી હોસ્પિટલ, નાનાપોંઢા (કપરાડા)નો સમાવેશ થાય છે. આ સેન્ટરો શરૂ થતાં અગાઉ ચીખલી વિસ્તારના દર્દીઓને ૩૦થી ૫૦ કિમી, વાંસદાના દર્દીઓને આશરે ૭૦ કિમી અને ડાંગ જિલ્લાના અનેક દર્દીઓને ૧૦૦થી ૧૬૦ કિમી સુધીનો લાંબો પ્રવાસ કરીને સુરત, નવસારી અથવા વલસાડ સુધી જવું પડતું હતું અને રક્ત મેળવવાની પ્રક્રિયામાં ૪ થી ૧૨ કલાક જેટલો કિંમતી સમય પસાર થતો હતો, જે ગંભીર દર્દીઓ માટે જીવલેણ સાબિત થઈ શકતો હતો. આજે નજીકના બ્લડ સ્ટોરેજ સેન્ટરોમાં સરળતાથી બ્લડની ઉપલબ્ધતાના કારણે દર્દીના પરિવારનો કિંમતી સમય બચી રહ્યો છે અને દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ થઈ રહ્યું છે જેથી દર્દીના જીવન અને મૃત્યુ વચ્ચે નું અંતર વધ્યું છે. વલસાડ રક્તદાન કેન્દ્રના માનદ મંત્રીશ્રી ડો. વિશાલ મહેતા જણાવે છે કે, કેન્દ્ર સરકારના તમામ ધારાધોરણો મુજબ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ વલસાડ રક્તદાન કેન્દ્ર ત્રણેય જિલ્લામાં કુલ ૧૪ બ્લડ સ્ટોરેજ સેન્ટરોનું સફળ સંચાલન કરી રહ્યું છે. જાન્યુઆરીથી



જૂલાઈ -૨૦૨૬ દરમિયાન કુલ ૧૪ પૈકી કાર્યરત ૧૨ બ્લડ સ્ટોરેજ સેન્ટરોમાં માત્ર ૭ મહિનામાં કુલ મેળવેલ ૧૭,૩૯૪ યુનિટ રક્તદાન પૈકી ૪,૩૭૨ યુનિટ એટલે કે ૨૫ ટકા રક્ત અંતરિયાળ વિસ્તારના બ્લડ સ્ટોરેજ સેન્ટરો સુધી પહોંચાડવામાં આવ્યું છે. આ કામગીરીના પરિણામે ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોના હજારો દર્દીઓને સમયસર રક્ત મળી શક્યું છે અને અનેક દર્દીઓના જીવનને સાચા અર્થમાં રક્ત કવચ પ્રાપ્ત થયું છે. નવા બ્લડ સ્ટોરેજ સેન્ટરો માત્ર આરોગ્ય સુવિધા નથી, પરંતુ અંતરિયાળ વિસ્તારોના દર્દીઓ માટે સાચા અર્થમાં જીવન સંજીવની સાબિત થયા છે. છેલ્લા ૪૨ વર્ષથી સ્વૈચ્છિક રક્તદાન ક્ષેત્રે અવિરત કાર્ય કરતી આ સંસ્થા આજે વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના હજારો દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની છે.

### આ બ્લડ સ્ટોરેજ કેમ અત્યંત જરૂરી બન્યા છે?

આ બ્લડ સ્ટોરેજ સેન્ટર વર્તમાન સમયમાં કેમ આવશ્યક બન્યા તે અંગે મેડિકલ ડાયરેકટરશ્રી ડો. કમલ પટેલ જણાવે છે કે, (૧) સિકલ સેલ રોગઁ દક્ષિણ ગુજરાતનાં આદિવાસી પટ્ટામાં આ રોગનો સૌથી વધુ બોજ છે. દર્દીઓને ગંભીર એનિમિયા અને જીવલેણ કટોકટીથી બચવા માટે વારંવાર ક્રાઈસીસ કે ગંભીર માંદગી દરમ્યાન વારંવાર Blood Transfusionની જરૂર પડે છે.(૨) માતૃત્વ અને બાળ આરોગ્ય પ્રસૂતિ દરમ્યાન રક્તસ્રાવ માતા મૃત્યુદરનું મુખ્ય કારણ રહે છે. બાળજન્મ દરમિયાન માતાઓ અને નવજાત શિશુઓના જીવનને તાત્કાલિક રક્ત ઉપલબ્ધતાથી બચાવી શકાય છે. (૩) સર્પદંશ કટોકટીૅ ચોમાસા દરમિયાન વારંવાર ઝેરી સર્પદંશ ઘણીવાર ગંભીર રક્તસ્ત્રાવ વિકૃતિઓનું કારણ બને છે જેને તાત્કાલિક રક્ત ઘટક ઉપચારની જરૂર પડે છે. (૪) માર્ગ ટ્રાફિક અકસ્માતો અને આઘાતૅ ગોલ્ડન અવર દરમિયાન તાત્કાલિક Blood Transfusion થી મોટી ઈજાઓ પછી જીવન ટકાવી રાખવામાં નોંધપાત્ર સુધારો કરે છે. (૫) કેન્સર, થેલેસેમિયા અને મોટી શસ્ત્રક્રિયાઓૅ કીમોથેરાપી, ક્રોનિક ટ્રાન્સફ્યુઝન થેરાપી, અથવા ગંભીર અને આકસ્મિક શસ્ત્રક્રિયાઓ કરાવતા દર્દીઓ રક્ત અને રક્ત ઘટકોની અવિરત પહોંચ પર આધાર રાખે છે. ખાસ કરીને આર્થિક રીતે નબળા અને અંતરિયાળ વિસ્તારના આદિજાતિ પરિવારોને બ્લડ સ્ટોરેજ સેન્ટરમાં સરળતાથી બ્લડની ઉપ્લબ્ધતાને કારણે તબીબી સંભાળ ઉપરાંત, સારવારમાં વિલંબ, બિનજરૂરી રેફરલ્સ, પરિવહન ખર્ચ, નાણાકીય મુશ્કેલીઓને અટકાવી શકાય અને મૃત્યુદર ઘટાડે છે.

# નાનાપોંઢામાં નશાબાજ પતિથી કંટાળી પત્નીએ અભયમની મદદ માંગી

**વલસાડ તા.૨૬ :** વલસાડ જિલ્લાના નાનાપોઠા તાલુકા નજીકના ગામમાં રહેતી એક મહિલાએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર સંપર્ક કરી પતિ દ્વારા થતી હેરાનગતિ અંગે મદદ માગી હતી. મહિલાની રજૂઆત મુજબ તેમના પતિ કેફી પદાર્થનું સેવન કર્યા બાદ અવારનવાર નાની-મોટી બાબતોમાં બોલાચાલી કરી અપશબ્દો બોલતા અને તેમને હેરાન કરતા હતા. તેમજ મહિલાના કામના સ્થળે જઈને પણ બોલાચાલી કરતા હોવાથી તેમના કામકાજ અને આવક પર અસર થઈ રહી હતી. ફરિયાદ મળતા ૧૮૧ અભયમ વલસાડની ટીમ દ્વારા તાત્કાલિક સ્થળ પર પહોંચી મહિલાની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી અને તેમની રજૂઆત વિગતવાર સાંભળવામાં આવી હતી. મહિલાની રજૂઆત મુજબ તેમના લગ્ન આશરે વર્ષ ૨૦૧૪માં સામાજિક રીતિ-રિવાજ મુજબ થયા હતા. લગ્નજીવનથી તેમને બે પુત્રો છે, જેઓ અભ્યાસ કરી રહ્યા છે. પતિ રિક્ષા ચલાવવાનું કામ કરતા હોવાનું મહિલાએ જણાવ્યું હતું.

મહિલાની રજૂઆત મુજબ પતિને લાંબા સમયથી કેફી પદાર્થના સેવનની કુટેવ હોવાથી સેવન કર્યા બાદ તેઓ નાની-મોટી બાબતોમાં બોલાચાલી અને ઝઘડો કરતા હતા. પરિવારના ખર્ચ તથા બાળકોના અભ્યાસ માટે પૂરતો સહયોગ ન મળતા મહિલા પોતે બ્યુટી પાર્લર ચલાવી પરિવારના ગુજરાન તથા બંને બાળકોના અભ્યાસની જવાબદારી નિભાવતી હતી.

વારંવારની બોલાચાલી અને હેરાનગતિને કારણે મહિલા છેલ્લા આશરે નવ મહિનાથી અલગ રહેતી હોવાનું અને પોતાનું બ્યુટી પાર્લર પણ અન્ય સ્થળે ખસેડ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમ છતાં પતિ તેમના કામના સ્થળે આવીને બોલાચાલી કરતા હોવાથી મહિલાને વ્યવસાય ચલાવવામાં મુશ્કેલી પડતી હતી અને તેની અસર તેમની આવક પર પણ થતી હતી. મહિલાની રજૂઆતને ધ્યાનમાં લઈ ૧૮૧ અભયમ ટીમ દ્વારા પતિનું સ્થળ પર અસરકારક કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. કેફી પદાર્થના સેવનથી વ્યક્તિ, દાંપત્યજીવન તથા પરિવારના વાતાવરણ પર થતી નકારાત્મક અસર અંગે સમજ આપવામાં આવી હતી. વ્યસન છોડવા માટે જરૂરી હોય તો નશામુક્તિ કેન્દ્ર તથા યોગ્ય નિષ્ણાતની મદદ લેવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# અન્ય સમાચારો

Thursday 27, August 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 27, August 2026

## નબળું સરકારી શિક્ષણ માળખું

સમાજ અને વ્યક્તિના વિકાસમાં શિક્ષણે પાયાની અનિવાર્યતા સાબિત કરી આપી છે, ત્યારે ભારત જેવા વિશાળ દેશમાં સરકારી શિક્ષણ વ્યવસ્થાની ગુણવત્તા સામે સતત ચિંતા વ્યક્ત થતી રહે છે. સમયની સાથે તાલ મિલાવે તેવાં માળખાં, શિક્ષકો અને પાઠયક્રમોની ઉણપની ચર્ચા થતી રહે છે, પણ છેક છેવાડાના દુર્ગમ વિસ્તારોમાં શાળાકીય શિક્ષણ વ્યવસ્થામાં સરકારી માળખું સતત ઊણું ઉતરી રહ્યાના ચિત્રે ખરા અર્થમાં ચિંતા જગાવી છે. કોકરોચ જનતા પાર્ટીએ શાળાઓની હાલત અંગે હોબાળો શરૂ કર્યાની ઘટનાના ગુણદોષમાં ઉતર્યા વગર એટલું કહી શકાય કે સરકારી માળખાંમાં ખામીઓની ભરમાર સતત સામે આવતી રહી છે. આમ તો છેલ્લાં થોડાં વર્ષમાં બિનસરકારી સેવા સંસ્થાઓની શિક્ષણ સંસ્થાઓનો ગુણવત્તાયુક્ત શિક્ષણ માટેનો અભિગમ વધી રહ્યો છે. તેની સાથોસાથ સરકાર દ્વારા પણ તેની શાળાઓને સુધારવા માટે સારા એવા પ્રમાણમાં આર્થિક ભંડોળની ફાળવણી પણ કરાઈ રહી છે, પણ ભારત જેવા વિશાળ દેશમાં આ ફંડ કે ખાનગી સંસ્થાઓની શિક્ષણ સંકુલો આભમાં થીગડાં મારવા જેટલા અપુરતા છે. સરકારે આટલું બધું ધ્યાન આપ્યું હોવા છતાં વક્રતા એ છે કે, આજે દેશમાં પોતાની યોગ્ય ઈમારત ન હોય એવી પ્રાથમિક શાળાઓની સંખ્યાનો તાગ મેળવવો અશક્ય જણાય છે. સતત સામે આવતું રહે છે કે, અસંખ્ય સરકારી વિદ્યાલય પાસે સલામત અને સુસજ્જ ઈમારતો નથી, પીવાનાં સ્વચ્છ પાણીની કે શૌચાલયોની વ્યવસ્થા નથી. સૌથી મહત્ત્વની બાબત એ છે કે, શાળાઓમાં શિક્ષકોની સતત અછત રહેતી આવી છે. એવી શાળાઓની સંખ્યા પણ વધુ છે, જ્યાં એકમાત્ર શિક્ષક ફરજ બજાવે છે. આવા સંજોગોમાં દેશના ભવિષ્યને કઈ રીતે શિક્ષિત કરી શકાય એ એક મોટો સવાલ છે. આમ તો અમુક કિસ્સા હકારાત્મક અને આશાસ્પદ પણ છે, જેમાં સરકારી શાળાઓએ ખાનગી શાળાઓને શિક્ષણ અને તેને સંલગ્ન માળખાંમાં ખાનગી શાળાઓને મહાત આપી હોય. ગુજરાત સહિતની અમુક રાજ્ય સરકારોએ મોડલ શાળાઓના કોન્સેપ્ટને હાથ ધર્યો છે. આને લીધે સરકારી શાળાઓ ખાનગી શાળાઓને મહાત કરવા સજ્જ બની રહી છે, પણ હજી ખાનગી શાળાઓની સ્પર્ધામાં સરકારી માળખું ઘણું પાછળ રહી જાય છે. સરકારી શાળાઓની નબળી હાલતને જોતાં વાલીઓને આર્થિક બોજા છતાં પોતાનાં બાળકોને ખાનગી શાળાઓમાં શિક્ષણ માટે મોકલવાની ફરજ પડી રહી છે.

### નેપાળમાં તિબેટ સરહદનું ગામ પૂરમાં તણાઈ ગયું

# રસૂવામાં ભોટેકોશી નદીમાં પૂરે ભારે ખાનાખરાબી સર્જી



## નેપાળ પૂરમાં ૧૦૫ ભારતીયો સહિત ૨૯૧ વિદેશી નાગરિકો ગુમ

### ઈમરજન્સી સેવાઓ માટે હેલ્પલાઈન નંબર જાહેર : અનેક ગામો, વીજ પ્રોજેક્ટ્સ અને પુલો તણાયા : ૮ લોકોના મોત : રેસ્ક્યુ ઓપરેશન જારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

કાઠમંડુ, તા.૨૬

નેપાળની તિબેટ સાથે જોડાયેલી સરહદ પર રસૂવામાં અચાનક આવેલા ભયાનક પુરને કારણે ભારે ખાનાખરાબી થઈ હોવાના સમાચાર છે. આ પૂરમાં કેટલાય ગામો તણાઈ ગયા. પૂરનું પાણી પોતાની સાથે વીજ પ્રોજેક્ટ્સ અને પુલોને પણ વહાવી ગયું. આ પૂર તિબેટથી નેપાળ તરફ વહેતી ભોટેકોશી નદીમાં આવ્યું. નેપાળના કેટલાક જિલ્લાઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. નેપાળના પ્રવાસન બોર્ડે ૧૪૨ ભારતીય સહિત ૨૯૧ વિદેશી નાગરિકોના પૂર બાદ ગુમ થયાની માહિતી આપી છે. બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ ૯૩ નેપાળી નાગરિકો પણ ગુમ છે. રસૂવામાં ૮ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. હજુ પણ કેટલીય જગ્યાએ રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. ૫ જિલ્લાઓમાં પૂરથી ભયાનક તબાહી મચી છે.

નેપાળ પ્રવાસન બોર્ડ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, આ ઘટના બુધવારે સવારે લગભગ સાડા આઠ વાગ્યે અચાનક બની હતી. બોર્ડે જણાવ્યું છે કે બોર્ડ, ટુરિસ્ટ પોલીસ અને અન્ય લોકો સાથે મળીને લાપતા પ્રવાસીઓની શોધખોળ કરવામાં આવી રહી છે.

ટ્રાવેલ કંપનીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ ૨૯૧ વિદેશી અને ૯૩ નેપાળી નાગરિકો અસરગ્રસ્ત વિસ્તારોમાં ગુમ થયા હોવાનું કહેવાય છે. આ આંકડાઓની ટૂર એજન્સીઓ, ગાઈડો, સુરક્ષા અધિકારીઓ અને સ્થાનિક અધિકારીઓ દ્વારા પુષ્ટિ કરાવવાના પ્રયાસો થઈ રહ્યા છે.

અચાનક આવેલા પૂર બાદ સ્માર્ટ ટુર્સ એન્ડ ટ્રાવેલની સેવાઓ લેનારા ૫૯ ભારતીય પ્રવાસીઓ, કાઠમંડુ હોલિડે ટૂર એન્ડ ટ્રાવેલની સેવાઓ લેનારા એક ઓસ્ટ્રેલિયન અને નેધરલેન્ડના એક પ્રવાસી, લીફ હોલિડેની સેવાઓ લેનારા ૪૬ ભારતીય પ્રવાસીઓ, કૈલાશ જર્નીની સેવા લેનારા ૨૬ લોકો (જેમની નાગરિકતાની પુષ્ટિ હજુ થઈ નથી.), ટ્રેકર્સ સોસાયટીની સેવા લેનારા ૭૭ પ્રવાસીઓ (જેમની નાગરિકતાની પુષ્ટિ હજુ થઈ નથી.), રિચા ટુર્સ એન્ડ ટ્રાવેલની સેવા લેનારા આઠ લોકો (જેમની નાગરિકતાની પુષ્ટિ હજુ થઈ નથી.), ફિશટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની સેવાઓ લેનારા ત્રણ અમેરિકન અને ૧૭ મલેશિયાઈ પ્રવાસીઓ, હિમાલયન ગ્લેશિયરની સેવાઓ લેનારા ૩૭ અપ્રવાસી ભારતીયો (NRI) અને અલ્પાઈન ઈકો ટ્રેકની સેવાઓ લેનારા યુકેના ૧૨ અને દક્ષિણ આફ્રિકાના ચાર પ્રવાસીઓ ગુમ છે. તેમની સાથે ગયેલા ૯૩ નેપાળી નાગરિકો પણ ગુમ હોવાની પ્રાથમિક માહિતી છે.

નેપાળ પ્રવાસન બોર્ડ દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, કોઈપણ કટોકટીની સેવા માટે હોટલાઈન નંબર ૧૧૪૪ અને ટુરિસ્ટ પોલીસના નંબર ૯૮૫૧૨૮૯૪૪૫ પર ફોન કરીને માહિતી મેળવી શકાય છે.

નેપાળમાં આપત્તિ બાદ બિહાર હાઈ એલર્ટ પર છે. બિહારમાં આપત્તિ વ્યવસ્થાપન વિભાગે ગંડક નદીમાં ફ્લેશ ફ્લડનું એલર્ટ જાહેર કર્યું છે. ખતરાને ધ્યાનમાં રાખીને મુખ્ય સચિવની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ છે, જેમાં NDRF અને SDRFને તૈયારીઓ પૂર્ણ કરવા જણાવાયું છે. નેપાળની ગંડક નદી સાથે જોડાયેલા બિહારના જિલ્લાઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, ગોપાલગંજ, સારણ, મુઝફ્ફરપુર અને વૈશાલીમાં વિશેષ તકેદારી રાખવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. તમામ જિલ્લા મેજિસ્ટ્રેટોને નદીના જળસ્તર, તટબંધો, નીચાણવાળા વિસ્તારો, પુલો અને અન્ય સંવેદનશીલ વિસ્તારો પર સતત નજર રાખવા તેમજ સ્થાનિક સમુદાયને સમયસર એલર્ટ કરવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

## નેપાળમાં જળપ્રલય બાદ ભારતમાં એલર્ટ

### ગંડક-કોસી-ગંગા કિનારે ભયનો માહોલ, ૬ જિલ્લામાં તંત્રમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૬ : નેપાળમાં અચાનક આવેલા પૂરના કારણે બિહારમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. નેપાળ-ચીન સરહદ નજીક નદીઓમાં પાણીનો પ્રવાહ ઝડપથી વધતા બિહાર અને ઉત્તર પ્રદેશના સરહદી વિસ્તારોમાં વહીવટીતંત્રને સાવધાન રહેવાની સૂચના અપાઈ છે. ખાસ કરીને ગંડક અને કોસી નદીઓના જળસ્તરમાં વધારો થવાની શક્યતાને પગલે ૬ જિલ્લાઓમાં પૂરનું જોખમ વધી ગયું છે અને તંત્રને તમામ સાવચેતીના પગલાં લેવાના આદેશ આપવામાં આવ્યા છે.

ભારત-નેપાળ સરહદથી લગભગ ૧૬૦ કિલોમીટર દૂર આવેલા નેપાળના ફુર્કે ખોલા વિસ્તારમાં ત્રિશૂલી નદીનું જળસ્તર એકાએક વધી ગયું છે. નેપાળ-ચીન બોર્ડર પર ગ્લેશિયર તૂટવાની શક્યતાને કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાનું માનવામાં આવે છે. આ પાણી ધીમે-ધીમે ગંડક નદી તરફ આગળ વધી રહ્યું છે, જેને પગલે બિહારના નીચાણવાળા વિસ્તારોમાં ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. સંભવિત પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને ગંડક બેરેજના દરવાજા યોગ્ય રીતે ઓપરેટ કરવા જણાવાયું છે, જેથી વધારાનું પાણી કોઈપણ અવરોધ વગર સુરક્ષિત રીતે આગળ નીકળી જાય અને આસપાસના વિસ્તારોમાં પાણીનો ભરાવો ન થાય. ગંડક અને કોસી જેવી મોટી નદીઓનો સ્ત્રોત નેપાળમાં હોવાથી ત્યાંના વરસાદની સીધી અસર બિહારના વિસ્તારો પર પડે છે.

પૂરના જોખમને પગલે ગંડક બેસિન હેઠળ આવતા પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, ગોપાલગંજ, સારણ અને વૈશાલી તેમજ કોસી બેસિનના સુપૌલ, સહરસા, મધેપુરા અને અરરિયા જિલ્લામાં સતત નજર રાખવામાં આવી રહી છે. અધિકારીઓને નદીના કિનારા અને પૂર સંરક્ષણ પાળાઓની સતત ચકાસણી કરવાના આદેશ આપવામાં આવ્યા છે. બિહારમાં ગંગા, કોસી અને ગંડક સહિતની નદીઓમાં ૨૩ ઓગસ્ટના ડેટા મુજબ પાણીનું સ્તર પહેલેથી જ ભયજનક સપાટીની નજીક હતું. બિહારમાં ગંગા નદીના જળસ્તરમાં સતત વધારો થતાં સુલતાનગંજ સ્થિત નમામિ ગંગે ઘાટ વિસ્તારમાં પૂરના પાણી ઘૂસી ગયા છે. આવા સમયે નેપાળ તરફથી વધુ પાણી આવવાના કારણે સ્થિતિ વધુ ગંભીર બની શકે છે, જેના કારણે સ્થાનિક વહીવટીતંત્રને કોઈપણ કટોકટી માટે સતર્ક રહેવા જણાવાયું છે.

## મોદી કેબિનેટમાં ૧૨ નવા મંત્રીઓની એન્ટ્રી થઈ શકે ?

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૬ : ભારતીય જનતા પાર્ટી(BJP) દ્વારા નવી રાષ્ટ્રીય ટીમની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે દેશના રાજકીય વર્તુળોમાં મોદી કેબિનેટમાં સંભવિત ફેરબદલની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ભાજપ સંગઠનમાં કરવામાં આવેલા મોટા વહીવટી ફેરફારો બાદ હવે આગામી ક્રમ કેન્દ્ર સરકારનો હોવાની અટકળો વહેતી થઈ છે.

કેન્દ્રીય મંત્રી પરિષદની હાલની સ્થિતિ અને બંધારણીય મર્યાદાઓ પર નજર કરીએ તો, વર્તમાન સમયમાં કેન્દ્ર સરકારમાં કુલ ૬૯ મંત્રીઓ કાર્યરત છે. નિયમ અને બંધારણીય મર્યાદા અનુસાર કેન્દ્રીય મંત્રીમંડળમાં મહત્તમ ૮૧ મંત્રીઓનો સમાવેશ કરી શકાય છે. આ ગણતરી મુજબ કેન્દ્ર સરકાર પાસે હજુ પણ ૧૨ નવા મંત્રીઓનો સમાવેશ કરવાની જગ્યા ઉપલબ્ધ છે. આ આંકડો જ મંત્રીમંડળમાં વિસ્તાર અને વિસ્તારિત ફેરબદલની શક્યતાઓને વેગ આપી રહ્યો છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ પણ પ્રકારની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ભાજપની નવી રાષ્ટ્રીય ટીમમાં પિયૂષ ગોયલ, સ્મૃતિ ઈરાની અને અનુરાગ ઠાકુર જેવા વરિષ્ઠ અને પ્રભાવશાળી ચેહરાઓને સંગઠનમાં મહત્ત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે.

આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી હર્ષ મલ્હોત્રાને દિલ્હી ભાજપના પ્રમુખ અને પંકજ ચૌધરીને ઉત્તર પ્રદેશ ભાજપના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સંગઠનમાં આ નવી જવાબદારીઓ મળ્યા બાદ ભાજપના અગત્યના સિદ્ધાંત 'વન પર્સન, વન પોસ્ટ'(એક વ્યક્તિ, એક પદ)ની ફોર્મ્યુલા અંગે ચર્ચા જાગી છે. જો આ ફોર્મ્યુલાનો અમલ કડક રીતે કરવામાં આવશે, તો સંગઠન અને સરકાર વચ્ચે સંતુલન જાળવવા માટે કેટલાક મંત્રીઓની કેન્દ્ર સરકારમાંથી છુટ્ટી થઈ શકે છે અથવા તેમની ભૂમિકા બદલાઈ શકે છે.

## મેઘાલય વિધાનસભાએ યુરેનિયમ ખાણકામ વિરુદ્ધ ઠરાવ પસાર કર્યો

(જી.એન.એસ) તા. ૨૬

શીલોંગ, મેઘાલય વિધાનસભાએ બુધવારે યુરેનિયમ ખાણકામ અને રાજ્યમાં કોઈપણ પ્રક્રિયા સુવિધા સ્થાપવાનો વિરોધ કરતો ઠરાવ પસાર કર્યો. મુખ્યમંત્રી કોનરાડ સંગમા દ્વારા રજૂ કરાયેલા આ ઠરાવ પર વિપક્ષે સરકારને ટેકો આપ્યો. મુખ્યમંત્રીએ કહ્યું કે મેઘાલયમાં જમીન એક વિશિષ્ટ બંધારણીય અને પરંપરાગત માળખા દ્વારા સંચાલિત છે, જેમાં સમુદાય, કુળ અને વ્યક્તિગત માલિકી બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ સુરક્ષિત છે. તેમણે કહ્યું કે ડોમિયાસિયત, વાહકિન અને નોંગસ્ટોઈન સહિતના વિસ્તારોમાં થાપણો ઓળખવામાં આવી છે. જો કે, આરોગ્ય, પર્યાવરણીય નુકસાન અને વિસ્થાપન સંબંધિત ચિંતાઓને લઈને સ્થાનિક સમુદાયો, પરંપરાગત સંસ્થાઓ, વિદ્યાર્થી સંગઠનો અને નાગરિક સમાજ જૂથો તરફથી પ્રસ્તાવિત ખાણકામ પ્રવૃત્તિઓનો સતત વિરોધ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ વિધાનસભાને એમ પણ કહ્યું કે આ ઠરાવનો હેતુ યુરેનિયમ નિષ્કર્ષણ અને પ્રક્રિયા સામે મેઘાલયના વિરોધને ઔપચારિક રીતે રેકોર્ડ કરવાનો હતો. તેમણે કહ્યું કે, સરકાર ગૃહના નિર્ણયને કેન્દ્રને જાણ કરશે. આ ઠરાવ મેઘાલયમાં યુરેનિયમ ખાણકામ સામે દાયકાઓ જૂના જાહેર આંદોલનને કાયદાકીય સમર્થન આપે છે અને યુરેનિયમ સંબંધિત પ્રવૃત્તિઓને લગતા કોઈપણ ભવિષ્યના પ્રસ્તાવ પર રાજ્યની સ્થિતિ સ્પષ્ટ કરે છે. શરૂઆતના અગ્રણી અવાજોમાંના એક હોપિંગસ્ટોન લિંગડોહ હતા, જેમણે યુરેનિયમ ખાણકામ સામે લોકોને એકત્ર કરવામાં મદદ કરી હતી. આ ચળવળનો પર્યાય બની ગયેલી બીજી વ્યક્તિ ડોમિયાસિયતની સ્પેલીટી લિંગડોહ લેંગ્રીન હતી. તેમણે યુરેનિયમ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (ઊૈંન) તરફથી તેમની જમીન માટે મોટી ઓફરનો ઈનકાર કર્યો હોવાના અહેવાલ છે, જે પ્રતિકારનું એક શક્તિશાળી પ્રતીક બની ગયું છે. યુરેનિયમ ખાણકામ સામે મેઘાલયના વિરોધના મૂળ ૧૯૮૦ ના દાયકામાં પાછા જાય છે, જ્યારે અણુ ખનિજો શોધ અને સંશોધન નિયામક (છસ્ઙ્ઘ) એ તે સમયના પશ્ચિમ ખાસી હિલ્સના યુરેનિયમ સમૃદ્ધ વિસ્તારોમાં, ખાસ કરીને ડોમિયાસિયત અને કાયલેંગ-પાયન્ડેંગસોહિઓંગ-માવથાબાહ પ્રદેશની આસપાસ, શોધખોળ શરૂ કરી હતી. ડોમિયાસિયત થાપણને ભારતના મહત્વપૂર્ણ યુરેનિયમ થાપણોમાંનું એક માનવામાં આવે છે.

## ચીન સાથે ભારતના સંબંધો સુધરશે

### બંને રાષ્ટ્રો તેમની લગભગ ૩,૮૦૦ કિલોમીટર લાંબી વિવાદિત સરહદનો રાજકીય ઉકેલ શોધવાના હેતુથી વાટાઘાટો ચાલુ રાખવા સંમત થયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૬

દુનિયા હાલમાં ફક્ત એક જ સંઘર્ષ જોઈ રહી નથી, પરંતુ મોટા પાયે ઉથલપાથલના સમયગાળામાંથી પસાર થઈ રહી છે, જે બદલાતા જોડાણો અને નવા સંબંધોના નિર્માણ દ્વારા વર્ગીકૃત થયેલ છે. ઈરાન સાથેના સંઘર્ષની સીધી અસર તેલ બજારો, શિપિંગ અને ફુગાવા પર પડી છે. રશિયા-યુક્રેન યુદ્ધે યુરોપના સુરક્ષા માળખાને બદલી નાખ્યું છે, જ્યારે યુએસ-ચીન દુશ્મનાવટ વેપારથી આગળ વધીને ટેકનોલોજી અને શક્તિ ગતિશીલતાને આવરી લે છે. આ પૃષ્ઠભૂમિ સામે, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની બેઈજિંગની મુલાકાત ફક્ત સરહદ વાટાઘાટો વિશે નથી; તે એક મોટા ભૂ-રાજકીય પુનર્ગઠનનો ભાગ છે જેમાં યુએસ, ચીન, રશિયા અને ભારત તેમના સંબંધિત સ્થાનોને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યા છે. ડોભાલે ચીનના વિદેશ પ્રધાન વાંગ યી સાથે ખાસ પ્રતિનિધિ-સ્તરની વાટાઘાટોનો ૨૫મો રાઉન્ડ યોજ્યો. બંને પક્ષોએ સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવા, સરહદ સમાધાન પ્રક્રિયાને આગળ વધારવા અને તેમના દ્વિપક્ષીય સંબંધોમાં સકારાત્મક ગતિ જાળવી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. ૨૦૨૦માં ગલવાન અથડામણ ભારત-ચીન સંબંધોમાં સૌથી મુશ્કેલ તબક્કો હતો. સરહદ પર સૈનિકો વચ્ચે સામસામે, વેપાર તણાવ અને રાજકીય અવિશ્વાસને કારણે સંબંધો લગભગ સ્થિર થઈ ગયા હતા. હવે, ચિત્ર ધીમે ધીમે બદલાઈ રહ્યું છે. સરહદ પર સૈનિકો વચ્ચે અથડામણ પછી ઉચ્ચ સ્તરીય વાટાઘાટો ફરી શરૂ થઈ.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શી જિનપિંગ વચ્ચેની મુલાકાતો પછી સંબંધોને પાટા પર લાવવાના પ્રયાસો તીવ્ર બન્યા, અને ડોભાલ-વાંગ સંવાદ તે પ્રક્રિયામાં આગળનું પગલું રજૂ કરે છે. બંને રાષ્ટ્રો તેમની લગભગ ૩,૮૦૦ કિલોમીટર લાંબી વિવાદિત સરહદનો રાજકીય ઉકેલ શોધવાના હેતુથી વાટાઘાટો ચાલુ રાખવા સંમત થયા છે. જોકે, આ મિત્રતા કહેવું વહેલું ગણાશે, કારણ કે સરહદ વિવાદ ચાલુ છે અને બંને દેશોના ઘણા મુદ્દાઓ પર વિરોધાભાસી હિતો છે. તેથી, હાલમાં, "સામાન્યતા" મિત્રતાનો અર્થ નથી, પરંતુ પરસ્પર ઘર્ષણને નિયંત્રિત કરવા અને તેને નિયંત્રિત કરવાનો પ્રયાસ છે.

ડોભાલની મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે અમેરિકા અને ચીન વચ્ચેની હરીફાઈ વિશ્વમાં સૌથી મહત્વપૂર્ણ બની ગઈ છે.

દરમિયાન, ઈરાનને લગતા સંઘર્ષે વૈશ્વિક તેલ બજારને પણ આંચકો આપ્યો છે.

## મોહન ભાગવત અમેરિકા પહોંચ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા) ન્યૂયોર્ક, તા.૨૬ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS)ના શતાબ્દી વર્ષ નિમિત્તે યોજાયેલા વૈશ્વિક સંપર્ક કાર્યક્રમ અંતર્ગત સંઘ પ્રમુખ મોહન ભાગવતની અમેરિકા યાત્રા શરૂ થઈ ગઈ છે. તેઓ ૨૯ ઑગસ્ટના રોજ ન્યૂયોર્કના પ્રસિદ્ધ મેડિસન સ્ક્વેર ગાર્ડનમાં યુનિવર્સલ વનનેસ નામના કાર્યક્રમમાં અંદાજે ૫,૦૦૦ ભારતીય પ્રવાસીઓને સંબોધિત કરવાના છે. જો કે, આ આયોજનને લઈને અમેરિકાના રાજકીય અને સામાજિક વર્તુળોમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. ન્યૂયોર્ક સિટીના પ્રથમ ભારતીય-અમેરિકન મેયર જોહરાન મામદાનીએ આ રેલી સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે. એક પત્રકાર પરિષદ દરમિયાન કાર્યક્રમ રદ કરવા અંગે પૂછાયેલા સવાલના જવાબમાં તેમણે સ્પષ્ટ કર્યું કે, તેઓ આ પ્રકારની રેલીનું સમર્થન કરતા નથી, પરંતુ કોઈ ખાનગી કાર્યક્રમને રદ કરવાનો અધિકાર સિટી તંત્ર પાસે છે કે કેમ તે અંગે તેઓ સ્પષ્ટ નથી. મેયર મામદાનીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત એક બહુલવાદી સમાજ અને ધર્મનિરપેક્ષ પ્રજાસત્તાક દેશ છે, જે દરેક નાગરિકની ભાગીદારીમાં વિશ્વાસ રાખે છે. કોઈપણ દેશમાં બહિષ્કાર અને ભેદભાવ પર આધારિત વિચારધારાનો ઉદ્ભવ ચિંતાજનક છે અને તેઓ એક ભારતીય-અમેરિકન તથા ન્યૂયોર્કના મેયર તરીકે આવી વિચારધારાનો સખત વિરોધ કરે છે. આ કાર્યક્રમનો વિરોધ માત્ર રાજકીય ક્ષેત્ર પૂરતો સીમિત નથી રહ્યો. હિન્દુઝ ફોર હ્યુમન રાઈટ્સ, ઈન્ડિયન અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ અને ઈન્ટરફેથ સેન્ટર ઓફ ન્યૂયોર્ક જેવા અગ્રણી સંગઠનોએ ન્યૂયોર્ક સિટી હોલની બહાર વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ નાગરિક અધિકાર જૂથોએ મેડિસન સ્ક્વેર ગાર્ડન પ્રશાસન પાસે આ આયોજનને તાત્કાલિક રદ કરવાની માંગ કરી છે. બીજી તરફ, આ કાર્યક્રમના આયોજક અહેડ ફોરુમ દ્વારા સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરવામાં આવી છે કે યુનિવર્સલ વનનેસ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વને એકતાના સૂત્રમાં બાંધવાનો છે.

## મોદીએ નેપાળના પીએમ સાથે વાતચીત કરી

### ભારતે બચાવ કામગીરી શરૂ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૬

નેપાળમાં ચીન સરહદ નજીક આવેલા ઉત્તરીય વિસ્તારોમાં અચાનક આવેલા ભીષણ પૂરના કારણે ભારે તારાજી સર્જાઈ છે. ભોટેકોશી અને ત્રિશૂલી નદીઓમાં પાણીનું સ્તર ભયાનક રીતે વધતા ગામો, બજારો અને હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ હોનારતમાં ઓછામાં ઓછા ૭ લોકોના મોત થયાની પુષ્ટિ થઈ છે, જ્યારે ૧૦૫ ભારતીય નાગરિકો સહિત મોટી સંખ્યામાં લોકો લાપતા હોવાના અહેવાલ છે. આપત્તિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ભારત સરકારે નેપાળ સાથે સંકલન સાધીને મોટા પાયે બચાવ કામગીરી શરૂ કરી છે. બુધવારે સવારે લગભગ ૯ વાગ્યે તિબેટ તરફથી આવેલા ધસમસતા પાણીના પ્રવાહને પગલે રસુવા જિલ્લામાંથી વહેતી ભોટેકોશી નદી ગાંડીતૂર બની હતી. પૂરના પાણી મુખ્ય બજારો, હાઈડ્રોપાવર પ્રોજેક્ટ વિસ્તારો અને રહેણાંક વસાહતોમાં ઘૂસી જતાં મોટું નુકસાન થયું છે. રસુવા ઉપરાંત નુવાકોટ, ધાદિંગ, ગોરખા અને ચિતવન જેવા નીચાણવાળા જિલ્લાઓમાં ભારે એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

ભોટેકોશીનું પૂર આગળ વધીને ત્રિશૂલી અને નારાયણી નદી સુધી પહોંચ્યું છે. નુવાકોટ જિલ્લામાં ત્રિશૂલી બજાર, ઢુંગે બજાર અને વેત્રાવતી બજાર જેવા વિસ્તારોમાં પાણી ફરી વળતાં મકાનો તણાઈ ગયા છે અને પરિવારો વિખૂટા પડી ગયા છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર વેત્રાવતી બજાર સંપૂર્ણપણે તબાહ થઈ ગયું છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહ સાથે ટેલિફોનિક વાતચીત કરીને પૂર દુર્ઘટનામાં થયેલા જાનમાલના નુકસાન અંગે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે ભારત સંકટના આ સમયમાં નેપાળની પડખે ઊભું છે અને તમામ પ્રકારની માનવીય સહાય તથા રાહત સામગ્રી પૂરી પાડવા સંપૂર્ણપણે તૈયાર છે.

નેપાળના પીએમઓએ આપેલી માહિતી અનુસાર, વડાપ્રધાને ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન મેનેજમેન્ટની ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી તેમજ અસરગ્રસ્ત જિલ્લાના સાંસદો સાથે ચર્ચા કરી હતી. સેના અને પોલીસ દળોને કામે લગાવીને અસરગ્રસ્ત લોકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડવા માટે સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા છે.

## કેનેડાએ અમેરિકન સામાન પર ઝીંક્યો ૨૦ અબજ ડૉલરનો ટેરિફ

(સંપૂર્ણ સમાચાર સેવા)

કેનેડા, તા.૨૬




વિશ્વની બે સૌથી મજબૂત અર્થવ્યવસ્થા ધરાવતા દેશો અમેરિકા અને કેનેડા વચ્ચે ચાલી રહેલું 'ટ્રેડ વોર' (વેપાર યુદ્ધ) હવે ખૂબ જ તીવ્ર અને ભયાનક મોડ પર પહોંચી ગયું છે. યુએસ દ્વારા તાજેતરમાં લેવાયેલા ટેરિફના નિર્ણયોના જવાબમાં કેનેડાએ પણ હવે સણસણતો પ્રહાર કર્યો છે. કેનેડાએ અમેરિકન ઉત્પાદનો પર આશરે ઈ૨૦ બિલિયન (અંદાજે $19.94 બિલિયન) ની તોતિંગ કસ્ટમ ડ્યુટી લાદવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. આટલું જ નહીં, આ વેપાર યુદ્ધની દેશના સ્થાનિક વેપારીઓ અને કર્મચારીઓ પર માઠી અસર ન પડે તે માટે કેનેડિયન સરકારે બહુ-અબજ ડોલરના ખાસ સહાયક પેકેજની પણ જાહેરાત કરી છે.

કેનેડાનો આ પ્રતિશોધક ટેરિફ આવનારી ૮ સપ્ટેમ્બરથી વિધિવત રીતે લાગુ કરી દેવામાં આવશે. આ નિર્ણય હેઠળ અમેરિકાથી આયાત થતી અંદાજે ૭૦૦ જેટલી વિવિધ પ્રોડક્ટ્સને આવરી લેવામાં આવી છે, જેના પર ૧૫% થી લઈને ૫૦% સુધીની ભારે કસ્ટમ ડ્યુટી વસૂલવામાં આવશે. બંને દેશો વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સંબંધો સતત વણસી રહ્યા હતા, અને હવે કેનેડાના આ આકરા વલણથી બંને દેશો સામસામે આવી ગયા છે. હકીકતમાં, શનિવારે યુએસ અને કેનેડા વચ્ચે આ મુદ્દે યોજાયેલી ઉચ્ચ સ્તરીય વાટાઘાટો સાવ નિષ્ફળ ગઈ હતી, જેના પરિણામે કેનેડાએ વોશિંગ્ટનના નિર્ણયના જવાબમાં જ આ તુલનાત્મક આકરા પગલાં ભર્યા છે. કેનેડાના નાણા મંત્રાલયના અધિકારીઓએ રોઈટર્સને જણાવ્યા મુજબ, અલગ-અલગ વસ્તુઓ પર નીચે મુજબ ટેરિફ લાદવામાં આવ્યો છે: સ્ટીલ, એલ્યુમિનિયમ, ફર્નિચર અને કપડાં: આ વસ્તુઓ પર સૌથી વધુ એટલે કે ૫૦% સુધીનો ટેરિફ ઝીંકાયો છે. ઘરગથ્થુ ઉપકરણો (Home Appliances) અને સીફૂડ: આ પ્રોડક્ટ્સ પર ૨૫% ડ્યુટી લાગશે. ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય સાધનો: આ વસ્તુઓ પર ૧૫% કસ્ટમ ડ્યુટી વસૂલવામાં આવશે.

## ઈરાન-અમેરિકા વચ્ચે સમાધાનની તૈયારી!

(સંપૂર્ણ સમાચાર સેવા)

તેહરાન, તા.૨૬

અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ હવે સમાપ્ત થવા જઈ રહ્યો છે. જો રશિયન એજન્સી RIA નોવોસ્તીના અહેવાલ પર વિશ્વાસ કરીએ તો બંને દેશ યુદ્ધવિરામ કરાર માટે સંમત થઈ ગયા છે. એજન્સીએ પાકિસ્તાની સૈન્ય અધિકારીઓ અને ઈરાની સુરક્ષા સૂત્રોના હવાલાથી આ માહિતી આપી છે. અહેવાલ મુજબ પ્રસ્તાવિત કરારમાં હોર્મુઝ જળમાર્ગમાં જહાજોની મુક્ત અવરજવરની મંજૂરી પણ સામેલ છે, જે આ સમગ્ર સંઘર્ષનો મુખ્ય મુદ્દો રહ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા આ કરારની સત્તાવાર જાહેરાત આગામી દિવસોમાં થઈ શકે છે. જોકે, અત્યાર સુધી બંને દેશો તરફથી આ સમાચારની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. હોર્મુઝ જળમાર્ગ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાંથી એક છે અને અહીંથી મોટી માત્રામાં તેલ તથા અન્ય ઊર્જા ઉત્પાદનોનું પરિવહન થાય છે. જો આ કરાર લાગુ થાય છે, તો તેનાથી વિસ્તારમાં ચાલી રહેલો તણાવ ઘટવાની આશા વધી શકે છે. ખાસ કરીને હોર્મુઝ જળમાર્ગમાં જહાજોની અવરજવર સામાન્ય થવાથી આંતરરાષ્ટ્રીય વેપાર અને તેલના પુરવઠાને લઈને મોટી ખુશખબર મળવાની આશા છે. યુદ્ધવિરામ કરારના સમાચાર એવા સમયે આવ્યા છે, જ્યારે અમેરિકાએ ઈરાન પર આર્થિક પ્રતિબંધો વધાર્યા છે.

## પાક.ની હોસ્પિટલમાં આગ લાગતાં ૧૫ નવજાતનાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૬

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદની એક હોસ્પિટલમાં બુધવારે આગ લાગવાથી 15 નવજાત બાળકોના મોત થયા. આ દુર્ઘટના પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સિસ (PIMS) હોસ્પિટલના વુમન વોર્ડમાં બની હતી. હોસ્પિટલના અધિકારીઓ અનુસાર, દુર્ઘટના સમયે નર્સરીમાં 16 નવજાત બાળકો હાજર હતા. તેમાંથી માત્ર એક બાળકને બચાવી શકાયું. બચાવ અધિકારીઓ અનુસાર, વોર્ડની અંદર એર કંડિશનરના કમ્પ્રેસરમાં વિસ્ફોટ થયો. ત્યારબાદ આગ લાગી અને ઝડપથી આખા વોર્ડમાં ફેલાઈ ગઈ. આગની જાણ થતાં જ બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી અને બચાવ અભિયાન શરૂ કર્યુ. અધિકારીઓ અનુસાર, આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે.

PIMS ઈસ્લામાબાદની સૌથી મોટી હોસ્પિટલ છે. લગભગ 140 એકરમાં ફેલાયેલી આ હોસ્પિટલમાં આશરે 1,300 બેડ છે. અહીં 27 થી વધુ પ્રકારની બીમારીઓની સારવારની સુવિધા છે. PIMS માં ઘણા મોટા મેડિકલ સેન્ટર શામેલ છે.

તેમાં ઈસ્લામાબાદ હોસ્પિટલ, ચિલ્ડ્રન્સ હોસ્પિટલ, મધર એન્ડ ચાઈલ્ડ હેલ્થ સેન્ટર, બર્ન કેર સેન્ટર અને કાર્ડિયાક સેન્ટર શામેલ છે. હોસ્પિટલના ચિલ્ડ્રન્સ હોસ્પિટલમાં નવજાત બાળકોની સારવાર અને NICUની સુવિધા છે.

# અન્ય સમાચારો

## ગુજરાત એસટી નિગમને રક્ષાબંધને સરકારની ૧૦૧ બસોની ભેટ

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૨૬ : રક્ષાબંધન પર્વ નિમિત્તે રાજ્યની માતા-બહેનોને વધુ સુવિધાજનક અને આરામદાયક જાહેર પરિવહનની ભેટ આપતા ગાંધીનગર ખાતેથી ૧૦૧ નવીન એસ.ટી. બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લીલી ઝંડી આપી નવી બસોને પ્રસ્થાન કરાવ્યું હતું. લોકાર્પિત ૧૦૧ બસોમાં ૭૧ સુપર એક્સપ્રેસ, ૨૦ મિડી અને ૧૦ સ્લીપર કોચનો સમાવેશ થાય છે. આ તમામ બસોને રક્ષાબંધનના વિશેષ સંચાલનમાં પણ સામેલ કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન ૯૯ નિગમની મહિલા કંડક્ટરોએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને રાખડી બાંધી રક્ષાબંધનની આગોતરી ઉજવણી કરી હતી. રાજ્યની માતા-બહેનો તહેવાર પરિવાર સાથે ઉજવી શકે તે માટે એસ.ટી. નિગમના ડ્રાઈવર, કંડક્ટર અને ઓપરેશન સ્ટાફ ૨૪ કલાક પોતાની ફરજ બજાવે છે. હર્ષ સંઘવીએ કર્મચારીઓની કર્તવ્યનિષ્ઠાને બિરદાવી હતી.

રક્ષાબંધન દરમિયાન મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને એસટી નિગમ દ્વારા ૨૬થી ૩૦ ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં આશરે ૬,૫૦૦ એક્સ્ટ્રા ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના મુખ્ય શહેરો ઉપરાંત અંબાજી, પાવાગઢ અને સોમનાથ જેવા તીર્થધામોના રૂટ પર વિશેષ બસો દોડાવવામાં આવશે. મુસાફરોની સુવિધા માટે ઓનલાઈન તેમજ ડેપો પર એડવાન્સ બુકિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગત વર્ષે રક્ષાબંધન દરમિયાન ૬,૪૦૨ વધારાની ટ્રીપ મારફતે ૩.૩૩ લાખ મુસાફરોને સેવા આપવામાં આવી હતી. આ વર્ષે મુસાફરોના ધસારાને પહોંચી વળવા ૬,૫૦૦ એક્સ્ટ્રા ટ્રીપનું આયોજન કરાયું છે. મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પહેલ હેઠળ નાગરિકો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓને સલામત, સુવિધાજનક અને આરામદાયક જાહેર પરિવહન સેવા આપવા માટે નવી બસો જનસેવામાં મૂકવામાં આવી છે.

## જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાં ૧૩૦૦ જોડી કપડાનું વિતરણ



**વાપી, તા.૨૬ :** વાપી સોશિયલ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજસેવાના ક્ષેત્રે વધુ એક સરાહનીય કામગીરી કરવામાં આવી છે. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી અને સમાજસેવક કિરણ રાવલ તથા ટ્રસ્ટના અન્ય સભ્યો દ્વારા વાપી સહિત કપરાડા, ધરમપુર અને આહવા-ડાંગના અંતરિયાળ આદિવાસી વિસ્તારના ગામોમાં રસ્તા ગરીબ અને જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચી અંદાજે ૧૩૦૦ જોડી કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યો તેઓએ છેલ્લા બે અઠવાડિયાથી વાપી તેમજ આસપાસના વિસ્તારોમાંથી કપડાં એકત્ર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કપડાંને વ્યવસ્થિત રીતે થેલીઓમાં પેક કરી મહિલાઓ, પુરુષો અને બાળકોને તેમની જરૂરિયાત મુજબ વિતરણ કરવામાં આવ્યા હતાં.

## નવસારીના ખેડૂતો ખેત પેદાશોની વિદેશ નિકાસ માટે રજીસ્ટ્રેશન કરે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૨૬ :** નવસારી જિલ્લાના જે ખેડૂત મિત્રો ફળ અને શાકભાજી જેવી બાગાયતી પેદાશોની વિદેશમાં નિકાસ કરવા માંગતા હોય, તેમણે ભારત સરકારના એગ્રિકલ્ચર એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (APEDA)ની સત્તાવાર વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આ પ્રક્રિયા માટે ખેડૂતોએ ઓનલાઈન ફોર્મ સાથે તાજેતરના જમીનના દસ્તાવેજો (૮-અ, ૭ અને ૧૨ની નકલ), ઓળખ માટે આધારકાર્ડની નકલ, ખેતરનો કાચો નકશો તેમજ ફાર્મ ડાયરી જેવા જરૂરી સાધનિક કાગળો સાથે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી (પાણીની ટાંકી પાસે, જૂની જિલ્લા તિજોરી કચેરી સામે, મોટા બજાર, નવસારી, ફોન નં. ૦૨૬૩૭-૨૮૧૮૫૮) ખાતે રૂબરૂ સંપર્ક સાધી પોતાની રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવા નાયબ બાગાયત નિયામક દ્વારા અનુરોધ કરાયો છે.

## ખાનવેલમાં પ્રશાસકના ૧૦ વર્ષ પૂર્ણ થતા બાઈક રેલી યોજાઈ

**સેલવાસ, તા.૨૬ :** કેન્દ્રશાસિત પ્રદેશમાં વિકાસના ૧૦ ગૌરવપૂર્ણ વર્ષો પૂર્ણ થયાના અવસરે એક ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રશાસક પ્રફુલ પટેલના નેતૃત્વમાં કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં વિકાસના ૧૦ ગૌરવપૂર્ણ વર્ષો પૂર્ણ થયાની ઉજવણી માટે, દાદરા અને નગર હવેલીના જિલ્લા વહીવટીતંત્રો આજે ખાનવેલમાં એક ભવ્ય બાઈક રેલીનું આયોજન કર્યું હતું.



ખાનવેલ ચાર રસ્તાથી વાઘચોડા થઈને દૂધની રોડ સુધી રેલી યોજાઈ હતી. પ્રશાસક પ્રફુલ પટેલના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન થયેલા ભવ્ય વિકાસ કાર્યો અને સિદ્ધિઓ માટે કેક કાપીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ત્યારબાદ રેલીને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ, જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ, સિલવાસા મ્યુનિસિપલ કાઉન્સિલના પ્રમુખ અને ઉપપ્રમુખ, કાઉન્સિલરો અને અન્ય ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ હાજર રહ્યા હતાં. જિલ્લાના વિવિધ પંચાયત વિસ્તારોના બાઈકર્સ અને ઓફ-રોડ રાઈડર્સે ઉત્સાહ અને ઉત્સાહ સાથે રેલીમાં ભાગ લીધો હતો. ભાગ લેનારાઓએ ખૂબ જ ઉત્સાહ અને ઉત્સાહ સાથે રેલીમાં ભાગ લીધો હતો, જેમાં છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્રશાસિત પ્રદેશમાં થયેલા વિકાસ કાર્યો અને સિદ્ધિઓ માટે પોતાનો ટેકો અને ભાગીદારી વ્યક્ત કરવામાં આવી હતી.

## આજે સેલવાસમાં રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે 'ખેલો ઈન્ડિયા સંવાદ' યોજાશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા.૨૬ :** રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે મેરા યુવા ભારત (માય ભારત), સિલવાસા અને રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ 'ખેલો ઈન્ડિયા સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. દાદરા અને નગર હવેલીની બે શૈક્ષણિક સંસ્થાઓ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ અને સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ટોકરખાડા ખાતે આ કાર્યક્રમ યોજાશે.

કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના યુવાનો સાથે સંવાદ કરશે. દાદરા અને નગર હવેલીના યુવાનો પણ મોટી સંખ્યામાં જોડાઈ વડાપ્રધાનનું સંબોધન સાંભળશે તેમજ રમતગમત અને યુવા વિકાસ સાથે સંકળાયેલા વિવિધ વિષયો પર સંવાદમાં ભાગ લેશે.

'ખેલો ઈન્ડિયા સંવાદ'નો મુખ્ય હેતુ યુવાનોને રમતગમત સાથે જોડવા ઉપરાંત સ્થાનિક ખેલાડીઓ અને રમત ક્ષેત્રની પ્રતિભાઓના અનુભવો તથા સંઘર્ષોથી પરિચિત કરાવવાનો છે. કાર્યક્રમમાં રમત ક્ષેત્રમાં ઉપલબ્ધ તકો, દેશના વિકસતા રમતગમત ઈકોસિસ્ટમ, રમતગમતના માળખાકીય વિકાસ સહિતના વિવિધ મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવશે.

### PUBLIC NOTICE

NOTICE is hereby given that JAYRAJ HARSHAD PATEL, at Samarvarni, Silvassa, U.T. of D.N.H is lawful owner, occupier & possessor of the Industrial Factory Building admesuring 422.53 Square meters on the Ground Floor constructed in the N.A land of Survey no.210 admesuring 2300 Square meters of Village Samarvarni of U.T. of D.N.H. & D.D. of the following property and after going through the security of title deeds of the following property, it appears that following property, it appears that following document have been lost/misplaced. Hence through this notice any body has any kind of objection, claim, lien charge and encumbreance of whatsoever nature in respect of following property the same shall be intimated to the undersigned within 07 (Seven) days from the publication of this notice, if no claim is lodge, my client accept the version of the aforesaid original documents/Securities are lost or misplaced.

**MISPLACE DOCUMENTS**

Original Sale Deed along with Registration Receipt of Industrial Factory Building admesuring 422.53 Square meters on the Ground Floor constructed in the N.A land of Survey no.210 admesuring 2300 Square meters of Village Samarvarni of U.T. of D.N.H. & D.D. executed between SHRI JITENDRAKUMAR MOHANBHAI PATEL Through its Power of Attorney Holder SHRI SHILPRAJ JITENDRAKUMAR PATEL, registered in the office of Sub-registrar of DNH Silvassa at Serial no. 2585/015, Dt: 03/08/2015, AND finally Registered No. 2377, of Book No. 1, Dated 11/08/2015.

**Sd/-**
**(JAYRAJ HARSHAD PATEL)**

**Sd/-**
**(Pankajkumar N. Bhandari)**
**Advocate**

### PUBLIC NOTICE

Whereas Dilip Madhav Tambwekar, died intestate on 21/06/2025 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa - 396230

Whereas, deceased Dilip Madhav Tambwekar was the absolute owner of the following property situated within the jurisdiction of Silvassa Municipal Council area.

| SR. No | Property Type | Property ID | Easy City Code | Property Address |
|---|---|---|---|---|
| 1 | Flat | S05026292000 | MNR002-12 | Flat No.G-602, Kuber Building -G, Near Lions English School, Manorath Residency, Silvassa-396230 |

Whereas, my clients namely:
1. Manjusha Dilip Tambwekar, W/o Late Dilip Madhav Tambwekar,
2. Navani Dilip Tambwekar W/o Narayan Naik (Daughter) and
3. Avani Dilip Tambwekar W/o Tejas Chaudhari (Daughter)

Is the sole legal heirs of the afore mentioned deceased and they intend to apply in Silvassa Municipal Council for getting the properties transferred in his mane.

Therefore, on behalf of my clients, the undersigned hereby declares that any person having any objection, claim, right, title or interest in respect of the aforesaid property or the proposed transfer may submit such objection/claim in writing to the Silvassa Municipal Council and the undersigned within 15 (Fifteen) days from the date of publication of this notice.

If no objection or claim is received within the aforesaid prescribed period, my clients shall be at liberty to deal with the shares and interest of the deceased in the said property, namely Flat No.G-602, Kuber Building -G, Near Lions English School, Manorath Residency, Silvassa-396230, known as KUBER G1 TYPE, at "MANORATH RESIDENCY", constructed on the aforesaid land situated at Silvassa, and the Silvassa Municipal Council may insert the names of the above-mentioned legal heirs as the legal successors/heirs of the deceased Dilip Madhav Tambwekar in its relevant records.

Manjusha Dilip Tambwekar
W/o Late Dilip Madhav Tambwekar
Navani Dilip Tambwekar W/o Narayan Naik (Daughter)
Avani Dilip Tambwekar W/o Tejas Chaudhari

**Sd/-**
**HITESH K. BHANDARI**
**B.A., LL.M. (ADVOCATE & NOTARY)**
Office at: 239, 2nd Floor, Land Mark
Tokarkhada, Silvassa-396230.
Mobile: 9824598844 Email: hitesh10 bhandari@yahoo.co.in

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર : ૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૬૧/૨૦૨૬ તા.૨૩/૦૬/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદીઃ- મોહનભાઈ મોતીરામભાઈ ખાંડવી, રહે. વાઘવળ બારસી ફળિયા, તા.ધરમપુર જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત પીંડવળ, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **મોહનભાઈ મોતીરામભાઈ ખાંડવી** રહે. વાઘવળ બારસી ફળિયા, તા.ધરમપુર, જી.વલસાડના પુત્ર **હેમંતભાઈ મોહનભાઈ ખાંડવીનો** જન્મ તા.૧૭/૦૭/૨૦૧૨નાં રોજ વાઘવળ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**













દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

PUBLIC NOTICE

NOTICE is hereby given that JAYRAJ HARSHAD PATEL, at Samarvarni, Silvassa, U.T. of D.N.H is lawful owner, occupier & possessor of the Industrial Factory Building admesuring 422.53 Square meters on the Ground Floor constructed in the N.A land of Survey no.210 admesuring 2300 Square meters of Village Samarvarni of U.T. of D.N.H. & D.D. of the following property and after going through the security of title deeds of the following property, it appears that following property, it appears that following document have been lost/misplaced. Hence through this notice any body has any kind of objection, claim, lien charge and encumbreance of whatsoever nature in respect of following property the same shall be intimated to the undersigned within 07 (Seven) days from the publication of this notice, if no claim is lodge, my client accept the version of the aforesaid original documents/Securities are lost or misplaced.

MISPLACE DOCUMENTS

Original Sale Deed along with Registration Receipt of Industrial Factory Building admesuring 422.53 Square meters on the Ground Floor constructed in the N.A land of Survey no.210 admesuring 2300 Square meters of Village Samarvarni of U.T. of D.N.H. & D.D. executed between SHRI JITENDRAKUMAR MOHANBHAI PATEL Through its Power of Attorney Holder SHRI SHILPRAJ JITENDRAKUMAR PATEL, registered in the office of Sub-registrar of DNH Silvassa at Serial no. 2585/015, Dt: 03/08/2015, AND finally Registered No. 2377, of Book No. 1, Dated 11/08/2015.

Sd/-
(JAYRAJ HARSHAD PATEL)

Sd/-
(Pankajkumar N. Bhandari)
Advocate

### ફોર્મ નં. આઈએનસી-૨૬

કંપની (ઈનકોર્પોરેશન) નિયમો ૨૦૧૪ ના નિયમ ૩૦ અન્વયે)

**કેન્દ્ર સરકાર (રીજનલ ડાયરેક્ટર) પ્રાદેશિક નિયામક, ઉત્તર-પશ્ચિમ રીજનલ સંચાલકાલય, અમદાવાદ સમક્ષ**

કંપની કાયદા, ૨૦૧૩ની કલમ ૧૩ની પેટા-કલમ(૪) અને કંપની (ઈન્કોર્પોરેશન) નિયમો ૨૦૧૪ના નિયમ ૩૦ના પેટા-નિયમ (૫)ના મુદ્દા(એ)ની બાબતમાં

અને

**નાલંદા પેન મેન્યુફેક્ચરિંગ કંપની પ્રાઈવેટ લિમિટેડ**

**(CIN : U36941GJ1978PTC003176) જેની પોતાની રજીસ્ટર્ડ ઓફિસ નીચે મુજબ છે.**

**જીઆઈડીસી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ઉમરગામ, જિલ્લો બુલસર, ગુજરાત ભારત-૩૯૬૧૭૧ ખાતે**

**...અરજદાર કંપની/અરજદાર**

આથી જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે કંપનીએ કંપની કાયદા ૨૦૧૩ ની કલમ ૧૩ હેઠળ તેની રજીસ્ટર્ડ ઓફિસ **"ગુજરાત રાજ્ય"** ને **"મહારાષ્ટ્ર રાજ્ય"** માં કંપનીજનો ના રજીસ્ટ્રારની જિલ્લાની અંદર કરવા માટે કંપનીને સક્ષમ કરવા **૨૬ ઓગસ્ટ, ૨૦૨૬** ના રોજ યોજાયેલ વાર્ષિક સામાન્ય સભામાં પસાર કરેલ ખાસ ઠરાવના સંબંધમાં કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિયેશનની ફેરબદલી માટે મંજુરી મેળવવા માટે કેન્દ્ર સરકારને અરજી ની તૈયારી કરી રહી છે.

કોઈપણ વ્યક્તિ જેન કંપનીના રજીસ્ટર્ડ ઓફિસના ફેરફારથી અસર થવાની શક્યતા હોય તે વ્યક્તિએ તેની દલીલ સમર્થિત એક એફીડેવીટની સાથે, પોતાનો હિત અને વિરોધના આધાર સાથે તેઓ **રીજનલ ડિરેક્ટર, ઉત્તર-પશ્ચિમ રીજનલ, આરઓસી ભવન, રૂપલ પાર્ક સોસાયટી સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.** અથવા તો **MCA 21 PORTAL (www.mca.gov.in)** પર આ જાહેરાતના પ્રકાશનથી ચૌદ (14) દિવસની અંદર પોતાનો વિરોધ દાખલ કરવો અથવા રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલવો. એજ સાથે અરજીકર્તા કંપનીને પણ નીચે આપેલ સરનામે નકલ મોકલાવાની રહેશે.

**જીઆઈડીસી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ઉમરગામ, જિલ્લો બુલસર, ગુજરાત ભારત-૩૯૬૧૭૧**

અરજદાર વતી અને માટે

**નાલંદા પેન મેન્યુફેક્ચરિંગ કંપની પ્રાઈવેટ લિમિટેડ**

સહિ/-

**અશોક દ્વારકાદાસ સંઘવી (ડાયરેક્ટર)**

તારીખ : ૨૬-૦૮-૨૦૨૬ DIN : 01501566
સ્થળ : વલસાડ

### ફોર્મ નં. આઈએનસી-૨૬

કંપની (ઈનકોર્પોરેશન) નિયમો ૨૦૧૪ ના નિયમ ૩૦ અન્વયે)

**કેન્દ્ર સરકાર (રીજનલ ડાયરેક્ટર) પ્રાદેશિક નિયામક, ઉત્તર-પશ્ચિમ રીજનલ સંચાલકાલય, અમદાવાદ સમક્ષ**

કંપની કાયદા, ૨૦૧૩ની કલમ ૧૩ની પેટા-કલમ(૪) અને કંપની (ઈન્કોર્પોરેશન) નિયમો ૨૦૧૪ના નિયમ ૩૦ના પેટા-નિયમ (૫)ના મુદ્દા(એ)ની બાબતમાં

અને

**પ્રેસિઝન ટિપ્સ પ્રાઈવેટ લિમિટેડ**

**(CIN: U24299GJ1978PTC003110) જેની પોતાની રજીસ્ટર્ડ ઓફિસ નીચે મુજબ છે.**

**જીઆઈડીસી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ઉમરગામ, જિલ્લો બુલસર, ગુજરાત ભારત-૩૯૬૧૭૧ ખાતે**

**...અરજદાર કંપની/અરજદાર**

આથી જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે કંપનીએ કંપની કાયદા ૨૦૧૩ ની કલમ ૧૩ હેઠળ તેની રજીસ્ટર્ડ ઓફિસ **"ગુજરાત રાજ્ય"** ને **"મહારાષ્ટ્ર રાજ્ય"** માં કંપનીજનો ના રજીસ્ટ્રારની જિલ્લાની અંદર કરવા માટે કંપનીને સક્ષમ કરવા **૨૬ ઓગસ્ટ, ૨૦૨૬** ના રોજ યોજાયેલ વાર્ષિક સામાન્ય સભામાં પસાર કરેલ ખાસ ઠરાવના સંબંધમાં કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિયેશનની ફેરબદલી માટે મંજુરી મેળવવા માટે કેન્દ્ર સરકારને અરજી ની તૈયારી કરી રહી છે.

કોઈપણ વ્યક્તિ જેન કંપનીના રજીસ્ટર્ડ ઓફિસના ફેરફારથી અસર થવાની શક્યતા હોય તે વ્યક્તિએ તેની દલીલ સમર્થિત એક એફીડેવીટની સાથે, પોતાનો હિત અને વિરોધના આધાર સાથે તેઓ **રીજનલ ડિરેક્ટર, ઉત્તર-પશ્ચિમ રીજનલ, આરઓસી ભવન, રૂપલ પાર્ક સોસાયટી સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.** અથવા તો **MCA 21 PORTAL (www.mca.gov.in)** પર આ જાહેરાતના પ્રકાશનથી ચૌદ (14) દિવસની અંદર પોતાનો વિરોધ દાખલ કરવો અથવા રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલવો. એજ સાથે અરજીકર્તા કંપનીને પણ નીચે આપેલ સરનામે નકલ મોકલાવાની રહેશે.

**જીઆઈડીસી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ઉમરગામ, જિલ્લો બુલસર, ગુજરાત ભારત-૩૯૬૧૭૧**

અરજદાર વતી અને માટે

**પ્રેસિઝન ટિપ્સ પ્રાઈવેટ લિમિટેડ**

સહિ/-

**અશોક દ્વારકાદાસ સંઘવી (ડાયરેક્ટર)**

તારીખ : ૨૬-૦૮-૨૦૨૬ DIN : 01501566
સ્થળ : વલસાડ

### જાહેર નોટીશ

આથી લાગતા વળગતા તમામ તથા જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે શીડ્યુલમાં જણાવેલ મીલકત શિવાલીક હાઈટસ એ બીલ્ડીંગ ફલેટ નંબર એ/૭૦૩ સોસાયટી દ્વારા જીતેન્દ્ર મેઘશ્યામ શર્માને એલોટ કરવામાં આવેલ હતી અને સદરહુ સોસાયટી દ્વારા જીતેન્દ્ર મેઘશ્યામ શર્માની તરફેણમાં શેર સર્ટિફીકેટ નંબર ૮૦૬થી ૮૧૦ ઈસ્યુ કરવામાં આવેલ હતાં. સદરહુ મીલકતના હાલના માલીક જીતેન્દ્ર મેઘશ્યામ શર્મા એ હમારી સોસાયટીને ઉપરોક્ત અસલ શેર સર્ટિફીકેટ ખોવાઈ ગયેલા હોવાનું જણાવી ડુપ્લીકેટ શેર સર્ટિફીકેટ ઈસ્યુ કરવા માટે અરજી કરેલ છે. જેથી નીચે શીડ્યુલમાં જણાવેલ મીલકત અને તેના શેર સર્ટિફીકેટ સબંધે કોઈપણ ઈસમ કે કોઈપણ બેંક કે કોઈપણ નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હક્ક, હિત, અધિકાર, હિસ્સો કે અન્ય પ્રકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ હક્ક, દાવા હોય તો તેવા ઈસમોએ આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭માં તમારા યોગ્ય અને કાયદેસરના પુરાવાઓ સાથે સંપર્ક કરવો અને ઉપરોક્ત સમય મર્યાદા દરમ્યાન કોઈ વાંધાઓ આવશે નહી તો ત્યારબાદ હમારી સોસાયટી દ્વારા ડુપ્લીકેટ શેર સર્ટિફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જેની આ નોટીસ રૂએ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

**શીડ્યુલ**

વલસાડ ડિસ્ટ્રીક્ટની સબ-ડિસ્ટ્રીક્ટ વાપી તાલુકાના મોજે વાપી ચલા વિસ્તારમાં સર્વે નંબર ૪૪૩ વાળી મીલકતમાં બાંધવામાં આવેલ '' શિવાલીક હાઈટસ'' મા એ બીલ્ડીંગના સાતમા માળ ઉપર આવેલ ફલેટ નં. એ/૭૦૩ શેર સર્ટિફીકેટ નંબર ૮૦૬થી ૮૧૦ વાળી મીલકત.

**તા.૨૪/૮/૨૯**
**ઓફીસ નં.૩, મંછારામ એપાર્ટમેન્ટ,**
**એલઆઈસી ઓફીસની સામે, નેહરુ સ્ટ્રીટ,**
**વાપી - ૩૯૬૧૯૧**

**સહી/-**
**અમારા અસીલની સુચનાથી**
**(મીતલ જી. કપલેટીયા)**
**એડવોકેટ એન્ડ નોટરી**

### એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર

**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**

સંપર્ક નંબર : ૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૬૦/૨૦૨૬ તા.૨૩/૦૬/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદીઃ- રમેશભાઈ દેવજીભાઈ પાડવી, રહે.નાની કોસબાડી, કામત ફ.તા.ધરમપુર જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત જામલીયા, તા.ધરમપુર જી.વલસાડ**

**વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **રમેશભાઈ દેવજીભાઈ પાડવી** રહે. નાની કોસબાડી, કામત ફ. તા.ધરમપુર, જી.વલસાડના પુત્રી **ભાવનાબેન રમેશભાઈ પાડવીનો** જન્મ તા.૧૫/૦૫/૨૦૦૩નાં રોજ નાની કોસબાડી ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર
તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ
સંપર્ક નંબર : ૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in
નં.એમએજી./જન્મ/રજી નં.૬૧/૨૦૨૬ તા.૨૩/૦૬/૨૦૨૬
જાહેર નોટીસ
વાદીઃ- મોહનભાઈ મોતીરામભાઈ ખાંડવી, રહે. વાઘવળ બારસી ફળિયા, તા.ધરમપુર જી.વલસાડ
વિરૂધ્ધ
પ્રતિવાદીઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત પીંડવળ, તા.ધરમપુર જી.વલસાડ
વિષયઃ- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **મોહનભાઈ મોતીરામભાઈ ખાંડવી** રહે. વાઘવળ બારસી ફળિયા, તા.ધરમપુર, જી.વલસાડના પુત્ર **સુમનભાઈ મોહનભાઈ ખાંડવીનો** જન્મ તા.૦૭/૦૭/૨૦૧૬નાં રોજ વાઘવળ ખાતે થયેલ છે. અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**



# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

## વાપી ગ્રા.પં.થી મહાનગર સુધીની સફર અને ભવિષ્યનું આયોજન શું છે?



**વાપીમાં સૌથી વધુ વિકાસ ૨૦૦૧ થી ૨૦૧૧ વચ્ચે થયો છે. માત્ર ૧૦ વર્ષમાં ૧,૭૨,૫૬૩ની વસ્તી ૪૭ ટકા વધીને ૨,૫૩,૫૫૨ થઈ**

# વાપી મનપા વિઝન-૨૦૪૫

## શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ અને બહારથી આવતા સ્થળાંતરને કારણે વિકાસની જરુરીયાત વધી

**કુલ ૮,૧૭૦.૮૧ હેક્ટરમાંથી ૫૭.૨૬ ટકા જમીન હજુ બિન-વિકસિત છે. જેમાં ૩૫.૮૮ ટકા એટલે કે ૨,૯૩૧.૭૯ હેક્ટર કૃષિ ઉપયોગમાં છે**

**સ્પેશિયલ સ્ટોરી**
**મુકુંદ સોની, વાપી**

વાપી મહાનગરપાલિકા દ્વારા આયોજિત ડેવલપમેન્ટ પ્લાન અંગે થોડા દિવસો પહેલા રજુ શ્રોફ ઓડિટોરિયમમાં કરવામાં આવેલા પ્રેઝન્ટેશનમાં શહેરના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યને લઈને ત્રણ મહત્વના રિપોર્ટ રજૂ કરાયા હતા.વાપીનો સૂચિત ભાવિ વિકાસ કેવો હશે ,ભૂતકાળમાં શું સ્થિતિ હતી તે શહેરીજનોએ જાણવાની જરૂર છે.વાપી મહાનગરપાલિકાના સૂચિત વિકાસ નકશામાં શહેરના ૬૦ વર્ષના વિકાસથી લઈને ૨૦૪૫ સુધીના આયોજનનો ચિતાર આપવામાં આવ્યો હતો. જે મુજબ ૧૯૬૫માં ગ્રામ પંચાયતમાંથી નગર પંચાયત બનેલું વાપી માટે ૧૯૭૦માં GIDCની સ્થાપના ર્ટનિંગ પોઈન્ટ બની. ૧૯૭૩માં લોકલ મંજૂરીના અધિકારો, ૧૯૭૪માં ડેવલપમેન્ટ પ્લાનનો ઈરાદો જાહેર કરાયો હતો . ૧૯૭૫માં GIDCને નોટિફાઈડ એરિયા જાહેર કરાયું.

ઈ.સ. ૧૯૭૬માં GTP&UD Act અમલમાં આવ્યો અને ૧૯૭૮માં વાપીને એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી જાહેર કરાઈ.૧૯૮૦માં ડ્રાફ્ટ DP, ૧૯૮૪માં ફાઈનલ અને ૧૯૮૫માં મંજૂર થયો.

૧૯૯૦માં વાપી નગરપાલિકાની સ્થાપના થઈ, ૨૦૦૬માં ચલા અને ડુંગરા ભળ્યા. ૨૦૦૮માં વાપી ADA, ૨૦૧૩માં વાપી તાલુકો પારડીથી અલગ, ૨૦૧૯માં વાપી ADAનો ડ્રાફ્ટ DP મંજૂર અને ૨૦૨૪માં TP સ્કીમ તૈયાર થઈ. છેલ્લે ૨૦૨૫માં ૧૨ ગામો સાથે વાપી મહાનગરપાલિકા અને VPMC+ટુકવાડાને સમાવી વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીની રચના થઈ.

**વાપી વિસ્તારની ૧૯૬૧ થી ૨૦૧૧ સુધીની વસ્તીનો ઈતિહાસ ;૧૩ ગામ વાપી શહેરની વસ્તી**

વાપી નગરપાલિકા ૧૯૬૧માં ૧૫,૫૩૯ હતી જે ૨૦૧૧માં ૧,૬૩,૬૩૦ થઈ - સૌથી વધુ વસ્તી ધરાવતો વિસ્તાર, બલીઠા ૧,૩૩૩ થી વધીને ૧૨,૩૮૦, ચંડોર ૭૭૩ થી ૨,૩૮૯ , ચણોદ ૮૨૭ થી ૧૮,૭૭૬, છરવાડા ૬૪૬ થી ૮,૮૦૬, છીરી ૬૯૭ થી ૧૮,૮૨૯ - બીજા નંબરે સૌથી વધુ , કરવડ ૧,૬૮૪ થી ૫,૭૪૬ , કુંતા ૮૨૬ થી ૪,૦૧૯, મોરાઈ ૬૦૭ થી ૨,૧૯૨ , નામધા ૭૨૭ થી ૧,૯૩૮ , સલવાવ ૨,૦૩૭ થી ૫,૪૮૬ , તારકપારડી ૨૦૦ થી ૭૦૧ - સૌથી ઓછી વસ્તી, વટાર ૧,૬૪૩ થી ૩,૨૩૦ સાથે કુલ વાપી મહાનગર પાલિકા ની (૧૩ ગામ વાપી) ૧૯૬૧માં ૨૭,૫૩૯ હતી જે ૨૦૧૧માં ૨,૪૮,૧૨૨ થઈ છે. ટુકવાડા (૧૪મું ગામ) ૨,૫૮૨ થી ૫,૪૩૦ સાથે કુલ વાપી અર્બન ડેવલોપમેન્ટ (વાપી મનપા ટુકવાડા) ૧૯૬૧માં ૩૦,૧૨૧ થી વધીને ૨૦૧૧માં ૨,૫૩,૫૫૨ થઈ છે . આમ વાપીમાં સૌથી વધુ વિકાસ ૨૦૦૧ થી ૨૦૧૧ વચ્ચે થયો છે. માત્ર ૧૦ વર્ષમાં વસ્તી ૧,૭૨,૫૬૩ થી વધીને ૨,૫૩,૫૫૨ થઈ એટલે લગભગ ૪૭% નો વધારો. તેનું કારણ શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ અને બહારથી આવતા સ્થળાંતર છે. શહેરના સૂચિત વિકાસ યોજનાની તૈયારી કુલ વિસ્તારના ૩૫.૮૮ ટકા જમીન હજુ પણ કૃષિ ઉપયોગમાં સૂચિત વાપીના વિકાસ નક્શામાં એકઝિટિંગ જગ્યાના નકશામાં કુલ ૮,૧૭૦.૮૧ હેક્ટરમાંથી ૫૭.૨૬ ટકા જમીન હજુ બિન-વિકસિત છે. જેમાં ૩૫.૮૮ ટકા એટલે કે ૨,૯૩૧.૭૯ હેક્ટર કૃષિ ઉપયોગમાં છે, જે સૌથી વધુ છે. ૨૦.૭૨ ટકા એટલે કે ૧,૬૯૨.૫૦ હેક્ટર ખાલી જમીન છે. વિકસિત વિસ્તાર ૩૮.૪૪ ટકા એટલે કે ૨,૮૧૩.૪૧ હેક્ટર છે. જેમાં રહેણાંક ક્ષેત્ર ૪૧.૧૦ ટકા સાથે ૧,૧૫૬.૩૯ હેક્ટર, ઔદ્યોગિક વિસ્તાર ૨૪.૨૯ ટકા સાથે ૬૮૩.૩૩ હેક્ટર અને પરિવહન માટે ૧૪.૫૭ ટકા સાથે ૪૦૯.૭૮ હેક્ટર જમીન છે. કોમર્શિયલ ૨.૪૭ ટકા, મિક્સ લેન્ડ યુઝ ૧.૪૫ ટકા છે. આ ડેટાના આધારે નવી વિકાસ નકશો બનાવવામાં આવશે.

**ભવિષ્યનો પડકાર : વાપી શહેરને રોજ 6 MLD પાણીની જરૂર પડશે** - વાપી મહાનગરપાલિકાના એક રિપોર્ટ મુજબ વધતી ઔદ્યોગિક વસ્તીને કારણે વધારાની ૬ MLD પાણીની માંગ રહેશે, ૫ MLD ગટર ભાર ભાર પડશે, પ્રાતિદિન ૧૭-૨૦ ટન ઘન કચરો અને ૧૦,૦૦૦-૧૧,૦૦૦ બેડના વર્કર હાઉસિંગની જરૂર પડશે.

માળખાકીય સવલતો માટે ભલામણ કરાઈ છે કે હયાત GIDCમાં ઔદ્યોગિક ગીચતા અને આધુનિકીકરણ, કુંતામાં ઔદ્યોગિક વિસ્તરણ, ડુંગરા વિસ્તારને રહેણાંક વિસ્તાર તરીકે વિકસાવવામાં આવશે. અહીં જ્યાં બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન કે મોટા રસ્તા જેવી પરિવહન સુવિધા હોય, તેની આસપાસ રહેઠાણ, દુકાનો, સ્કૂલો બધું ચાલતા અંતરે મળી રહે તેવું આયોજન. એટલે કે ડુંગરામાં નવી સોસાયટીઓ, ફ્લેટો અને લોકોને રહેવા લાયક સુવિધાઓ વિકસાવાશે.

**કરવડ / મોરાઈ / વટાર માં શું થશે?**

આ ત્રણેય ગામો હાઈવે અને ઔદ્યોગિક વિસ્તારને અડીને આવેલા છે, એટલે અહીં લોજિસ્ટિક્સ એટલે કે મોટા ગોડાઉન, વેરહાઉસ, ટ્રાન્સપોર્ટના પાર્કિંગ, માલ-સામાન રાખવાની જગ્યા બનશે.અને મિક્સ્ડ-યુઝ ડેવલપમેન્ટ એટલે એક જ બિલ્ડિંગ કે એક જ વિસ્તારમાં નીચે દુકાન/ ઓફિસ અને ઉપર રહેઠાણ, અથવા એક બાજુ ઉદ્યોગ અને બીજી બાજુ ઘર - એવું ભેગું આયોજન કરશે જેથી કામદારોને કામની નજીક જ રહેવા મળે અને ટ્રાફિક ઓછો થાય.

**સૌના માટે મનોરંજનની જગ્યાઓનું આયોજન કરાશે**

આખા શહેર માટે મોટા સ્તરે મનોરંજન કેન્દ્રની જગ્યા. સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, મોટા મેદાનો, જોગિંગ/ સાયકલિંગ ટ્રેક, ઈવેન્ટ લોન, ઓપન એમ્ફી થિયેટર અને પાર્કિંગ ઉભા કરશે.

તો સ્થાનિક નજીકની સોસાયટીના લોકો માટે રોજિંદા રમતગમત માટે આયોજન કરાશે જેમાં રમતના મેદાનો, સ્પોર્ટ્સ કોર્ટ, વોકિંગ/ફિટનેસ ટ્રેક, બાળકો માટે રમત વિસ્તાર અને ખુલ્લી પ્રવૃત્તિની જગ્યાનું ભાવિ આયોજન છે તો કોમ્યુનિટી પાર્ક, બગીચો, છાંયડાવાળી બેઠક વ્યવસ્થા, વોકિંગ લૂપ, સિનિયર સિટીઝન એરિયા, બાળકોનો પ્લે એરિયા અને ઓપન જીમનું પણ સૂચિત વિકાસ નકશામાં આયોજન છે. આ ઉપરાંત નાના ગ્રીન પોકેટ / મીની પ્લાઝા કે જેનો મુખ્ય ઉદ્દેશ વાપીમાં દરેક નાગરિકને ઘરની નજીક જ બગીચો અને રમવાની જગ્યા મળી રહે તે છે.

## વાપીમાં યોજાયેલી શિવકથાની પૂર્ણાહૂતિ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપીનાં સીસીકા હોલ ખાતે તા.૨૦થી ૨૬ ઓગષ્ટ દરમ્યાન યોજાયેલી શિવકથાની આજે પૂર્ણાહૂતિ થઈ હતી. આ શિવકથાના યજમાન તરીકે દિનેશભાઈ દેસાઈ પરિવાર રહ્યા હતાં. કથાના વ્યક્તા તરીકે કિર્તિભાઈ રામશંકર શાસ્ત્રી દ્વારા શિવ કથાનું વ્યાખ્યાન કરાયું હતું. આ શિવકથા દરમ્યાન વાપીના જાણીતા એવા ગાંધીવાદી ગફુરભાઈ બીલખીયા તેમજ રેખાબેન દેસાઈ, પ્રદિપભાઈ દેસાઈ તેમજ અન્ય જાણીતા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. શિવકથાના છેલ્લા



દિવસે મહાપ્રસાદના દાતા તરીકે ભુપતભાઈ ઢોલા પરિવાર રહ્યો હતો. આ શિવકથા સતત સાત દિવસ સુધી રોજ બપોરે ૨ થી ૦૫ દરમ્યાન યોજાઈ હતી જેમાં સમગ્ર વાપી ટાઉન વિસ્તારનાં શિવભક્તોની મોટી હાજરી રહી હતી. શિવકથાની પૂર્ણાહૂતિ સાથે સાત દિવસથી ગુંજી રહેલા હર..હર.. મહાદેવના નાદ વચ્ચે વાપી ટાઉનમાં ભક્તિ અને આધ્યત્મિકતાનો સુંદર માહોલ જોવા મળ્યો હતો.

## વાપી શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ દ્વારા રક્ષાબંધન કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપીના સલવાવ સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ, વાપી દ્વારા રક્ષાબંધન કાર્યક્રમ તથા વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨૮-૮-૨૦૨૬ના રોજ યોજાનાર આ કાર્યક્રમનો પ્રારંભ સવાર ૮ કલાકે થશે. કાર્યક્રમ દરમિયાન સમાજનો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવશે તેમજ હિસાબો રજૂ કરી સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપવામાં આવશે. આ ઉપરાંત સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી સમસ્ત ગુજરાતી બ્રહ્મ સમાજ, વાપીના પ્રમુખ હાર્દિકભાઈ મહેતા, મંત્રી રજત રાવલ તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સમાજજનો માટે બપોરે મહા-સાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સમાજના સભ્યોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવામાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.

## નામધા સ્મશાન ભૂમિ રોડ ખાડાઓમાં ફેરવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપી મહાનગરપાલિકા અને અનાવિલ મંડળ દ્વારા સંચાલિત નામધા સ્મશાનભૂમિ જવાનો મુખ્ય રસ્તો ચોમાસાના પ્રથમ વરસાદમાં જ બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. સમગ્ર માર્ગ પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે. આ માર્ગ પર નામધા ચાંદોર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ઉપરાંત એક ખાનગી શાળા પણ આવેલી છે.

એટલું જ નહીં, અહીં વાપી મહાનગરપાલિકાનો કચરા નિકાલ માટેનો કમ્પોસ્ટ પ્લાન્ટ તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ આવેલો



હોવાથી રોજ સેંકડો વાહનો, શાળાના બાળકો અને સ્થાનિક લોકોની સતત અવરજવર રહે છે. ખખડધજ બનેલા આ માર્ગને કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે, શાળાએ જતા બાળકોને પણ જોખમ ઉઠાવવું પડે છે. સ્થાનિકોએ વાપી મહાનગરપાલિકા તંત્રને તાત્કાલિક ધોરણે પેચવર્ક કરી માર્ગનું સમારકામ કરવામાં આવે તેવી માંગ કરી છે.

**મૂર્તિકાર વિલાશ સિંદે ૪૧ વર્ષથી વાપીમાં ગણેશ પ્રતિમા બનાવે છે**

# વાપી પંથકમાં માટીના શ્રીજીની નાની મૂર્તિઓની વધુ માંગ

**આ વર્ષે નદીમાં આવેલા પૂરને કારણે મકાનમાં ૪ ફૂટ જેટલું પાણી ઘૂસી જતા લગભગ ૧૫૦ થી વધુ પ્રતિમાઓ ખંડિત અને પાણીમાં ધોવાઈ ગઈ હતી**

**(મનોજ ભંડારી દ્વારા)**

**વાપી, તા. ૨૬ :** સમગ્ર દેશમાં ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થનાર ગણેશ ચતુર્થી માટે લોકોએ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ગણેશ ચતુર્થીના તહેવારને ખૂબ જ મહત્વનો તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. વાપીમાં દર વર્ષે નાના-મોટા મંડળો અને વ્યક્તિગત ઘરોમાં ભગવાન ગણેશની મૂર્તિની સ્થાપના કરે છે. જ્યાં દોઢથી ૧૧ દિવસ સુધી ગણપતિ બાપ્પાની પૂજા કરવામાં આવે છે. વાપીમાં છેલ્લા કેટલાક સમયથી ભક્તો મોટી મૂર્તિઓ કરતાં નાની મૂર્તિઓની સ્થાપના પર વધુ ભાર આપી રહ્યા છે. તેની પાછળનું કારણ પર્યાવરણ જાગૃતિ અને વહીવટીતંત્રની સૂચનાઓ માનવામાં આવે છે. કેટલાક મંડળો દ્વારા અન્ય શહેરોમાંથી મોટી અને પ્લાસ્ટર ઓફ પેરિસની આકર્ષક મૂર્તિઓ મંગાવવામાં આવે છે.

જ્યારે વાપીમાં છેલ્લા ૪૦ વર્ષથી વધુ સમયથી શાહુ માટી ની ગણેશજીની પ્રતિમા તેમજ વિવિધ દેવી-દેવતાની પ્રતિમા બનાવનાર મૂર્તિકાર વિલાસ સિંદે આજે પણ માત્ર માટીની પ્રતિમા જ બનાવવાની કામ કરે છે તેમના જેવા મૂર્તિકારોની કળા મહેનત અને શ્રદ્ધાથી વાપી પંથકમાં ગણેશ મહોત્સવની ચહલ પહલ શ્રાવણ માસના શરૂ થઈ જાય છે



તેમની પાસે ૨૧૦૦ થી લઈને સૌથી મોટી ૩૧,૦૦૦ ની ગણેશજીની પ્રતિમા મળે છે સાથે તેઓ ગણપતિ ઉત્સવ બાદ સરસ્વતી પૂજા તેમજ દુર્ગા પૂજા અને અંબાજી તેમજ વિશ્વકર્માની પણ પ્રતિમા બનાવી વેચાણ કરે છે.

મૂર્તિકાર વિલાસ શિંદે તેઓ ૧૯૮૫માં દહાણુથી વાપી પહેલીવાર આવેલા ૬૮ વર્ષીય વિલાસ શંકર શિંદે ૪૧ વર્ષથીવાપી મા ગણેશની મૂર્તિ બનાવી રહ્યા છે. તેમણે કહ્યું કે પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ અને વહીવટીતંત્રના આદેશોને કારણે તેમની પાસે લોકો મોટી પ્રતિમાનો આગ્રહ નથી રાખતા. આ વર્ષે પણ પ્રશાસને ૯ ફૂટથી મોટી મૂર્તિઓ બનાવવા પર પ્રતિબંધ મૂક્યો છે. વિલાશ શિંદેએ કહ્યું કે પોલીસ મૂર્તિ કલાકારો અને વિક્રેતાઓને પણ ફોન કરીને જાણ કરે છે. તેમણે જણાવ્યું કે આ વર્ષે તેમની જગ્યાએ સૌથી મોટી મૂર્તિ પાંચ ફૂટની છે. અને ગત જુલાઈ ૨૦૨૬ માં વાપી પંથકમાં આવેલા ભારે વરસાદને લઈ બિલખાડીમાં આવેલા પુરના પાણી તેમના મકાનમા પાણી ભરાવાને કારણે તેમની માટીની બનાવેલી ૧૫૦ થી વધુ પ્રતિમાઓ ઓગળી ગઈ છે તેઓ જણાવે છે કે વાપીમાં સૌ પ્રથમ વર્ષ ૧૯૮૪ માં વાપીના છીરી રામનગર થી માત્ર ૨૬ મૂર્તિઓ બનાવી અને વેચી, હવે આંકડો દર વર્ષે સતત વધતો રહે છે અને આજે તે ૨૦૨૬મા ૭૦૦ ની આસપાસ પહોંચી ગયો છે.

છીરીથી રામનગર અને ત્યારબાદ સી ટાઈપ અને હાલમાં વાપી જીઆઈડીસીના પોલીસ કોટર સામેના પ્લોટ માં આ પ્રતિમાઓ બનાવવામાં આવે છે માટીની પ્રતિમા બનાવવા માટે મૂર્તિકાર વિલાસ શિંદે ભાવનગર કચ્છ અને મહારાષ્ટ્રના કોંકણ અને મહારથી સાહુ માટી મંગાવે છે આ માટી માંથી બનેલી ગણેશજીની મૂર્તિ પાણીમાં ઝડપથી ઓગળી જાય છે. તે પોતે પર્યાવરણ પ્રત્યે કેટલા સભાન છે તે એ હકીકત પરથી જોઈ શકાય છે કે તે પ્રતિમાની સજાવટમાં અન્ય વસ્તુઓની સાથે પથ્થર, કાચ, મોતી કે પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા નથી. તેઓ માને છે કે નિમજ્જન દરમિયાન આ વસ્તુઓ નાના જળચર પ્રાણીઓ માટે જીવલેણ સાબિત થાય છે.

મૂર્તિઓમાં માત્ર પોસ્ટર કલરનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે પર્યાવરણ માટે હાનિકારક નથી. તેમના આ કાર્યમાં તેમને મદદરૂપ થતા તેમની પત્ની શર્મિલા અને ચાર જેટલા કારીગરો ને સાથે રાખી આ મૂર્તિ બનાવવાના ઓર્ડર પૂરા કરે છે.

તેમના પિતા અને દાદા પણ મહારાષ્ટ્રના દાહણ ખાતે શિલ્પકાર હતા. અને તેમની પરંપરા મુજબ તેમનો પરિવાર આજે પણ ગણેશજીની પ્રતિમા બનાવી વેચાણ કરી રહ્યો છે. અને તેઓની પરંપરા ને આગળ વધાવી રહ્યા છે.

**સ્પંદન દ્વારા 'આલ્કેમી ઓફ ધ મોન્ક એન્ડ સાયન્ટિસ્ટ' નામે વિશેષ કાર્યક્રમ યોજાયો**

# વિજ્ઞાન બાહ્ય જગતનો જ્યારે અધ્યાત્મ અંતરાત્માનો સાક્ષાત્કાર કરાવે : પૂ. સ્વામી પરમાત્માનંદજી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬:** સ્પંદન, વાપી દ્વારા 'આલ્કેમી ઓફ ધ મોન્ક એન્ડ સાયન્ટિસ્ટ' નામનો એક સાંસ્કૃતિક કાર્યક્રમ શ્રી રજજુભાઈ શ્રોફ ઓડિટોરિયમ, નામધા ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં પૂજ્ય સ્વામી પરમાત્માનંદજી, ૧૩ માં જ્યોર્તિલિંગ ભાવ ભાવેશ્વર મહાદેવ મંદિર, બરૂમાળના સંસ્થાપક પૂજ્ય મહામંડલેશ્વર સ્વામી વિદ્યાનંદ સરસ્વતીજી, તેમજ વાપીમાં આવેલ ભક્તિ સેતુ હવેલીના સ્થાપક એવા શ્રી ગોવિંદ રાય છે મહારાજ શ્રી જેવા ત્રણ ભારતીય સંસ્કૃતિના દિગ્ગજ જ્ઞાતાઓએ તેમની લાક્ષણિક શૈલીમાં તેમના મંતવ્યો રજૂ કર્યા.પ. પૂ. સ્વામી પરમાત્માનંદજી(અખિલ હિન્દુ મહાસભાના કન્વીનર અને સેક્રેટરી જનરલ) એ તેમના વક્તવ્યનાં આરંભમાં જ આધ્યાત્મ અને ધર્મનો અર્થ સ્પષ્ટ કરતા જણાવ્યું કે ધર્મ એટલે કર્તવ્ય. પરંપરાગત પૂજા પાઠ/ વિધિવિધાન તે ધર્મ નથી. ધર્મ એટલે કર્તવ્ય/ફરજ. જેમ કે પુત્ર-ધર્મ,પિતા-ધર્મ, પડોશી-ધર્મ,રાષ્ટ્ર-ધર્મ વગેરે. જ્યારે આધ્યાત્મ એટલે સાધના દ્વારા પરમ તત્વને, સત્યને જાણવું. વિજ્ઞાને આપણા જીવનને સુખ સગવડ વાળું બનાવ્યું, જેમકે મોબાઈલ ફોન,એર કન્ડિશન, ગાડી,કોમ્પ્યુટર, એ. આઈ વગેરે દ્વારા આપણું જીવન સગવડભર્યું બનાવી શકીએ પણ આવી કોઈપણ સગવડ કે વસ્તુ વગર પણ આપણું જીવન આનંદમય બનાવવાનો માર્ગ બતાવે તે અધ્યાત્મ. વિજ્ઞાન બાહ્ય જગતનો પરિચય કરાવે છે ,જ્યારે અધ્યાત્મ માનવીના અંતરાત્માનો સાક્ષાત્કાર કરાવે છે.વાપીની ભક્તિ પ્રસેતુ હવેલીના વૈષ્ણવાચાર્ય પૂ. પા.ગોસ્વામી ૧૦૮ શ્રી ગોસ્વામીરાયજી મહારાજશ્રીએ આપણા શાસ્ત્રો વિશે વાત કરતા કહ્યું, કે લોકોમાં એવી ભ્રામક માન્યતા છે,કે મહાભારત પૂરું વાંચીએ તો ઘરમાં ઝગડા થાય.હું તો કહું છું કે કુટુંબના સર્વે સભ્યોએ સાથે બેસીને મહાભારતનો પાઠ કરવો જોઈએ.મહાભારત વાંચીશું,તો ગીતાનું જ્ઞાન પ્રાપ્ત થશે. આપણા મુખ્ય બે મહાકાવ્યો- રામાયણ અને મહાભારત એ ઈતિહાસ ગ્રંથો છે, જ્યારે સર્વ વેદ, પુરાણો, ઉપનિષદોના અભ્યાસ દ્વારા જીવનમાં સાચા મૂલ્યો પ્રસ્થાપિત કરી શકાય છે. ગોસ્વામીજીએ રામાયણ અને મહાભારતની કથા/દંતકથાના વિસ્તૃત ઉદાહરણ આપી, જ્ઞાન અને વિજ્ઞાનનાં સંબંધનો પરિચય કરાવ્યો. અંતે મહામંડલેશ્વર સ્વામી વિધાનંદ સરસ્વતીજીએ સર્વ શ્રોતાજનોને ઓમના ઉચ્ચારણથી એકાગ્ર કરાવી, ભારતીય શાસ્ત્રીય સંગીતના રાગમાં શ્લોકગાન કરાવડાવી વક્તવ્ય નો આરંભ કરતા તેઓએ જે ઉદ્દેશ સાથે ધરમપુર પાસે આવેલ બરૂમાળ મંદિર અને આશ્રમશાળાની સ્થાપના કરી,આદિવાસી સમાજમાં ભારતીય સંસ્કૃતિ આધારિત સેવા કાર્યો કર્યા, તે વિશે માહિતી આપવા સાથે બહુ જ સ્પષ્ટ રીતે વિકાસ અને વિનાશ વચ્ચેની પાતળી ભેદરેખા સ્પષ્ટ કરી .વિકાસ એવો સંતુલિત હોવો જોઈએ કે જે વિનાશ તરફ નહીં ,પણ sustainable development તરફ લઈ જાય.

અંતમાં પ્રશ્નોત્તરી કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં કોલેજના યુવક યુવતીઓના ના મનમાં ઉઠતા સાંપ્રત સમયના અને ધાર્મિક વિધિ વિધાનો વિશેના દરેક સવાલના જવાબ સ્વામી શ્રી પરમાત્માનંદજી અને પૂજ્યપાદ ગોસ્વામીજીએ ઉદાહરણ સાથે આપી, તમામ શ્રોતાઓને સંતુષ્ટ કર્યા હતાં. કાર્યક્રમનો શુભારંભ સ્વાગત- નૃત્ય અને પ્રાર્થના સાથે કરવામાં આવેલ. આ વિશિષ્ટ કાર્યક્રમના આયોજનના ઉદ્દેશ્ય અંગેની રજૂઆત કાર્યક્રમના મુખ્ય વિચારક નિકુંજભાઈ શુક્લ અને કાર્યક્રમ આયોજક,સ્પંદન ઉપપ્રમુખ જીગ્નેશ ભટ્ટે કરી. પ્રમુખ શ્રીમતી ચારુશીલા ભટ્ટના સ્વાગત પ્રવચન બાદ સ્પંદનના ટ્રસ્ટીઓએ ત્રણે સ્વામીજીઓનો પરિચય આપવા સાથે બહુમાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન શિક્ષિકા સુશ્રી જ્યોતિબેન પંડયાએ કર્યુ હતું. આ કાર્યક્રમમાં પદ્મશ્રી પૂજ્ય ગફુરભાઈ બિલખીયા તથા વાપી ડીવાયએસપી બી, એન. દવે તથા સ્પંદન સભ્યો ઉપરાંત શાળા કોલેજના વિદ્યાર્થીઓ તથા વાપીના પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત હતાં.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**